




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. દરેક ધર્મ કહે છે.... ૧
૨. ગીતો ઘણાં ગાયાં હવે ગીતા ગાઈએ ૨
3. આવો ઈશ્વર સાથે વાતચીત ( સંવાદ ) કરીએ 3
૪. દુનિયાનું મોટામાં મોટું દાન-જ્ઞાનદાન ૬
૫. સ્વર્ગ-નરક બન્ને આ પૃથ્વી ઉપર જ રહેલાં છે ૯
૬. વ્યક્તિ નિર્માણ વિભાગ
શરીર સાધન છે, સાધ્ય નહીં.... ૧૩
૭. નારી જાગરણ : આધુનિકતાની દોડમાં
નારી આદર્શોથી વિચલિત ન થાય ૧૫
૮. સ્વાસ્થ્ય સંવર્ધન : સસ્તું અને પૌષ્ટિક ભોજન ૧૮
૯. આસ્તિકતા સંવર્ધન : પ્રાર્થના વડે યુગ પરિવર્તન ૨૧
૧૦. કુરીતિ-ઉન્મૂલન : જાહેરાતો અને પ્રચાર
કે માતૃશક્તિ પર પ્રહાર ૨૪
૧૧. પ્રજ્ઞાપુરાણ સ્કંધ :
પ્રજ્ઞાપુરાણમાં શિશુ નિર્માણનું શિક્ષણ ૨૮
૧૨. સર્વનો માલિક એક ૩૧
૧૩. સર્વધર્મ સમન્વય કેવી રીતે સંભવ ૩૨
૧૪. શું કહે છે આ ધર્મો ? ૩૪
૧૫. વ્યાવહારિક ધર્મ જ યુગધર્મ ૩૭
૧૬. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ૩૯
૧૭. આત્મીય અનુરોધ ૪૪
૧૮. શ્રવણકુમાર બની પરીક્ષાના માર્ગે સફળ
થવા ભાવ ભર્યું આહ્વાન ૪૮
૧૯. યુગ નિર્માણ સમાચાર


## નવા ગ્રાહકો બનાવો ત્યારે આ પ્રમાણે સહકાર આપવા વિનંતી

*(૧) વાર્ષિક/આજીવન ગ્રાહકનું લવાજમ મોકલ્યા બાદ પ્રથમ અંક મળે તેમાં ગ્રાહક નંબર નામની આગળ લખેલો હોય છે તે ડાયરીમાં નોંધી લેવા વિનંતી. અંક ન મળે / સરનામું બદલવાનું હોય ત્યારે આ નંબર ખાસ લખવો જરૂરી છે. આજીવન નંબર હંમેશા માટે હોય છે તો નોંધ કરવાનું ભૂલાય નહીં.*

*(૨) વાર્ષિક ગ્રાહકોની પત્રિકા બને ત્યાં સુધી પેકેટમાં મંગાવી હાથો-હાથ વિતરણ કરવાથી અંકો ન મળ્યાની ફરિયાદ ઓછી રહે છે માટે પેકેટમાં જ વધુ પત્રિકા મંગાવી સહકાર આપશો.*

*(3) આપ એક જ નામ ઉપર પેકેટથી અંકો મંગાવો ત્યારે તે ગ્રાહકોની નામાવલી મોકલવી નહીં. ફક્ત તમારું જ નામ સરનામું પીનકોડ લખવો.*

*(૪) અમારા કાર્યાલયથી ડાયરેક્ટ પત્રિકા ગ્રાહકને મોકલવાની હોય તેમનું પૂરેપૂરું નામ-સરનામું પીનકોડ અવશ્ય લખશો. યાદી બે કોપીમાં સ્પષ્ટ અક્ષરે મોકલવી જેથી બીજા કાગળ ઉપર અમારો રીમાર્ક / ગ્રાહક નંબર મોકલી આપીશું .*

*(૫) લવાજમ મોકલતી વખતે ખાતા નંબર અવશ્ય લખશો. ખાતા નંબર લેબલ ઉપર દરમહિને લખવામાં આવે છે. આગામી વર્ષનો ખાતા નંબર હાલ છે તે જ રહેશે ફેરફાર નથી.*

*(૬) મનીઓર્ડરથી લવાજમ મોકલો ત્યારે સંદેશ કુપનમાં વિગત વ્યવસ્થિત સારા અક્ષરે વંચાય તેવી જરૂર લખશો. જેથી ફરિયાદ રહેવા ન પામે.*

*( ૭ ) અખંડ જ્યોતિ પત્રિકાનું લવાજમ તથા વાંગમય માટે રૂા. અખંડ જ્યોતિ સંસ્થાન, મથુરાનાં નામે મોકલવા તથા ત્યાંનો પત્ર વ્યવહાર સંપૂર્ણ હિન્દી ભાષામાં અથવા અંગ્રેજીમાં કરવો.*

**મહા પૂર્ણાહુતિ પૂર્વ સાધના વર્ષનું અનોખું વિશ્વવ્યાપી આયોજન**
**વસંત પંચમી ૨૨ જાન્યુઆરી ૧૯૯૯થી વસંત પંચમી ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૦ સુધી**

*સૌ પરિજનોને નજીકની ગાયત્રી પરિવાર શાખા, શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ અથવા સાધના કેન્દ્રની માહિતી પ્રાપ્ત કરી અખંડ જપમાં શ્રધ્ધા પૂર્વક લાભ લેવા વિનંતી. આવો સુઅવસર વારે-વારે આવતો નથી. આવો.....સાધના વર્ષમાં હળી-મળી ઉજ્જ્વળ ભવિષ્ય માટે ઊર્જા પ્રાપ્ત કરીએ.*

*યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનો આગામી અંક સાધના અંક રૂપે પ્રકાશિત થશે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૯ અંક - ૧૨

ડિસેમ્બર - ૧૯૯૮

## દરેક ધર્મ કહે છે કે...

વિવેક એ ધર્મનો પ્રાણ છે, જે મનુષ્યની ટૂંકી દૃષ્ટિને દૂર કરી તેને ગગનની માફક અનંત તથા ઉદાર કરવા ઇચ્છે છે, પરંતુ આ ત્યારે જ સંભવ છે, જ્યારે ધર્મના પ્રાણતત્ત્વનો આધાર લેવામાં આવે તથા સાંપ્રદાયિકતાની સંકીર્ણતામાંથી બહાર નીકળવામાં આવે. કોઈ એક સંપ્રદાયની છત નીચે જન્મ લેવો એ સારી વાત છે, પરંતુ તેની સીમાઓમાં જ બંધાયેલા રહેવું, ત્યાં જ મૃત્યુને વરવું તે ઘણું ખરાબ છે. આપણે કાં તો સંપ્રદાયને એટલો વિશાળ બનાવવો પડશે કે તેના વર્તુળમાં સમસ્ત સંસાર આવી જાય. જો આ સંભવ ન હોય. તો સ્વયંને સાંપ્રદાયિકતાની સંકુચિત સીમામાંથી બહાર કાઢવો પડશે. માનવજાતિનું કલ્યાણ ત્યારે જ શક્ય છે કે જ્યારે ધર્મના પ્રાણતત્ત્વનો આધાર લેવામાં આવે.

એટલા માટે કોઈપણ ધર્મની મહત્તા તથા સાર્થકતા એ વાતમાં જ સમાયેલી છે કે તે માનવીય મૂલ્યોની સ્થાપનામાં કેટલો વધારે સહયોગ કરી શકે છે, તે મનુષ્યજાતિને એકબીજાની કેટલી વધારે નજીક લાવી શકે છે તથા પરસ્પર આત્મીયતા-સ્નેહ કેટલો વિકસિત કરી શકે છે.

જ્યારે ધર્મને પૂર્વ પ્રચલિત ક્રિયાકૃત્યો, પૂજાઅર્ચના અથવા સાંપ્રદાયિક સીમાઓમાં બાંધી રાખવાનો પ્રયત્ન થાય છે ત્યારે જ સમસ્યા ઉત્પન્ન થાય છે. આવો પ્રયત્ન અવિવેકપૂર્ણ તથા ઉપહાસાસ્પદ છે. સંપૂર્ણ હવાને, પ્રકાશને એક નિશ્ચત ઓરડામાં કેન્દ્રીભૂત કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે કોઈપણ રીતે શક્ય નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગીતો ઘણાં ગાયાં હવે ગીતા ગાઈએ

આપણને ગીતો બહુ ગમે છે. આપણે મનપસંદ ગીતો ગાતા હોઈએ છીએ. કહેવાય છે કે ગીતો ગાવાથી મન હલકું થાય છે, ચિત્ત શાંત થાય છે અને ઉત્સાહ વધે છે. પરંતુ ગીતો તો ઘણાં ગાઈ લીધાં. એ ગીતોમાં સંગત કરનારા અને સૂરમાં સૂર મિલાવનારા પણ ઘણા મળી ગયા. તેમ છતાંય કશો ભલીવાર વળ્યો નહીં. ભારેખમ મન, ચંચળ ચિત્ત, મંદ ઉત્સાહ – એ બધાંને કારણે એની એ જ દુર્ગતિ. ના તો ઊંચા આવ્યા કે ના તો આગળ વધ્યા. મનને સ્થિરતા ના મળી. ઉત્સાહ કેળવાઈ જ ના શક્યો. કોઈકે કહ્યું, "ભગવાનને પોકારો. પોતાની તાકાત ઓછી પડતી હોય તો તેની મદદ લો. ભગવાન આપણો આર્તનાદ સાંભળીને મદદ કરશે." એટલે આપણે ભક્તિનાં ગીતો ગાવા લાગ્યાં. ગળું બેસી ગયું અને શ્રદ્ધા ડગી ગઈ ત્યાં સુધી ગીતો ગાયાં છતાંય પરિસ્થિતિ સુધરી નહીં, શું કામ ? શું ભગવાન તે નહીં સાંભળતા હોય ?

ના રે ના, એ સાંભળે પણ છે અને જુએ પણ છે. આપણે જ અભાગિયા (કમનસીબ) છીએ કે જોતા પણ નથી અને સાંભળતા પણ નથી. આપણે આપણાં ગીતો ગાવાના તાનમાં એટલા મગ્ન છીએ કે, તેની ગીતાના સૂર સાંભળી શકતા નથી. આપણે કાન ઉપરથી હાથ હટાવી લઈને એ ઘોંઘાટ વચ્ચે રેલાતી તેની સુરાવલી સાંભળવી જોઈએ. તે તો આપણને સંબોધન કરવા હંમેશાં તત્પર છે. આપણે જ 'શાધિ માં ત્વાં પ્રપન્નમ્' માટે તૈયાર નથી. તે તો અત્યારે પણ 'યોગક્ષેમં વહામ્યહં' કરી રહ્યો છે. આપણા અંતઃકરણમાં જ 'કરિષ્યે વચનં તવ'નો ભાવ ઉત્પન્ન થતો નથી.

હવે આપણો રાગ આલાપવાનું બંધ કરી તેમની વાણી સાંભળવી જોઈએ. આપણે ગાવું જ હોય તો ગીતાનું ગાન કરવું જોઈએ. પરંતુ ગીતા ભલા શી રીતે ગાઈ શકાય ? તે તો ભગવાન ગાઈ રહ્યા છે. આપણે તો તેને સાંભળવી જોઈએ. ગીતાનો સૂર એ જ જાણે પરંતુ તેના સૂરમાં સૂર તો આપણે પણ મિલાવી શકીએ. એ ગીતા પોતાના માટે થોડા ગાય છે ? એ તો આપણામાં પ્રાણ ફૂંકવા માટે ગાય છે. ગતિ આપવા માટે ગાય છે. તેના સૂરોને સાંભળીને અંતરને ઝણઝણવા દેવું જોઈએ પછી આપોઆપ જ એક સળવળાટ થશે. હોઠ ફફડવા લાગશે. પગ થનગનવા માંડશે. આ કોઈ સાધારણ ગીત નથી. આ તો આંદોલનનું ગીત છે. તેની સાથે તબલાની થાપ આપવાની ના હોય. તેની સાથે તો કદમનો તાલ મિલાવવો જોઈએ. તેની સંગત કરવા માટે આલાપની નહીં, કાર્યકલાપની જરૂર પડે છે.

તે એકલો ગીત ગાતો નથી. તો ઘણાબધાને પોતાની સાથે રાખીને ગાય છે. જે તેને સાથ આપતાં શીખી જાય, તે જ તેની સંગત કરી શકે છે. તેની રીત જ કાંઈક અનોખી છે. અર્જુને તેની સંગત કરી હતી. તંબૂરાના તાર ચડાવીને નહીં, ગાંડીવની પ્રત્યંચા ચઢાવીને. ગુરુ ગોવિંદસિંહે મંજીરાનો નહીં, પણ તલવારોના રણકાર કર્યો હતો. તેની સંગતમાં વિવેકાનંદે રાગ (સૂર) આલાપ્યો હતો અને વિનોબાજીના પગ થરક્યા હતા. તેની ગતિની રીત દરેક યુગમાં નિરાળી હોય છે. મનમાં 'કરિષ્યે વચનં તવ'નો સંકલ્પ થતાંવેંત જ તેની રીત આપોઆપ સમજાવા લાગે છે.

પરંતુ આપણને ગીતા સાંભળવાની ઇચ્છા જ ક્યાં છે ? આપણે જેનાથી જીવન ધબકી ઊઠે છે અને ધન્ય બની જાય છે, એવી ગીતા સાંભળવા ઇચ્છતા જ નથી પરંતુ આપણે જે આનંદ લેવા માટે ગીત ગાવાના નિષ્ફળ અખતરા કરી રહ્યા છીએ, તે આનંદ તો ગીતાનું ગાન કરવાથી જ મળશે. આવો, આપણે આ ક્ષણથી જ આપણાં ગીતોના સીમાડાની બહાર નીકળીને આગળ વધીએ. તેની ગીતાનું ગાન કરીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આવો ! ઈશ્વર સાથે વાતચીત(સંવાદ) કરીએ

શું આપણે ભગવાનને જોઈ શકીએ ? તેની સાથે વાત કરી શકીએ ? આ પ્રશ્નનો જવાબ હકારમાં પણ આપી શકાય અને નકારમાં પણ. આપણે જો ઈશ્વરને આકાશમાં રહેલા અને માણસ જેવા દેખાવના કે, સ્વભાવના માની લઈએ, તો એ સંજોગોમાં જવાબ 'ના' છે. આ-જે ધ્યાનની એકાગ્રતા કેળવવા માટે અથવા શ્રેષ્ઠ માણસનું સ્વરૂપ કલ્પી લઈને તેના જેવા બનવાનું લક્ષ્ય નક્કી કરવા માટે કરવામાં આવી હોય તેવી જણાતી નરી લાગણીશીલ કલ્પના જ છે. એનાં અનેક નામસ્વરૂપો જ નહીં, પરંતુ અલગ અલગ ગુણ-સ્વભાવવાળાં અસંખ્ય સ્વરૂપો પણ, એ કોઈ વાસ્તવિક નહીં પણ કાલ્પનિક સ્થાપના હોય તેવો નિર્દેશ કરે છે. ભગવાનનો જો કોઈ સાચો આકાર હોત તો તે સૂર્ય અને ચંદ્રની માફક આખી દુનિયામાં એક જ જાતનો દેખાતો હોત. તો પછી વિવિધ દેશ, જાતિ અને સંપ્રદાયો દ્વારા રજૂ થયેલા અલગ અલગ આકારો પણ જોવા ના મળત અને તો પછી ભગવાનનાં વિવિધ સ્વરૂપો વિષેની માન્યતાઓ અને કાર્યશૈલીઓમાં આભ-જમીનનો તફાવત પણ જોવા ના મળત.

આવા કાલ્પનિક ભગવાનને જોવાનું અને તેની સાથે સંવાદ કરવાનું જો કોઈ માટે શક્ય બને તો એને લાગણીનો અતિરેક જ કહી શકાય. આપણી શ્રદ્ધા અને કલ્પનાનો સમન્વય પણ ઓછો વિચિત્ર નથી. તેને કારણે અંધારામાં રહેલા ઝાડીઝાંખરાં પણ ભૂતાવળ બનીને જીવલેણ મુશ્કેલીઓ ઊભી થઈ જાય, એટલાં બધાં ડરાવી મૂકે છે. ભૂત-પલિતનાં જાતજાતનાં કાર્યો અને કૌતુકો માણસની પ્રગાઢ કલ્પનાઓ સિવાય બીજું શું છે ? બરાબર તે જ રીતે સંકલ્પશક્તિ અને આસ્થાસભર ભાવુકતાના આધારે ભગવાનને પણ કલ્પી શકાય છે. તેનાં દર્શન પણ થઈ શકે અને તેની સાથે વાતચીત પણ કરી શકાય છે. પરંતુ એનું પરિણામ કશું જ ના હોઈ શકે. કલ્પનાને કલ્પનાના આધારે સંતોષવાનું રાત્રિસ્વપ્ન કે દિવાસ્વપ્ન કોઈનો કશો હેતુ પાર પાડી ના શકે. પોતાના કાલ્પનિક દેવીદેવતાઓનાં વખતોવખત દર્શન પામતા હોય એવા ભાવુક માણસોનો તોટો નથી. તેમને કયારેક નિદ્રામાં-સ્વપ્નમાં તો કયારેક તંદ્રામાં ભગવાનનાં દર્શન થતાં હોય છે. જો એ દર્શન વાસ્તવિક હોત તો આટલી મહાન દૈવીકૃપા મેળવનારના વ્યવહાર-જીવનમાં અને પરિસ્થિતિઓમાં પરિવર્તન ચોક્કસ જણાતું હોત. જેની ઉપર ભગવાન દોડતા આવીને દર્શન આપવા જેટલા પ્રસન્ન થાય તેની ઉપર બીજાં વરદાનો-કૃપાદાનો અવશ્ય વરસાવે જ. અને તેને દેવ જેટલી ઉન્નત કક્ષાએ પહોંચાડી દે. પરંતુ એવું કશુંય થયા વગર જો માત્ર દર્શનો જ થતાં રહે તો પછી કોઈ પણ યથાર્થવાદી (વાસ્તવદર્શી), વિનોદ માટેની એક સારી મનોવૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિકા મળી ગઈ, માત્ર એટલું જ કહી શકે.

આવી કક્ષાનાં ભગવદ્દર્શન કરવાનું વિચારવું એ બાળકબુદ્ધિથી વિશેષ કશું નથી. વિવેકી માણસો આવી પળોજણમાં પડ્યા સિવાય અનંતમાં વ્યાપેલી દિવ્યચેતના એ જ ઈશ્વર છે, એવા તારણ ઉપર આવે છે. માણસ અને ભગવાનનું આવું મિલનસ્થળ, માણસનું અંતઃકરણ જ હોઈ શકે. માણસમાં રહેલી તમામ દિવ્યચેતનાનું કેન્દ્રસ્થાન તેનું અંતઃકરણ જ છે. એકસમાન જાતિઓનું જ મિલન થઈ શકે છે. આત્માની ચેતના ઈશ્વરની ચેતનાની સમાન કક્ષા અને સમાન પ્રકારની હોય છે. એટલા માટે એ બંનેનું મિલન થવું, સમન્વય થવો, શક્ય છે. હાડ-માંસનું બનેલું શરીર અને તેની સાથે સંલગ્ન ઇન્દ્રિયો, સ્વયં જડ પદાર્થોની બનેલી છે. એટલે તેનાથી માત્ર જડ પદાર્થનું જ દર્શન કરી શકાય કે અનુભવ કરી શકાય. જો ભગવાન જડ પદાર્થનો બનેલો હોત અને અન્ય સ્થૂળ પદાર્થ જેવો હોત તો જ તેને આંખથી જોઈ કે કાનથી સાંભળી શકાત. જે રીતે એક માણસ બીજાને જુએ છે અને તેની સાથે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાતચીત કરે છે તે રીતનું દર્શન થવાનું કે સંવાદ સ્થાપવાનું અશક્ય છે.

અર્જુનને ભગવાનનાં દર્શન કરવાનો આગ્રહ હતો ત્યારે કૃષ્ણ ભગવાને કહ્યું, "આ ચર્મચક્ષુઓથી એને નીરખવાનું શક્ય નથી." એને માટે તેને દિવ્ય દૃષ્ટિ આપવામાં આવી. દિવ્યદૃષ્ટિ કે દિવ્યચક્ષુ એટલે કે દિવ્યદર્શન, તત્ત્વચિંતન, વિવેક. અર્જુને તેના દ્વારા જ વિરાટ બ્રહ્મનાં દર્શન કર્યાં હતાં. એવું જ આપણા માટે પણ સંભવી શકે. જો ભગવાનને સાક્ષાત નીહાળવા હોય તો આ વિશ્વને તેના જ સ્વરૂપે જોઈ શકાય છે અને તેમાં રહેલા વિશ્વાત્માને પરમાત્માના રૂપમાં ભાવના-સંવેદનાના ક્ષેત્રમાં સહજ રીતે અનુભવી શકાય છે.

તેની સાથે વાતચીત કરવી હોય તો સારાં શાસ્ત્રોના સ્વાધ્યાયમાં, મહાપુરુષોના સત્સંગ અને સહવાસમાં અને તત્ત્વજ્ઞાનના મનન-ચિંતનમાં એ શક્ય બની શકે છે. આપણે ટેલિફોન ઉપર કરીએ છીએ તેવી રીતે ઈશ્વર સાથે વાર્તાલાપ કરવાની અને ટેલિવિઝનમાં જોઈએ છીએ તેવી રીતે ઈશ્વરને હાલતો-ચાલતો જોવાની વાહિયાત તરંગી કલ્પનાઓ ત્યાગીને જ આપણાથી વાસ્તવિકતાની વધુ નજીક પહોંચી શકાય. ભ્રમજાળ ગૂંથીને તો આપણે એવી ભ્રમણામાં વધુને વધુ ફસાતા જઈશું કે, તેમાં રેતીમાંથી તેલ કાઢવાના પ્રયત્નોની માફક નિરાશ જ થવું પડશે. ઈશ્વરની સુખદ કલ્પના ઘડી કાઢીને તેની સાથે રમત-ગમત અને આનંદ-પ્રમોદ કરતા રહેવું એ એક વાત છે અને એવું હકીકતમાં બનવું એ બીજી. કાલ્પનિક ઉહ્યનો કોઈનું ભાવનાત્મક સમાધાન કરી શકે એ બનવાજોગ છે. બાકી વાસ્તવિકતાના ક્ષેત્રે એનાથી કોઈ ખાસ ભલીવાર વળી ના શકે; એ પણ એટલું જ સાચું છે.

ઈશ્વરનાં દર્શન કરવાં એ ઉચિત છે અને જરૂરી પણ છે. પરંતુ જો એને લાયક સ્થાન અને આધાર પસંદ કરવામાં આવે તો જ એનો લાભ મેળવી શકાય. જ્યાં શ્રેષ્ઠ ભાવનાઓ અને વિચારોના રૂપમાં મનુષ્ય અને ઈશ્વરનું મિલન શક્ય બની શકે તેવું સ્થાન માનવીનું અંતઃકરણ જ છે. એવા મેળાપમાં સંવાદની પણ ભરપૂર સંભાવના રહેલી છે. આમ મુલાકાત અને વાર્તાલાપ – બંને જરૂરિયાતો એક જ સ્થાને અને એક જ સમયે સંતોષી શકાય છે. એને માટે આપણા અંતઃકરણ સિવાય બીજે ક્યાંય ભટકવાની જરૂર નથી. આપણી મૂઢ થઈ ગયેલી ચેતના ધીમેધીમે ઈશ્વર સુધી પહોંચે, તેમાં શ્રદ્ધા ધારણ કરે અને તેની સાથે તાદાત્મ્ય સાધવાની ટેવ પાડે એટલા માટે પ્રતીકપૂજાનો આધાર લેવામાં આવે છે. એનાથી આગળનું લક્ષ્ય સાધવા માટે તો આપણે જાતને બાહ્ય સ્થૂળ જગતમાંથી સમેટીને અંતરંગ સૂક્ષ્મ ક્ષેત્રમાં પ્રવેશવા માટે પગલાં ભરવાં જ પડે છે. ઈંટ સિમેન્ટના બનેલા મંદિરમાં રહેલી પથ્થરની મૂર્તિઓ શ્રદ્ધા જાગૃત કરવાના પ્રારંભિક તબક્કા પૂરતી જ ઉપયોગી હોય છે. એ ઈશ્વરપ્રાપ્તિનો, તેનાં દર્શનનો કે તેની સાથે વાર્તાલાપનો ઉદ્દેશ્ય પાર પાડી શકતી નથી. એને માટે તો જ્યાં ઈશ્વરીય પ્રકાશનાં સીધાં કિરણો પહોંચે છે અને જેને આપણે અંતઃકરણ તરીકે ઓળખીએ છીએ એ તીર્થમાં જ જવું પડે છે. જ્યાં અંતઃકરણરૂપે જીવંત દેવમૂર્તિ સ્થપાયેલી છે, એ આંતરિક જગત એ જ આપણું સાચું દેવાલય છે. આપણે એ મર્મસ્થાનનો સંપર્ક સાધીને જાળવીને જ આપણા આધ્યાત્મિક લક્ષ્ય સુધી પહોંચી શકીએ છીએ. આત્મસાક્ષાત્કાર અને ઈશ્વરનાં દર્શનનું એ મહાન ધ્યેય સિદ્ધ કરવા માટે આપણે એ ચોક્કસ સ્થાન – અંતકરણ સાથે ગાઢ સહવાસ કેળવવો જ રહ્યો.

આપણું ઉત્તમોત્તમ માર્ગદર્શન કરી શકે અને આપણી બધી સમસ્યાઓનાં સમાધાન આપી શકે તેવી શક્તિ આપણી અંદર જ રહેલી છે. ઇચ્છિત જરૂરિયાતો સંતોષવાનાં સાધનોની જોગવાઈ કરવા માટે પણ એ સક્ષમ છે. સત્તાના એ કેન્દ્રનું નામ અંતઃકરણ છે. મનુષ્ય અને ઈશ્વર વચ્ચે જ્યારે પણ, જેટલો પણ સંપર્ક થઈ શકશે તે આ કેન્દ્રસ્થાને જ થઈ શકશે. આત્મા અને પરમાત્માની પ્રણયક્રીડા માટેનું સુસજ્જ એકાંત ઉપવન આ અંતઃકરણ જ છે. હકીકતમાં ઈશ્વરની શક્તિ અને મહત્ત્વ ખૂબ જ વ્યાપક છે. તેને અચિંત્ય અને અવર્ણનીય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહી શકાય.

વિરાટ વિસ્તૃત બ્રહ્માંડમાં ગ્રહો અને નક્ષત્રો વચ્ચે એટલું બધું અંતર છે કે તેની ગણતરીના આંકડા જોઈને મતિ ચકરાઈ જાય છે અને તેમની ભ્રમણકક્ષાઓના વ્યાપક ક્ષેત્રની કલ્પના કરીએ તો એવી વિશાળતાનો વિચાર સુધ્ધાં કરવાનું બુદ્ધિ માટે અસંભવ લાગશે. માણસને જેની માહિતી પણ ના હોય તેવી કોણ જાણે બીજી કેટલી નિહારીકાઓ હશે ? તેમાં ભિન્ન ભિન્ન પ્રકારની કેવી અને કેટલી પરિસ્થિતિઓ અને શક્તિઓ સમાયેલી હશે ? તેમાં આવેલા જડ-ચેતન પદાર્થોની સ્થિતિમાં કેટલી ભિન્નતા અને વિશેષતા હશે ? એ બધાના નિયંત્રણ અને સંચાલનનું કાર્ય કરનાર શક્તિ આટલું જટિલ અને વિશાળ કાર્ય કઈ રીતે કરતી હશે ? એ પોતે કેટલી વ્યાપક હશે ? આ બધા પ્રશ્નો ઉપર જો વિચાર કરવા બેસીએ તો તત્ત્વજ્ઞાનીઓ અને વિદ્વાનોની માફક આપણે પણ તેને અચિંત્ય, અવર્ણનીય, અનાદિ, અનંત કે નેતિ-નેતિ કહીને આપણી વૈચારિક પંગુતા અને પામરતા સ્વીકારવી પડે છે. સમગ્ર ઈશ્વરશક્તિ મેળવવાનું તો દૂર રહ્યું, તેના વિસ્તાર અને વ્યાપકતાની કલ્પના સુધ્ધાં કરી શકવાનું આપણા ગજા બહારનું છે.

ઈશ્વરને 'અણોરણીયાન્મહતો મહીયાન્' કહેવાયા છે. આપણાં સાધનોને જોતાં એ મહતોમહીયાન્‌ને પ્રાપ્ત કરવાનું આપણા માટે અશક્ય છે. આપણે વધુમાં વધુ માત્ર તેની અણોરણીયાન શક્તિ સાથે જ સંપર્ક સાધી શકીએ અને અંતઃકરણ નામના એ મર્મસ્થાનમાં તેનું તાદાત્મ્ય સાધીને આપણી વ્યાપકતા પણ ઈશ્વર જેટલી જ અસીમ બનાવી શકીએ. બ્રહ્મજ્ઞાનીઓ સતત આવા પ્રયાસો કરતા રહે છે અને તેઓ તત્ત્વજ્ઞાનના આ માર્મિક રહસ્યને પ્રગટ કરતાં એટલું જ કહે છે કે, ઈશ્વર સાથે સંપર્ક સાધવાનું એકમાત્ર યોગ્ય સાધન અંતઃકરણ જ હોઈ શકે.

સામાન્ય રીતે આપણી અભિરુચિ બાહ્ય જગત સાથે જ સંકળાયેલી હોય છે. બાહ્ય જગતને લગતા વિચારોમાં ડૂબેલા અને લાલસા-કામનાઓનાં સાધનો એકઠાં કરવામાં ખોવાયેલા માણસ માટે અંતરંગ જગતમાં પ્રવેશીને ત્યાં રહેલા અમૃતકોષને, કલ્પવૃક્ષને, પારસમણિને જોવા-સમજવા જેટલા સમર્થ બનવાનું શક્ય જ નથી બનતું. આટલું પણ જો ના થઈ શકતું હોય, તો રત્નોની એ ખાણમાંથી બહુમૂલ્ય-અમૂલ્ય રત્નો ખોદી કાઢવાનું તો બની જ કેમ શકે ?

ઈશ્વરને પ્રાપ્ત કરવો એ માનવજીવનની મોટામાં મોટી સફળતા છે. એનાથી મોટી સમૃદ્ધિ કે પ્રાપ્તિ બીજી હોઈ જ ના શકે. વિશ્વના સમસ્ત વૈભવના સ્વામી સાથે સંપર્ક કેળવી લેવાથી તેની સમગ્ર શક્તિ સાથે પણ સંબંધ કેળવાય છે. જે આ કક્ષાએ પહોંચી જાય છે, તે જગતની દરેક વસ્તુ હસ્તગત કરી શકે છે. પછી તેને વિશેષ કાંઈ મેળવવા જેવું બાકી રહેતું નથી. આવી ઉચ્ચ સ્થિતિના ગૌરવને જોતાં તત્ત્વજ્ઞાનીઓ ઈશ્વરપ્રાપ્તિના મહાત્મ્યનું વર્ણન કરતા આવ્યા છે અને વિચારશીલ લોકોને તેને માટે પ્રયત્નો કરવાની પ્રેરણા આપતા આવ્યા છે. સ્વાધ્યાય, સત્સંગ, યોગ, તપ, ચિંતન, મનન વગેરેનાં તમામ સાધનો, ઉપચારો અને વિધિવિધાનો ઈશ્વરપ્રાપ્તિનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જ બનાવવામાં આવ્યા છે.

આ ઈશ્વર ક્યાં મળે ? કઈ રીતે મળે ? આ પ્રશ્નનો જવાબ બાળકબુદ્ધિ ધરાવતા પ્રારંભિક કક્ષાના વિદ્યાર્થીઓને પૂજામૂલક બાહ્ય ઉપચારોનો નિર્દેશ કરીને આપવામાં આવે છે. તેમને તીર્થયાત્રા, દેવદર્શન, નદીસ્નાન, વ્રત-ઉપવાસ, દાનપુણ્ય, કથાકીર્તન, પૂજા-પાઠ, કર્મકાંડ વગેરેનાં સાધનો, ઉપાયો સૂચવવામાં આવે છે. પરંતુ જેઓ વિવેકમાંથી ઉત્પન્ન થયેલી પરિપક્વતાની કક્ષાએ પહોંચી ગયા હોય, તેમને અલગ જવાબ આપવામાં આવે છે. તેમને અંતરંગ જગતમાં પ્રવેશીને અંતઃકરણ ઢંઢોળવાનું કહેવામાં આવે છે. હકીકતમાં ઈશ્વરીય શક્તિ સાથે સંપર્ક સાધવાનું અને એ સંપર્ક સાથે સંલગ્ન વરદાનો મેળવવાનું અંતઃકરણના જીવંત તીર્થસ્થાનમાં જ શક્ય બને છે. તેની આગળ બાહ્ય જગતનાં બધાં સાધનો અને પ્રાપ્તિઓ તુચ્છ, ફીક્કાં જણાય છે.

• • •


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દુનિયાનું મોટામાં મોટું દાન – જ્ઞાનદાન

'પરોપકારાયમિદં શરીરમ્'. - ભારતીય ધર્મ-સંસ્કૃતિમાં પરોપકારનો ખૂબ મહિમા ગવાયો છે.

કોઈનું ભલું કરવું કે કલ્યાણ કરવું તેનું નામ પરોપકાર. માનવસમાજ એકબીજાના સહયોગ, સહકાર કે મદદ વડે જ ટકી રહ્યો છે. જનમથી માંડીને ગુજરાન અને મૃત્યુ સુધીની સમગ્ર જીવનયાત્રામાં માણસોને એકબીજાના સહયોગ અને સહકારની જરૂર પડે છે. એના વગર જીવનચક્ર ચાલી જ ના શકે.

પરંતુ આ જાતના સમાજવ્યાપી સહકાર અને મદદને પરોપકાર ના કહી શકાય. એ તો જીવન જીવવાની એક સાર્વજનિક વ્યવસ્થા છે. આ જાતની સેવા અને મદદના પાયામાં વિનિમય રહેલો છે. એમાં માણસ એક રીતે મદદ આપે છે, તો બદલામાં બીજી રીતે મદદ મેળવે પણ છે. પરોપકારનો આધાર ત્યાગ અને ઉત્સર્ગ હોય છે. જો અન્ય પ્રત્યે કરેલી ભલાઈ કે મદદનો કોઈ બદલો કે કિંમત લેવામાં જ ન આવે તો તે સત્કાર્યોને પરોપકાર કહી શકાય. આ જાતના ઉપકારનું આધ્યાત્મિક મહત્ત્વ છે અને ભારતીય સંસ્કૃતિમાં આવા ઉપકારની જ પ્રશંસા કરવામાં આવી છે.

પરોપકારના ઘણા પ્રકારો અને સ્વરૂપો હોઈ શકે છે. તેમને પ્રથમ, દ્વિતીય અને તૃતીય કક્ષામાં વહેંચી શકાય. આવા વિભાજનને સમજવા માટે ત્રીજી કક્ષાથી શરૂઆત કરીએ.

જેના દ્વારા કોઈ માણસનું તાત્કાલિન (સામયિક) (જે તે વખત પૂરતું જ) હિત કે કલ્યાણ સધાતું હોય એવા પરોપકારને તૃતીય કક્ષાનો પરોપકાર કહી શકાય. કોઈ ભૂખ્યા માણસને ભોજન કરાવવું, કોઈ બીમાર કે ઘાયલ માણસને દવાખાને પહોંચાડવો, કોઈ યાચકને પૈસા આપવા, ઠંડીમાં ઠૂંઠવાતા કોઈ માણસને કપડાં આપવાં, કોઈક ભૂલા પડેલા માણસને તેના સાચે ઠેકાણે મૂકી આવવો. આ બધા તૃતીય શ્રેણીના પરોપકાર છે.

ત્રીજી કક્ષાના આવા ઉપકારોથી જે તે માણસનું જે તે વખત પૂરતું (સામયિક) કલ્યાણ જ થઈ શકે છે. તેનું કોઈ કાયમી હિત સધાતું નથી. ઉપરાંત આવા ઉપકારો કોઈના જીવનને સ્થિરતા આપી શકતા નથી. જે ઉપકાર કોઈકને જીવનવિકાસમાં જેટલો ઓછો મદદરૂપ થતો હોય તેને એટલો જ ઉતરતી કક્ષાનો ઉપકાર માનવામાં આવે છે.

જેનાથી અન્યનું લાંબા ગાળાનું કે દૂરોગામી કલ્યાણ થતું હોય તેને દ્વિતીય કક્ષાના પરોપકાર કહેવાય છે. જેમ કે, કોઈને નોકરી અપાવવી, તેના જીવનગુજરાત માટે પ્રયત્ન કરવો, તેના કામધંધામાં નિઃસ્વાર્થ મદદ કરવી, કોઈને જીવલેણ બીમારીમાંથી છૂટકારો અપાવવો. કોઈ બે માણસો કે કુટુંબો વચ્ચેના વેરઝેરનું સમાધાન કરાવવું, કોઈને નિરાશ કે હતોત્સાહના અંધકારમાંથી ઉગારી લેવો કે કોઈ સાથેની કાયમી દુશ્મનાવટનો અંત લાવવો – આ બધાં સત્કાર્યોને બીજી શ્રેણીના પરોપકાર માનવામાં આવ્યા છે.

આવા બીજી કક્ષાના ઉપકારોથી અન્યને દૂરગામી લાભો તો અવશ્ય થાય છે, પરંતુ તેમની જીવનસમસ્યાઓનું કાયમી નિરાકરણ થતું નથી. અમુક ચોક્કસ સમયગાળો પસાર થયા બાદ ઉપકાર મેળવનારના જીવનમાં ફરી પાછી એ જ સમસ્યાઓ ઊભી થઈ શકે છે અને કદાચ એને માટે ફરી પાછા બીજા કોઈ ઉપકાર કરનારની જરૂર પડી શકે છે. બીજી શ્રેણીના ઉપકારથી કોઈને લાંબાગાળાનો લાભ થઈ શકે છે, પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકતો નથી.

જે ઉપકારથી માણસનું કાયમી કલ્યાણ થતું હોય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને તે પોતાના જીવનના વિકાસની કે બીજી કોઈ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા મેળવી શકતો હોય તો એવા ઉપકારને પ્રથમ કક્ષાનો પરોપકાર કહી શકાય. માણસને બીજા કોઈ ઉપર આધારિત ના રહેવું પડે. કોઈની ઓથ ના લેવી પડે અને કોઈનો ટેકો લઈને ઊભા ના રહેવું પડે એટલો યોગ્ય બનવામાં મદદરૂપ થવું એ નિઃશંકપણે પ્રથમ કક્ષાનો પરોપકાર છે. જેનાથી કોઈની જીવન જીવવાની યોગ્યતાનો વિકાસ થતો હોય તેવા તમામ ઉપકારો આ કક્ષામાં આવે છે.

કોઈને શિક્ષણ આપવું કે તેને પગભર બનનવો એ ચોક્કસ પ્રથમ કક્ષાનો પરોપકાર છે. પરંતુ આ ધન સાધ્ય (જેમાં ધનની જરૂર પડતી હોય તેવો) પરોપકાર છે. આવા ઉપકારો કરવાનું પુણ્ય કમાવું એ બધા માટે શક્ય નથી હોતું. આવા ઉપકારો ધનવાન અને સાધનસંપન્ન લોકો જ કરી શકે છે. પરંતુ પરોપકારનું પુણ્ય તો બધાએ લેવા જેવું છે અને પ્રથમ કક્ષાના પરોપકારની ઇચ્છા બધાએ શું કામ ના રાખવી ? ઉત્તમમાં ઉત્તમ પરોપકાર દરેકે કરવો જ જોઈએ કારણ કે તેના સિવાય જીવનને શ્રેષ્ઠતા તરફ ગતિ મળતી નથી.

હવે સવાલ એ ઊભો થાય છે કે જે લોકો ધનવાન કે સાધન-સંપન્ન નથી, તેમણે જીવનભર પ્રથમ કક્ષાના પરોપકાર કરવાથી વંચિત જ રહી જવું ? ના, એવું નથી. સામાન્યમાં સામાન્ય માણસ પણ કરી શકે તેવા, ઉપરોક્ત પરોપકારો સિવાય પ્રથમ કક્ષાના અન્ય પરોપકારો પણ છે - જ્ઞાનદાન અને ગુણ કે ચરિત્ર્યનું ઘડતર.

અન્યને જ્ઞાનદાન આપવા માટે કોઈને ધન અથવા સાધનોની જરૂર પડતી નથી. જરૂર માત્ર ઉપકાર કરવાની ઇચ્છા રાખનાર માણસ પોતે પણ પ્રયત્નપૂર્વક જ્ઞાન મેળવતો રહે એટલી જ છે. ભારતીય ઋષિઓ પાસે વિપુલ સાધન-સગવડો કે ધનસંપત્તિ કદાપિ નહતાં. તેમ છતાંય તેમને સમાજના સર્વશ્રેષ્ઠ પરોપકારીઓ માનવામાં આવ્યા છે. સંસારમાં સૌથી વધુ આદર, સન્માન તેમને જ મળ્યા છે, તેઓ તેમની હયાતિ દરમ્યાન જ નહીં પરંતુ આજે હજારો વર્ષ વીત્યા પછી પણ લોકમાનસમાં તેમનું એ જ સન્માનભર્યું સ્થાન જળવાઈ રહ્યું છે.

ભારતીય ઋષિમુનિઓને સર્વશ્રેષ્ઠ ઉપકારી માનવા પાછળનું એકમાત્ર કારણ તેમણે અજ્ઞાનના અંધકારમાં અથડાતી-કૂટાતી માનવતાને જ્ઞાનનો પ્રકાશ આપ્યો હતો - એ જ છે. તેમનો આ સમાજ પ્રત્યેનો સૌથી મોટો ઉપકાર હતો. જ્ઞાનના ઉજાસથી પ્રકાશિત થયેલો માણસ સંસારનાં તમામ દુઃખોથી છૂટકારો મેળવી લે છે. તેને નથી તો ત્રિવિધ તાપ-આધિ, વ્યાધિ અને ઉપાધિ-દુઃખી કરી શકતા કે નથી તો કોઈ અભાવ નડી શકતો. તે જ્ઞાનના આધારે પોતાની સમસ્યાઓ અને તકલીફોનું નિરાકરણ આપમેળે જ શોધી કાઢે છે. એના માટે તેને કોઈનો આશરો લેવો નથી પડતો કે, નથી તો તેને કોઈના ઓશિયાળા બનવું પડતું. એટલા માટે જ્ઞાનદાનને પ્રથમ કક્ષાનો ઉપકાર માનવામાં આવે છે.

સંસારનું બીજું એકેય દાન જ્ઞાનદાન કરતાં વધારે ઉત્તમ નથી. જેને એ મળી જાય છે, તેનું જીવન કૃતાર્થ, ધન્ય બની જાય છે. કોઈને જ્ઞાનનું દાન આપીને જેટલો ઉપકાર કરી શકાય છે તેટલો ધન કે સાધનના દાન વડે કરી શકાતો નથી. માણસ કોઈની પાસેથી ધનની (આર્થિક) મદદ મેળવીને પોતાનો વિકાસ કરી શકે છે અને ગુજરાન વધુ સારી રીતે ચલાવી શકે છે, એ સમજી શકાય; તેમ છતાંય જ્ઞાનના અભાવે એકલું ધન તેને માનવજીવનમાં ધારીએ તેટલું સુખ આપી શકતું નથી. જેને મેળવીને આત્માને સંતોષ થાય છે, એ શાશ્વત, સનાતન સુખ તો માત્ર જ્ઞાન વડે જ મેળવી શકાય છે. માણસ જીવનમાં ગમે તેટલી પ્રગતિ ભલે કરે પરંતુ જ્યાં સુધી તેના આત્માને સુખ-શાંતિ નહીં મળે, ત્યાં સુધી તે હંમેશાં એક જાતના અભાવ અને અશાંતિને કારણે વ્યાકુળ કે ચિંતાતુર જ રહેવાનો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એટલું જ નહીં, પરંતુ અજ્ઞાનને કારણે તેનું ધન અને ભૌતિક પ્રગતિ છેવટે તેની અધોગતિનું કારણ જ બની રહેશે. જ્ઞાન વગરની સમૃદ્ધિ પરિસ્થિતિમાં ભોગ-વિલાસો અને કામવાસનાઓની દુનિયાભરની બધી ખરાબ અને વિનાશક વૃત્તિઓ માણસ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દે છે. માણસને તૃષ્ણાઓ અને કામનાઓની જાળમાં ફસાવી દે છે. એટલા માટે ધનની મદદ કરવા કરતાં જ્ઞાનની સહાય કરવી વધારે ઉત્તમ છે. ભારતીય ઋષિઓએ માનવસમાજને જ્ઞાનની સહાયતા જ કરી છે, જેને માટે તેઓ આજે પણ પૂજનીય છે અને યુગો સુધી માનવતા તેમનો ઉપકાર માનતી રહેશે.

પરંતુ એ આદરણીય ઋષિઓએ પહેલાં પ્રચંડ સાધના વડે આપમેળે જ્ઞાનનો ખજાનો એકત્ર કર્યો હતો અને ત્યાર પછી જ તેઓ દુનિયા ઉપર આવો મહાન ઉપકાર કરી શક્યા હતા. તેઓ માત્ર થોડાઘણાં પુસ્તકો વાંચીને એમને એમ જ જ્ઞાની નહોતા થઈ ગયા. તેમણે મોટાભાગનું જીવન અધ્યયન, મનન અને ચિંતનમાં ખર્ચ્યું હતું. તેમણે સંયમ અને સાધના દ્વારા પોતાના વિવેકને પુખ્ત બનાવ્યો હતો. પરિપક્વ બનાવ્યો હતો અને પોતાના જ્ઞાનના ખજાનાને અનુભવની એરણ ઉપર ટીપીને પ્રમાણિક બનાવ્યો હતો અને ત્યાર પછી આટલી સાધના કર્યા બાદ તેઓ સમાજને જ્ઞાનદાન કરી શકવા જેટલા યોગ્ય બન્યા હતા. તેમણે એ જ્ઞાનના આધારે માનવતા ઉપર સૌથી શ્રેષ્ઠ ઉપકાર કર્યો, જેને માટે તેઓ ત્યારે પણ પૂજનીય હતા, આજે પણ છે અને ભવિષ્યમાં પણ પૂજાતા રહેશે. જ્ઞાનદાન કરતાં વધારે ઉત્તમ પરોપકાર દુનિયામાં બીજો એકેય નથી.

જ્ઞાનદાનથી માણસને સર્વાંગી, કાયમી અને અખૂટ લાભ થાય છે. માનવતા ઋષિઓ દ્વારા અપાયેલા એ મૂળભૂત જ્ઞાનના આધારે જ ત્યારથી માંડીને આજ સુધી અવિરત વિકસિત થતી રહી છે. આપણા એ આદિપુરુષોએ જો આ ઉપકાર ના કર્યો હોત અને માત્ર ધનની સાધના જ શીખવાડી હોત, માત્ર શારીરિક ભોગ-સગવડનાં સાધનો જ શોધી આપ્યાં હોત, તો કદાચ મનુષ્ય આજે પણ પશુ જેવી હાલતમાં જ જીવતો હોત. તેને આત્માનું જ્ઞાન પણ ના થયું હોત અને ઈશ્વરની ઓળખ પણ ના થઈ હોત. શરીર જ તેનો આત્મા હોત અને શરીર જ તેનો પરમાત્મા હોત. એને સંતોષતા રહેવું એ જ તેની પૂજા હોત. તેને આજની માફક ક્રમશઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને એક પછી એક મેળવતા જવાના માર્ગની ખબર જ ના પડી હોત. જેને કારણે આપણે દુનિયાના સર્વશ્રેષ્ઠ પ્રાણી બની શક્યા છીએ, એ આજની સુંદર, સભ્યતા, આનંદમય સંસ્કૃતિ અને કલ્યાણકારી ધર્મ - આ સઘળું એ જ્ઞાનદાનના રૂપમાં આપણી ઉપર કરેલા ઉપકારની જ ફલશ્રુતિ છે. જ્ઞાનદાન સંસારનો સર્વશ્રેષ્ઠ ઉપકાર છે.

ગુણ અને ચારિત્ર્યના વિકાસ કે ઘડતરને પણ પ્રથમ કક્ષાનો ઉપકાર મનાયો છે. જ્ઞાનદાનમાં એનો પણ સમાવેશ થઈ જાય છે. માણસને અપાયેલું જે જ્ઞાન તેને ગુણવાન કે ચારિત્ર્યવાન નથી બનાવી શકતું, તે કાં તો જ્ઞાન નથી, કાં તો તેને આપનાર પોતે ચારિત્ર્યવાન નથી. નહીંતર ગુણ અને ચારિત્ર્ય તો જ્ઞાનની અનિવાર્ય મર્યાદાઓ(અનુપાલનો) છે. જ્ઞાન-પ્રાપ્તિની સાથે જ તેનું નિર્માણ થવું અવશ્યંભાવી છે.

સંસારનો સૌથી શ્રેષ્ઠ ઉપકાર કરવા માટે માણસે પોતે જ્ઞાની, ગુણવાન અને ચારિત્ર્યવાન બનવું જોઈએ તેમજ પોતાની આ વિશેષતાઓને કોઈ લોભ કે સ્વાર્થમાં તણાયા વગર સમાજમાં વહેંચતા રહેવી જોઈએ. પરંતુ તેનો અર્થ — જે લોકો આ સર્વશ્રેષ્ઠ ઉપકાર કરવાની કક્ષા નથી ધરાવતા તેમણે આવાં ઉપકારના કાર્યોથી મોં ફેરવી લેવું — એવો હરગીજ નથી. જે લોકો પ્રથમ કક્ષાનો ઉપકાર કરી શકે તેમ ના હોય તેમણે બીજી કે ત્રીજી કક્ષાના ઉપકાર કરતા જ રહેવા જોઈએ. સમાજજીવનને ટકાવી રાખવા માટે અને તેના વિકાસ માટે પરોપકારની પ્રવૃત્તિઓ ખૂબ જરૂરી છે. એ સતત થતી રહેવી જોઈએ. એનાથી લોકકલ્યાણ પણ થશે અને આત્મલ્યાણ પણ અવશ્ય થશે જ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વર્ગ-નરક બન્ને આ પૃથ્વી ઉપર જ રહેલાં છે

સ્વર્ગ અને નરક નામનાં ગામ, શહેર, દેશ અથવા સ્થાન ક્યાંય આવેલાં નથી. સૂર્યમંડળના બધા ગ્રહ-ઉપગ્રહોને હવે તો શોધી-ઓળખી કાઢવામાં આવ્યા છે. એટલા માટે આ અખિલ બ્રહ્માંડના તારામંડળો, મહાસૂર્યો અને આકાશગંગાઓની આજ સુધીની માહિતીમાંથી જેનો વિવિધ ધર્મ-સંપ્રદાયોમાં પોત-પોતાની રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેવા કોઈ લોકનું અસ્તિત્વ હોવાની કોઈ સંભાવના જણાતી નથી.

તો પછી સ્વર્ગ-નરક એ માત્ર કલ્પના જ છે ? કર્મનાં ફળ ભોગવવાનું કોઈ માધ્યમ છે જ નહીં ? જે કર્મોનાં ફળ આ જન્મમાં ના મળી શકે તેને માટે ઈશ્વરના દરબારમાં કોઈ વ્યવસ્થા જ નથી ? જો સદ્‌ગતિ અથવા દુર્ગતિનો કોઈ આધાર કે માધ્યમ જ ના હોય તો પછી શુભ અને અશુભ કાર્ય કરનારને તદાનુસાર પરિણામો કઈ રીતે મળી શકે ? આવા અનેક પ્રશ્નો ઊભા થાય છે અને જો સ્વર્ગ-નર્કનું અસ્તિત્વ જ નથી તો પછી ધર્મ-સંસ્થાપકોએ તેમનું આવું માળખું શા માટે રચી નાખ્યું હશે ? એવી મૂંઝવણ ઉત્પન્ન કરે છે.

સ્વર્ગ-નરક બંનેનું અસ્તિત્વ છે અને તેના દ્વારા સારાં-નરસાં કાર્યોનાં પરિણામો ભોગવવાની પૂરેપૂરી જોગવાઈ અમલમાં છે જ. એટલું આપણે જરૂર જાણવું-સમજવું જોઈએ. સવાલ માત્ર તેનું ચોક્કસ સ્થાન ક્યું છે ? એટલો જ છે. શંકા માત્ર તેના માટે કોઈ ચોક્કસ ગામ કે જગ્યા છે કે નહીં ? એટલી જ છે.

આ પૃથ્વીલોક એટલે આપણાં પ્રત્યક્ષ કાર્યો અને પરલોક એટલે આપણો ભાવનાત્મક દૃષ્ટિકોણ. આ બંને લોકમાં કર્મફળ મળવાની યોગ્ય વ્યવસ્થા થયેલી જ છે. તેની રચના સ્વયંસંચાલિત પ્રક્રિયાના આધારે થયેલી છે. તેમાં કોઈ બાહ્ય પરિબળના હસ્તક્ષેપની આવશ્યકતા જ નથી. એ જ વ્યવહારિક પણ છે અને તર્કસંગત પણ છે. એક સાધારણ મુકદ્દમા (કેસનો) ન્યાય કરવા માટે કેટલા બધા સાક્ષીઓ, વકીલો, જ પોલીસ, કર્મચારીઓ, કાગળિયાંઓ, પુરાવાઓ વગેરેની જરૂર પડે છે અને જેલ (સજાની) વ્યવસ્થા માટે કેટકેટલાં સાધનો અને વ્યવસ્થાતંત્ર ઊભાં કરવાં પડે છે. માનવજીવનમાં તો હરઘડી, હરપળ સારાં અને ખરાબ કર્મો થતાં જ રહે છે. એક જ દિવસમાં તેની સજા અને ઇનામની સેંકડો ફાઈલો તૈયાર થઈ શકે. આખા જીવનમાં તો તેની સંખ્યા ગણી પણ ન શકાય એટલી વધી જાય. ઉપરાંત આ ધરતી ઉપર ૬૦૦ કરોડ કરતાં પણ વધારે માણસો જીવે છે. એ બધાનો હિસાબકિતાબ રાખવો અને સજા કે ઇનામની રૂપરેખા ગોઠવવી, એ એટલું વિશાળ કાર્ય થઈ જાય કે, તેના માટે મનુષ્યલોક કરતાં પણ વધારે કર્મચારીઓની જરૂર પડે. એટલા માટે અન્ય કોઈ શક્તિના માધ્યમથી સજા કે પુરસ્કારની વ્યવસ્થા હોવી એ એક રીતે મુશ્કેલ છે, એટલું જ નહીં, અસંભવ પણ છે.

માણસને જો મરજી મુજબ સારાં કે ખરાબ કર્મો કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે તો તેનાં પરિણામો પ્રસ્તુત કરવાની સ્વયંસંચાલિત પ્રક્રિયાને પણ તેની સાથે જ સાંકળી લેવામાં આવી છે. આખી સૃષ્ટિમાં આમ જ થઈ રહ્યું છે. બીજ જમીનમાં વવાય છે. તેને ખાતરપાણી મળતાંની સાથે જ તે અંકુરિત થાય છે અને છોડમાંથી વૃક્ષ બને છે. ઈશ્વર સર્વત્ર રહેલો છે એટલે આ કાર્ય ઈશ્વર કરે છે એમ કહેવામાં જરાય વાંધો નથી. પરંતુ ઈશ્વર પણ આવી બધી પળોજણ ક્યાં સુધી માથે બાંધીને ફરે ? એટલા માટે તેણે એ માટેની સ્વયંસંચાલિત પ્રક્રિયાનું નિર્માણ કરીને પોતાનાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્મફળ સંબંધી પ્રયોજનને પાર પાડવાની સરળ વ્યવસ્થા કરી રાખી છે.

ઘંટીમાં ઉપરથી અનાજ નાખીએ અને નીચેથી લોટ નીકળતો જાય છે. ઘાણીમાં ઉપરથી તલ કે સરસવ નાખીએ તો તેમાંથી તેલ ટપકવા લાગે છે. મોટરકારમાં મીટર લાગેલું હોય છે, જેની ઉપરથી કેટલા માઈલની મુસાફરી થઈ તેનો ખ્યાલ આવે છે. આ ઓટૉમેટિક (સ્વયંસંચાલિત) યંત્રોનો જમાનો છે. મોટા છાપખાનામાં કલાકના હજારો કાગળ છપાતા હોય છે. એકવાર મશીન ચાલુ કરી દીધા પછી બધું કામ મશીન પોતાની મેળે જ કરતું રહે છે. એક બાજુથી કાચી સામગ્રી મૂકવામાં કે નાખવામાં આવે છે અને બીજી બાજુ જોઈતી વસ્તુ તૈયાર મળતી જાય છે.

કર્મફળની પ્રક્રિયા પણ લગભગ તેને મળતી આવે છે. ખરાબ કાર્યોનાં દુઃખદ પરિણામો કે જેને નરક કહેવાય છે તે ચોક્કસ મળે છે અને સારાં કાર્યોનાં સુખદ પરિણામો કે જેને સ્વર્ગ કહેવાય છે, તે પણ ચોક્કસ મળે જ છે. આ બધું આપોઆપ સ્વયંસંચાલિત ઢબે ચાલતું રહે છે. શરીર પોતાના કર્મફળની વ્યવસ્થા પોતાની મેળે જ કરી લે છે. બેઠાડુ જીવન હશે તો ફાંદ વધી જશે અને હાલવા-ચાલવાનું પણ મુશ્કેલ થઈ જશે. અપચો, લોહીનું ઊંચું દબાણ વગેરે કેટલીયે કષ્ટદાયક બીમારીઓ ઘેરી વળશે. મહેનત કરવી એ ધર્મ છે અને હરામખોરી, બેઠાબેઠા ખાવું, કે મહેનત ના કરવી એ અધર્મ છે. બેઠા રહેવાનું શારીરિક પાપ કરીએ તો જાડીયાપણાની સાથે સંલગ્ન દુઃખોના રૂપમાં એનું પરિણામ ભોગવવું જ પડે છે. વધારે ખાવ તો પેટનો દુઃખાવો, ઉજાગરો કરો તો માથાનો દુઃખાવો, નશો કરો તો બેહોશી, ઝેર ખાવ તો મૃત્યુ, નાહવા-ધોવામાં આળસ કરો તો દુર્ગંધ અને ખંજવાળ, નિયમિત વ્યાયામ કરો તો સુડોળ શરીર, પથ્ય-પરેજી પાળો તો નિરોગીતા અને સારું આરોગ્ય — આ પ્રકારના દંડ અને પુરસ્કારની વ્યવસ્થા શરીર કોઈ બહારની દખલ સિવાય આપમેળે જ કરી લે છે. કર્મ કરવાની ઇચ્છા આપણી, કર્મફળ આપવાની એ સ્વયંસંચાલિત ઈશ્વરીય શક્તિની ઇચ્છા— બંનેનો પરસ્પરાવલંબી સંબંધ છે. આપણે કર્મ કરીએ અને તેનું ફળ ભોગવવામાંથી બચી જઈએ, એ કદી ના બની શકે.

આળસુ ગરીબ હોય છે. પ્રમાદી માણસ માટે પ્રગતિના દરવાજા બંધ થઈ જાય છે. ક્રોધી દુશ્મનોથી ઘેરાયેલો હોય છે. લુચ્ચાને મિત્રો નથી હોતા. અપ્રમાણિક માણસના સહયોગીઓ તેનાથી દૂર જતા રહે છે. ઉચ્છૃંખલ માણસને બધા ધુત્કારે છે. ઉડાઉ માણસ દેવાદાર બને છે. આવી દંડવ્યવસ્થાનો અનુભવ સૌ કોઈને ડગલે ને પગલે થતો હોય છે. માણસ શ્રેષ્ઠ ગુણો, શ્રેષ્ઠ સ્વભાવ અને શ્રેષ્ઠ કાર્યનો આધાર લઈને સન્માનિત, કીર્તિવાન, સહકારપ્રાપ્ત, સમૃદ્ધ અને સફળ બને છે તેમજ પ્રગતિનાં ઉચ્ચ શિખરો સર કરે છે. પોતે સુખી થાય છે અને બીજાને સુખી બનાવે છે. કર્મફળની આવી સ્વર્ગ-નર્ક પ્રક્રિયા હંમેશાં જોવા મળે છે. પાપી, દુષ્ટ અને ખરાબ માણસો રાજદંડ ભોગવે છે. તિરસ્કૃત થાય છે અને લોકોના સ્નેહ તેમજ સહકાર ના મળવાને કારણે સ્મશાનના ભૂત-પ્રેતની માફક એકલા ભટકતા રહે છે. આવું ઘૃણાસ્પદ અને ઉપેક્ષિત જીવનને નરક નહીં તો બીજું શું કહેવાય ? સેવાભાવી, સદ્‌ગુણી અને સંત-સજ્જનોને પૃથ્વી ઉપરના દેવતા માનવામાં આવે છે અને તેમના મૃત્યુ બાદ પણ તેઓ પૂજનીય, વંદનીય અને શ્રદ્ધેય જ બની રહે છે. તેમની કીર્તિકથાઓ બીજાને પણ પ્રેરણાનો પ્રકાશ આપતી રહે છે. એને સ્વર્ગ નહીં તો બીજું શું કહેવાય ? કોઈને શ્રદ્ધેય, સન્માનનીય અને પ્રમાણિક સજ્જન માનવામાં આવે એના કરતાં વધારે સૌભાગ્ય અને સંતોષની વાત બીજી કઈ હોઈ શકે ? આ રીતે આપણને કર્મફળ મેળવતા રહેવાની સ્વર્ગ-નરક જેવી પ્રક્રિયા સતત ચરિતાર્થ થતી જોવા મળે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કેટલાક લોકો બીજાને છેતરીને પોતાની હકીકત છુપાવવામાં પાવરધા હોય છે અને એમ કરીને પાપકર્મો કરવા છતાંય અન્ય દ્વારા મળવાપાત્ર સજામાંથી છટકી જવાના પેંતરા ઘડતા હોય છે. આજકાલ આવી ચાલાકીનું ચલણ વધારે જોવા મળે છે. તેનાથી થોડોઘણો ફાયદો તો છે, પરંતુ નુકસાન તેના કરતાં વધારે છે. ફાયદો એટલો કે સરકારની ઝપટમાં ના આવવાને કારણે રાજદંડથી બચી શકાય છે. પાપ જાહેર ના થાય ત્યાં સુધી લોકોની નિંદા, તિરસ્કાર કે બહિષ્કારથી બચી શકાય છે, પરંતુ આ બધું છુપાવવા માટે જે આંટીઘૂંટી રચવી પડે છે. તેને કારણે મનમાં એક વિચિત્ર જાતની અકળામણ થયા કરે છે અને મનની પ્રાકૃતિક સંરચના એવી છે કે, એ આવી અકળામણ જીરવી શકતું નથી.

હવાથી ભરેલા ફુગ્ગાને પાણીમાં જેટલા જોરથી ડૂબાડીએ, એટલા જ જોરથી તે લાગ આવે ત્યારે ઉછળીને સપાટી ઉપર આવી જાય છે. તે રીતે છુપાવી રાખેલાં પાપ શારીરિક વ્યાધિ અને માનસિક આધિ બનીને વેળા-કવેળાએ એવી ભયંકર રીતે ફૂટી નીકળે છે કે, પછી કોઈ સારવાર, ઉપચાર કે ઉપાય કામ આવતા નથી.

આવાં પાપો શરીર અને મનને દુઃખી કરવાથી જ અટકતા નથી, પરંતુ અવકાશમાં (વાતાવરણમાં) અનેક અદૃશ્ય આફતો ઊભી કરતાં રહે છે. ઘણા લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે બંધ ઓરડામાં કોલસાની સગડી રાખીને તાપતા હોય છે, તે વખતે ઠંડીથી રાહત થતી હોય એવું તો લાગે છે, પણ ઓરડાની હવામાં તેમનું ત્યાં સૂતાં સૂતાં જ મરણ થઈ જાય એટલી ઝેરી હવા ભરાઈ જાય છે. શરીરમાં ઘા ના દેખાય, તાવ ના હોય, મગજની નસ ફાટી ના ગઈ હોય, બધું જ અકબંધ હોય છતાંય જામકારોને એ ખ્યાલ આવી જાય છે કે, સગડીને કારણે હવામાં ઝેર પ્રસરી ગયું અને એ દૂષિત વાયુના કારણે જ મોત થયું હશે. બરાબર આ જ રીતે જેને આપણા તત્કાલીન કામકાજ સાથે બિલકુલ સંબંધ ના હોય તેવાં અને અજ્ઞાત કારણો અનાયાસે જ મુશ્કેલી બનીને સામે આવીને ઊભાં રહે છે. તે જ રીતે કેટલીક વાર જેને માટે જરૂરી પરિશ્રમ કે પ્રયત્ન ના કર્યો હોય તેવી સફળતાઓ પણ અનાયાસે મળતી હોય છે. આવાં અસંગત વરદાનો કે અવરોધો, ઈશ્વરેચ્છા કે નસીબના ખેલ તરીકે પ્રગટ થાય છે એનું પ્રત્યક્ષ કારણ કશું દેખાતું નથી, પરંતુ પરોક્ષ કારણ પેલી સ્વયંસંચાલિત પ્રક્રિયા જ હોય છે, જે કર્મોના ફળ અનુસાર વાતાવરણ ઊભું કરે છે અને તેને કારણે પેલી સારી-માઠી અણધારી ઘટનાઓ આકાર લે છે.

આ પ્રક્રિયામાં સમય લાગે તે શક્ય છે. આજનું ફળ આજે જ ના મળવાને કારણે માણસને ભ્રમ થાય અને ખરાબ કાર્યની સજાથી બચી ગયા અથવા સારું કાર્ય એળે ગયું – એમ વિચારે તે બનવાજોગ છે. પણ હકીકતમાં એવું ક્યારેય બનતું નથી. તાત્કાલિક અથવા લાંબે ગાળે એનું રહસ્ય ના જાણી શકવાને કારણે ભૌતિકવાદી કે ઉતાવળા માણસો શ્રદ્ધા ગુમાવી બેસે છે. પરંતુ જો ધીરજ રાખવામાં આવે તો પ્રતીતિ થઈ જાય છે કે, પ્રત્યેક કર્મનું સારું કે નરસું પરિણામ આ જ જન્મમાં અથવા આગામી જન્મમાં મળવાનું ચોક્કસ જ છે. આ વ્યવસ્થાક્રમ ઉપર તો આ વિશ્વ ટકી રહ્યું છે. જો તે ખોરવાઈ જાય કે, તેમાં કાંઈ ગરબડ ઊભી થાય તો ક્યાંય કશુંય સંભાળવું કે જાળવવું પણ અશક્ય થઈ જાય એટલો અંધકાર અને અરાજકતા ફેલાઈ જાય. તો પછી તો કોઈ પાપથી ડરે પણ નહીં અને પુણ્યની તકલીફ વેઠવાની ઝંઝટમાં પણ કોઈ શું કામ પડે ?

માણસનો દૃષ્ટિકોણ તેની વિચારસરણી મનની પ્રસન્નતા-ખેદ, સંતોષ-અસંતોષ, શાંતિ-અશાંતિ બનીને તેની પોતાની જાતમાં જ ડગલે ને પગલે ડોકાયા કરે છે. સત્કર્મ કરવાથી મનમાં અનાયાસે જ સંતોષ અને આનંદનો અનુભવ થાય છે. જો પોતાનું કામ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બગડવા દઈને પણ જો કોઈ દુઃખીની સહાયતા કરીએ તો આપણી અંદર જ એક પરમ સાત્ત્વિક હળવા અને શીતળ મલયાનીલ જેવો આનંદ અનુભવાય છે. એથી ઊલટુ જો ચોરી, લુચ્ચાઈ કે અનીતિ આચરીને કોઈને નુકસાન પહોંચાડ્યું હશે તો તે માંકડ-મચ્છરની જેમ આપણને અંદરને અંદર કોર્યા કરશે, ડંખ્યા કરશે અને અંતઃકરણમાં ઉદ્વેગ અને આત્મગ્લાનિનો અનુભવ થયે રાખશે. હકીકતમાં આવા આત્મસંતોષ અથવા આત્મગ્લાનિ જ અંતઃકરણને સુદઢ કે પાંગળુ બનાવે છે અને એના આધારે જ પ્રગતિના માર્ગ મોકળા થાય છે અથવા અવરોધાય છે. પાપીનો અંતરાત્મા દિવસે દિવસે નબળો પડતો જાય છે. બીજાની ઉપરથી જ નહીં, પોતાની જાત ઉપરથી પણ તેનો વિશ્વાસ ઊઠી જાય છે.

જે પોતાની મર્યાદિત આવકમાંથી સાદગીપૂર્ણ જીવન જીવતાં સંતુષ્ટ રહે, પોતાનું ચારિત્ર્ય નિર્મળ રાખે અને અન્ય પ્રત્યે પ્રેમભર્યો, સહકારભર્યો અભિગમ દાખવે તેને પોતાની અંદર કલકલનિનાદ સહિત એક અમૃતઝરણું સતત વહેતું હોય તેવો અનુભવ થશે અને ભાવનાના ક્ષેત્રમાં સ્વર્ગીય સુખની અનુભૂતિ થશે.

મૃત્યુ બાદ પણ સારાં નરસાં કર્મોનાં ફળ અનેક રીતે મળતાં હશે. બે જન્મો વચ્ચે સુખદ કે દુઃખદ પરિસ્થિતિઓ પણ હશે. આગામી જન્મ ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ યોનિમાં થતો હશે. સ્વર્ગ-નરકનું સ્થાન ભલે લાગણી કે ભાવનાના ક્ષેત્રમાં જ હોય પરંતુ પરિણામની વ્યવસ્થા મરણ પછીના જીવનમાં પણ ચોક્કસ હશે જ. તેમ છતાંય આ જન્મમાં તો તાત્કાલિક સારાં-નરસાં પરિણામો મળતાં જ રહે છે અને સ્વર્ગ-નરકની સ્વયંસંચાલિત પ્રક્રિયા આપણને નિયંત્રણમાં રાખીને વિવેકપૂર્ણ જીવનશૈલી અપનાવવાની ફરજ પાડતી જ રહે છે.

**આપણે કહી કહીને થાક્યા તો પણ આપણું કોઈ સાંભળતું નથી. એટલે કે એની કોઈ ઉપર કશી અસર થતી જ નથી. મારા અભિપ્રાય પ્રમાણે એમાં સાંભળનાર કરતાં કહેનારનો વાંક વધારે છે. કહેનાર પોતે એ કરવાનું જાણતો નથી. તેણે આત્મનિરીક્ષણ કરવું જોઈએ, તો તેમને પોતાની અકર્મણ્યતાનો ખ્યાલ આવશે. વાણીની સફળતાનો સઘળો આધાર તેના કાર્યાન્વયન (જાત અમલ) ઉપર જ છે. તમે ભલે બધું ના બોલો. ભલે ઓછું કહો, પણ કાર્યમાં લાગી પડો. તમે થોડા જ દિવસોમાં લોકોને તમારી તરફ આકર્ષિત થતા જોઈ શકશો. એટલા માટે કહો ઓછું, કરો વધારે.**

●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## વ્યક્તિનિર્માણ વિભાગ

# શરીર સાધન છે, સાધ્ય નહીં...

આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરેનો આધાર જો વિવેકશીલતા ન હોય, તો મનુષ્ય અને પશુમાં ફરક શો ? સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો મનુષ્ય વાનર-વનમાનવ પ્રજાતિનું જ એક પ્રાણી જણાય છે. શારીરિક અંગોની દૃષ્ટિએ પણ લગભગ પ્રાણી જ દેખાય છે. શારીરિક અંગોની આકૃતિ તથા તેના સંચાલનમાં કોઈ વિશેષ અંતર જણાય છે ખરું ? સત્ય તો એ છે કે શરીરથી મનુષ્ય અન્ય પશુઓથી લગભગ એટલો જ જુદો છે, જેટલો એક પશુ બીજા પશુથી જુદું છે. જરા વિચારો, આ શરીરની વાસ્તવિકતા કઈ ? એવું શરીર જેને આપણે અનેક પ્રકારનાં સૌંદર્ય-પ્રસાધનો વડે સુવાસિત કરવા તથા આકર્ષક પરિધાનો અને આભૂષણો વડે સજાવવામાં આપણો અધિકાંશ શ્રમ, સમય અને ધન ખર્ચીએ છીએ, વાસ્તવમાં તે અનાકર્ષક અસ્થિઓ, ધમનીઓ, શિરાઓ અને ઘૃણાસ્પદ મળ-મૂત્ર, માંસ-મજ્જાને ઢાંકવા માટેનું એક આવરણ માત્ર છે. આ આવરણને દૂર કરવાથી જે રૂપ સામે આવશે, તેની જરા કલ્પના તો કરી જુઓ કે શું તેમાં અને મરેલા પશુમાં કશું અંતર છે ખરું ? શું તેની સડવાની દુર્ગંધિત પ્રક્રિયામાં કોઈ ભિન્નતા હશે ?

આવા શરીરને માટે, જેના આયુષ્ય તથા સ્વાસ્થ્યના સંબંધમાં નિશ્ચયપૂર્વક કશું જ કહી શકાતું નથી, ઘાંચીના બળદની માફક સવારથી સાંજ સુધી વળગેલા રહેવું તે આજે સામાન્ય વ્યક્તિની દુર્ભાગ્યપૂર્ણ નિયતિ બની ગઈ છે. દીર્ઘાયુષી તો વીરલા જ હોય છે. સાઠ-સિત્તેર સુધી પહોંચી જાય તો માની લે છે કે લાંબી જિંદગી જીવાશે, નહીંતર ઘણી મોટી સંખ્યામાં શૈશવાવસ્થા, યુવાવસ્થા અથવા પ્રૌઢાવસ્થામાં જ મૃત્યુને પામે છે. આ નાની-સરખી આયુનો અડધો ભાગ આળસમાં, આરામમાં વીતી જાય છે. જાગૃત અવસ્થાનો જે બાકીનો સમય રહે છે તેમાંથી પણ અધિકાંશ શરીરની સેવાને માટે, પોતાની તથા પોતાના પરિવારજનોના શરીરને માટે સુખસુવિધાઓ ભેગી કરવામાં વીતી જાય છે. આવું છે આજના મનુષ્યનું જીવન. કમાણીનાં નામ પર નીતિઅનીતિનું ધ્યાન રાખ્યા વગર પોતાની ધનલાલસાનું પોષણ, વ્યયના નામ ઉપર ક્ષુદ્ર સંકુચિત વૃત્તિ તથા ઉદ્ધત અહંકારનું પ્રદર્શન, ભોજનના નામ ઉપર કૂતરા-ભૂંડની માફક ભક્ષ્ય-અભક્ષ્ય ખાવું, મનોરંજનના નામ પર મસ્તિષ્કમાં પ્રતિ ક્ષણ વાસનાના પ્રવેશની અનુમતિ અને ચિંતનના નામે માનસિક વ્યભિચાર તથા માનવીય મૂલ્યોના પ્રત્યે ધ્વંસાત્મક દૃષ્ટિકોણ, આ બધાં કાર્યો કરવામાં આપણું અણમોલ માનવજીવન પૂરૂં થઈ જાય છે. જો શરીરની દૃષ્ટિએ મનુષ્ય અને પશુમાં તફાવત છે જ નહીં તો પછી તેનાં અંગ-અવયવોને તૃપ્ત કરવામાં, તેને કમનીય તથા ઉત્તેજક બનાવવામાં સમયનો દુરુપયોગ શા માટે ? શરીરથી મનુષ્ય બનવાના પ્રયત્નમાં આપણે પાશવિક પ્રવૃત્તિઓને જ સંરક્ષણ તથા પ્રોત્સાહન આપતા રહીએ છીએ અને છેલ્લે આખરી સ્થિતિમાં આપણે પૂર્ણરૂપથી નરપશુ બનીને પતનની ખાઈમાં ઘણા ઊંડે સુધી ડૂબી જઈએ છીએ.

આત્માના ઉત્કર્ષને માટે જરૂરી છે કે આપણે સ્વયંને શરીરમાત્ર ન સમજીએ. પશુઓની માફક શરીરને જ બધું ન સમજતાં, ફક્ત તેનીજ સંતુષ્ટિ અને પ્રસન્નતાનું ધ્યાન ન રાખતાં આપણા વાસ્તવિક સ્વરૂપને સમજી લઈએ. આપ શરીરમાત્ર તો નથી. આપ આત્મા છો. શરીર તો એ આત્માનું વાહન છે. શરીર નશ્વર છે. આત્મા અજર-અમર છે. શરીર સાધન છે, સાધ્ય નહીં. આત્મા સાધ્ય છે. શરીરનું એટલું જ ધ્યાન રાખો, જેનાથી તે ઠીક રહે, આત્માનો સહાયક થઈ રહે. સહાયકને સ્વામી માની લેવો, સાધનને સાધ્ય સમજી લેવું, વાહનનો યાત્રીના રૂપમાં સ્વીકાર કરી લેવો, શાશ્વત સનાતનનો સાથ છોડીને નશ્વરનો પાલવ પકડવો તે બુદ્ધિહીનતા છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરીરના મહત્ત્વને નકારી શકાતું નથી, તોપણ જ્યારે એને આવશ્યકતા કરતાં વધારે મહત્ત્વ આપવામાં આવે છે, ત્યારે આ જ શરીર જે ભવબંધનમાંથી મુક્ત થવામાં આપણને એક મિત્રની માફક સહાયતા કરી શકે છે, તે આપણું જ દુશ્મન બની જાય છે. શરીરની જરૂરિયાત કરતાં વધારે સેવામાં લાગેલા ન રહો. આના લીધે શરીર પુષ્ટ થઈ જશે, તેની જડતા પ્રબળ થઈ જશે, જરૂરિયાતોની તૃષ્ણા ન સંતોષાય એવા સ્તરે પહોંચી જશો અને ત્યારે તમારું મન લોભ, મોહ, આસક્તિ જેવા આત્માના શત્રુઓની ચુંગાલમાં ફસાઈ જશે. આ પ્રકારનો વિકાર અસ્તિત્વમાં આવતા જ તમને ક્યાંયના નહીં રાખે. તમે કોઈ ચીકાશવાળા ઢોળાવ ઉપરથી બિલકુલ વિવશ, અસહાયભર્યા લપસી રહ્યા છો એવું પ્રતીત થશે. એટલા માટે સાવધાન થાવ. આત્મરક્ષાને માટે શરીરને પ્રધાનતા ન આપતાં, આત્માને આપો. આત્માના હિતસાધનમાં જ આપનું કલ્યાણ છે.

જર્જરિત નાવ વડે નદી પાર થઈ શકતી નથી. એટલા માટે શરીરને નાવ સમજીને જીર્ણશીર્ણ થવા ન દો. શરીરને અપેક્ષિત અધિકાર આપીને શેષ સમય આત્માની સેવામાં લગાડો. આ રીતે આ લોકમાં સુખ તથા પરલોકમાં શ્રેયના અધિકારી બનો. યાદ રાખો, જ્યાં શરીરની સેવા મનુષ્યને પતનની ખાઈમાં પાડીને રોગ-શોક, દુઃખ-સંતાપ, અપમાન-પશ્ચાત્તાપ જેવી યાતનાઓ આપીને ભવપાશોમાં બાંધી રહી છે, ત્યાં જ આત્માની સેવા મનુષ્યને અલૌકિક આનંદ, હર્ષ-ઉલ્લાસ આદિની સાથે જીવનમુક્તિ તથા મોક્ષનો અધિકારી બનાવે છે. તમને શરીરની ઉપેક્ષા કરવાની વાત કરવામાં નથી આવતી. કમાણી કરો, ખાઓ-પીઓ, ગૃહસ્થી વસાવો, સુખસંપત્તિના અધિકારી બનો, પરંતુ તેમાં એટલા બધા ડૂબી ન જાઓ કે તેના સિવાય બીજું કશું સૂઝે નહીં.

શરીરનું ધ્યાન રાખો. વાહનને ચોખ્ખુ. ચણક હૃષ્ટપુષ્ટ તેમજ ઉપયોગી બનાવી રાખવામાં જ સમજદારી છે. કંઈક ખરાબી આવી જાય તો 'સર્વિસીંગ' પણ કરાવવી જરૂરી છે, પરંતુ શરીરની અપેક્ષાએ આત્માને અધિક મહત્ત્વ આપો. મનુષ્ય શરીર નથી, આત્મા છે. આત્માનો સ્વાર્થ જ સાચો સ્વાર્થ છે. આને જ પરમાર્થના નામથી ઓળખવામાં આવે છે. એટલા માટે વિચારવાની પદ્ધતિ બદલો. "આપણે મનુષ્ય છીએ, જે કાંઈ છે તે શરીર છે, આની સેવા કરવી આપણું કર્તવ્ય છે.-" આ પ્રકારના દૈહિક વિચારોના બદલે એવું વિચારો અને પાલન કરો કે - "આપણે આત્મા છીએ. આત્માનું કલ્યાણ કરવું આપણો પરમ ધર્મ છે," આ રીતે શરીરનું મહત્ત્વ સમજો એ યોગ્ય છે, પરંતુ આત્માનું મહત્ત્વ ઓછું કરી આંકશો નહીં. આ જ આત્મોત્કર્ષનો સાચો ઉપાય છે. આ જ આત્મહીનતા, અપમાન તથા પશ્ચાત્તાપમાંથી બચવાનો માર્ગ છે. આમાં જ મનુષ્યનું કલ્યાણ છે.

• • •

## ગાયત્રી પરિવાર, ડબરાનો સ્વર્ણજયંતી સમારોહ

ગાયત્રી પરિવાર, ડબરાનો સ્વર્ણજયંતી સમારંભ પાંચદિવસીય પ્રજ્ઞાપુરાણ કથા, મહિલાગોષ્ઠિ, વિદ્યાર્થીસંઘ ગોષ્ઠિ, વેપારીવર્ગ ગોષ્ઠિ, જનસેવક ગોષ્ઠિ અને પ્રબુદ્ધવર્ગ ગોષ્ઠિ, શિક્ષક ગોષ્ઠિ જેવા કાર્યક્રમોની સાથે સંપન્ન થયો. ગાયત્રી તપોભૂમિના વ્યવસ્થાપક પં. લીલાપત શર્મા, વિચારક્રાંતિ અભિયાનના વ્યવસ્થાપક શ્રી દ્વારિકાપ્રસાદ ચૈતન્ય તથા શ્રી હરીશંકર ગોયલનું જાહેરમાં બહુમાન કરવામાં આવ્યું. પંડિતજીને ૮૭૦૦-૦૦ની સન્માનનિધિ ભેટ કરવામાં આવી પંડિતજી દ્વારા આ પ્રસંગે પ્રકાશિત સ્મારિકાનું વિમોચન તથા પ્રખર પ્રજ્ઞા - સજલ શ્રદ્ધાનું અનાવરણ કરવામાં આવ્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નારીજાગરણ

# આધુનિકતાની દોડમાં નારી આદર્શોથી વિચલિત ન થાય.

આપણા દેશનો વર્તમાન નારીસમાજ આજના યુગમાં બે ભાગોમાં વિભાજિત થયેલો છે. શિક્ષણ, સંસ્કાર, પ્રવૃત્તિઓ અને વિચારોની બાબતમાં એમને બે પરસ્પર વિરોધી વર્ગોમાં મૂકી શકાય છે. પહેલો વર્ગ એ છે, જેમાં પુરાતનકાળથી ચાલ્યું આવી રહ્યું છે અને ઘર-પરિવારની બહારની વાત એના માટે ગૌણ જ નહીં, અનાવશ્યક છે. પરંપરાવાદી પરિવારની સ્ત્રીઓને આજે પણ એ જ સ્થિતિઓમાં રહેવું પડે છે, જેમાં પહેલેથી જ તે રહેતી આવી રહી છે. તેને પોતાનો પરિવાર પતિ, બાળકો તથા અન્ય સદસ્યોની સેવા-શુશ્રૂષા અને સંભાળ, પાલનપોષણની બાબતો સુધી જ પોતાને સીમિત રહેવાનું હોય છે. ઘરનો ઉંબરો તેની લક્ષ્મણરેખા છે અને તેની બહાર પગ મૂકવો તેને માટે અનુચિત છે.

બીજો વર્ગ એ છે જે શિક્ષિત અને આધુનિક હોવાનો દંભ કરે છે અને સ્ત્રીને દરેક પ્રકારની આઝાદી આપવાની તરફદારી કરે છે. દરેક પ્રકારની આઝાદીનો અર્થ એના માટે ઘણો ઊણો છે કે સ્ત્રી પોતાની બાબતમાં સ્વયં જ નિર્ણય લે, પરંતુ વધુ તો એ છે કે પોતે તે દરેક સીમાઓનું ઉલ્લંઘન કરે જે પરંપરાગત ગૃહિણીને માટે આવશ્યક સમજવામાં આવે છે. આ પ્રકારની ધારણાઓમાં કેટલુંક સારું છે તો કેટલુંક ખરાબ. સારું એ છે કે નારીઓએ પરંપરાથી ચાલી આવતી રૂઢિઓ તથા બંધનો સુધી જ સીમિત ન રહેવું જોઈએ. તેણે પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિચારવું પણ જોઈએ. સ્વતંત્ર બુદ્ધિના રૂપમાં જે રીતનીતિને પ્રધાનતા આપવામાં આવે છે, તે એક એવી ઉન્મુક્ત નારીનું ચિત્ર પ્રસ્તુત કરે છે, જે રહેણીકરણી અને વ્યવહારમાં ઘણી બધી રીતે કંઈક અંશે પશ્ચિમીજીવનનું અનુકરણ કરે છે. વિવેકબુદ્ધિથી લેવામાં આવેલા નિર્ણય તથા તેને ક્રિયાન્વિત કરવાનું સાહસ જો રૂઢિઓથી ન બંધાતી નારીની વિશેષતા બનત, તો મહિલાઓ ખરેખર શક્તિસ્વરૂપા બનીને સામે આવત, પરંતુ આધુનિક નારી જૂના પરિવારની માત્ર પ્રતિદ્વન્દ્વી પ્રતિક્રિયા માત્ર બનતી જોવામાં આવે છે, જેને કોઈપણ રીતે ઉચિત કહી ન શકાય.

પરંપરા તથા અજ્ઞાનથી મુક્ત નારી પાસેથી ઘણી બધી આશાઓ રાખી શકાય છે, રાખવી પણ જોઈએ, કારણ કે આ રીતે તેની યોગ્યતા અને ક્ષમતાને પરિવારની સેવામાં જ લગાડેલી રાખીને, બંધનની સ્થિતિમાંથી બચાવી જઈ શકાય છે. મહિલાઓની કાર્યક્ષમતા અને યોગ્યતાઓથી ઈન્કાર થઈ શકતો નથી. વિભિન્ન ક્ષેત્રોમાં સ્ત્રીઓ જે કાંઈ વિશેષ કરી બતાવી રહી છે તેણે એ ભ્રાંતિપૂર્ણ માન્યતાને ખોટી પાડી દીધી છે કે કાર્યક્ષમતા અને દક્ષતાના મામલામાં તે પુરુષોથી ઊતરતી છે. ઊલટું કેટલીક બાબતોમાં તો તેમના કીર્તિમાન પુરુષો કરતાં પણ ઊંચા છે. જો તેમને ઘરની સારસંભાળમાં જ સીમિત કરી દેવામાં આવે, તો સમાજ તેમના થકી મળનારા લાભથી વંચિત રહી જાય છે. પરંપરા, સંકુચિતતાના કારણે હજુ પણ એવી યોગ્ય સ્ત્રીઓ પોતાની પ્રતિભાને ઘરની ચાર દીવાલોમાં જ સબડવા દઈ રહી છે. તેમને બહાર લાવવાની જરૂરિયાત છે.

શિક્ષિત અને ભણેલાગણેલા સમુદાયની સ્ત્રીઓ ઘરમાં પોતાનાં બાળકોની દેખરેખ રાખવાની અપેક્ષાએ નોકરી કરવી વધુ યોગ્ય સમજે છે. પરિવારની આર્થિક સ્થિતિ આનાથી મજબૂત બની શકે, એ સામાન્ય રીતે નોકરીનું ધ્યેય હોય છે, પરંતુ કેટલીક આધુનિક વિચારવાળી સ્ત્રીઓનો દૃષ્ટિકોણ એ પ્રકારનો હોય છે કે પોતે આર્થિક દૃષ્ટિથી પુરુષની બરોબરી કરે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની જરૂરિયાતને માટે તેની ઉપર નિર્ભર ન રહે. **પુરુષની પ્રતિસ્પર્ધા સુધીની જ વાત હોત તો કોઈ ખાસ** વાત નહોતી, પરંતુ સ્વસ્થ પ્રતિસ્પર્ધાની અપેક્ષા પ્રતિદ્વંદ્વિતાનો ભાવ જ્યારે ઉદ્દભવે છે ત્યારે પતિપત્ની વચ્ચે સ્નેહ અને પ્રેમના મધુર તાંતણા તૂટવા લાગે છે. પરિવારની આર્થિક સહાયતાને માટે તો ગામડાની સ્ત્રીઓ અને મજૂર ગૃહિણીઓ પણ કાર્ય કરે છે, પરંતુ તેમનામાં પ્રતિદ્વંદ્વિતા જેવી કોઈ વાત હોતી નથી. જ્યારે પ્રતિસ્પર્ધિતાની ભાવનાથી પ્રેરાઈને ઠોકર મારીને પોતાના બળ ઉપર જ બધું કરી છૂટવાની હોડ રાખે છે ત્યારે ઘરમાં ચાલતા આ પ્રકારના સંઘર્ષ અને કલેશનો બાળકોના મન ઉપર પણ અવળો પ્રભાવ પડે છે. માની મમતામયી છત્રછાયા અને સ્નેહ-વાત્સલ્યનો અભાવ તેમની હાર્દિક અપેક્ષાઓને પૂરી નથી કરતો. પતિપત્ની વચ્ચે ચાલતો સંઘર્ષ અને વિવાદ તેમનામાં કેટલીક ઊણપોને પણ જન્મ આપે છે.

સંકુચિત પરિવારોમાં નારીના સ્થાનની હીન પ્રતિક્રિયા સ્વરૂપ આધુનિકતાની મનોવૃત્તિ પુરુષના પ્રતિશોધના આધાર ઉપર ઊભેલી જોવા મળે છે. પ્રાચીન સમયમાં સ્ત્રીને ઘરમાં રહેવાને માટે પ્રતિબંધિત કરી તેને પરિવાર પૂરતી જ સીમિત રાખવાની પરંપરા હતી ત્યારે અર્વાચીન નારી ઘરની બહાર જ પોતાનું કાર્યક્ષેત્ર માનવા જીદ લઈ બેઠી છે અને આ પ્રતિક્રિયાનું પરિણામ કહેવાતી આધુનિક્તા ઘર પ્રત્યે પૂર્ણ ઉપેક્ષાનો વ્યવહાર અપનાવવાને માટે પ્રેરિત કરે છે. પહેલાં જ્યાં શીલ-શુચિતાને સર્વોપરી મહત્ત્વ આપ્યું હતું, ત્યાં જ સ્વતંત્ર વિચારધારાના રૂપમાં પ્રત્યક્ષતઃ ઉન્મુક્ત જીવન ભલે જીવાતું ન હોય, પરંતુ ઘણુંખરું એવું થઈ રહ્યું છે જેના લીધે નારી સ્વયંને આકર્ષણનું કેન્દ્ર બનાવવાને માટે ઉત્સુક દેખાય છે. રહેણીકરણી, સાજસજ્જા, વેશભૂષા, ફેશન અને આચાર-વ્યવહારમાં કહેવાતી પ્રગતિશીલ નારી સડક ઉપર ચાલતા લોકોને પોતાના પ્રત્યે આકર્ષિત થતા જોવામાં શાન સમજે છે. ફિલ્મ, વિજ્ઞાપન, માસિક, પાક્ષિક, સાહિત્ય અને આધુનિક નારી પર વૈચારિક ગોષ્ઠિઓમાં જે ચિત્ર ઊભરે છે, પ્રતિપાદિત કરવામાં આવે છે, તેમાં નારીના કમનીય રૂપને જ વધારે પ્રસિદ્ધિ અપાય છે. કહેવામાં ભલે ગમે તે આવે, પરંતુ સ્ત્રીને એક દર્શનીય અને ભોગ્ય વસ્તુ બનાવીને જે રૂપ આધુનિકતાના નામ ઉપર આપવામાં આવે છે, તેના લીધે એવું જરા પણ નથી લાગતું કે નારી સ્વતંત્ર થઈ રહી છે. કશુંક અંતર જરૂર છે અને તે એ છે કે પહેલાં નારીને ઘરની વસ્તુ સમજવામાં આવતી હતી, તો હવે તેને સાર્વજનિક પ્રતિષ્ઠા આપવામાં આવી રહી છે.

આધુનિકતાને માટે આપણે એ વિચારવા અને માનવાને માટે વિવશ છીએ કે પશ્ચિમ આપણાથી આગળ છે. એટલા માટે તેમની જેમ તેમનું અનુકરણ કરી આપણે સૌ પણ આગળ વધી શકીએ છીએ. પશ્ચિમમાં વિજ્ઞાને પ્રગતિ કરી અને ત્યાં અધિકાંશ શોધ થઈ, એ સાચું હોઈ શકે છે અને એ પણ સાચું હોઈ શકે છે કે ત્યાંના લોકોએ આ કારણના લીધે પ્રગતિ કરી, પરંતુ આ પરિણામો અનુકરણથી તો પ્રાપ્ત કરી શકાતાં નથી. પ્રગતિશીલતા અથવા ઉન્નતિના પ્રયાસોનો અર્થ અનુકરણ નથી, પરંતુ પોતાની વિશિષ્ટ પરિસ્થિતિઓ અનુસાર તેનો તાલમેલ બેસાડીને કરવામાં આવેલ પ્રયત્ન જ પ્રગતિનું મૂળ છે. **ભારતીય પરિવેશમાં પશ્ચિમની સભ્યતાનું અનુકરણ ન ખપવાના કારણે પૌરાણિક વિચારોવાળી સ્ત્રીઓ, આધુનિક અને ઉન્મુક્ત મહિલાઓને હાસ્યાસ્પદ રૂપમાં જુવે છે. સંભવતઃ આની પ્રતિક્રિયા કહેવાતી આધુનિકતાના મનમાં પણ પૌરાણિક વિચારોની સ્ત્રીઓને તુચ્છ દષ્ટિથી જોવાના રૂપમાં પણ હોય છે.**

શિક્ષણ એક વિભૂતિ છે અને શિક્ષિત વિભૂતિવાન છે. જો શિક્ષિત સ્ત્રીઓ પોતાની ક્ષમતાનો યોગ્ય ઉપયોગ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરે તો તેમના માટે આ એક કર્તવ્ય બની જાય છે કે તે પરંપરા અને રૂઢિઓના બોજ નીચે દબાયેલી ભારતીય નારીને એ દુ:ખદ સ્થિતિમાંથી બહાર લાવવા માટે ઈમાનદારીપૂર્વકનો પ્રયત્ન કરે, **પરંતુ અનુકરણવૃત્તિનો અભિશાપ કહો અથવા આધુનિકતાનો દંભ, કહેવાતી પ્રગતિશીલ સ્ત્રીઓ તેમની સામે જોવા પણ નથી ઇચ્છતી, તો તેમની સાથે વાત કરવાનું અને તેમને સહયોગ કરવાનું તો કેવી રીતે શક્ય બને ?**

છોકરીને પણ પુત્રની માફક પરિવારની ભાવિ જવાબદાર સભ્ય સમજવામાં આવે, છોકરાની જેમ જ તેના વિકાસની ઉપયોગિતા જોવામાં આવે તો છોકરીઓને શિક્ષણ અપાવવું જરૂરી લાગશે, પરંતુ પ્રાચીન રૂઢિવાદી પરંપરામાં રહેનારા પરિવાર પોતાની દૃષ્ટિને એટલી ઉદાર બનાવવા માટે રાજી થતા નથી.

શિક્ષિત આધુનિક નારીઓ જ્યાં પરંપરાના આંધળા વિરોધ અને નિરંકુશ પ્રતિક્રિયાથી ગ્રસ્ત છે, તો અશિક્ષિત પરંપરાભક્ત નારીઓ, ચાલી આવતા રીતરિવાજોને વળગી રહેવામાં જ પોતાની ભલાઈ જુવે છે. આ બંને ભ્રાંતિઓને તોડવાની જરૂર છે. જરૂરિયાત છે આ પ્રકારના ઉદાર વિવેક-વર્તનની કે **નારી પ્રગતિશીલતાના નામ ઉપર ન તો આંધળું અનુકરણ કરવામાં આવે, ન પુરુષ સામે પ્રતિદ્વંદ્વિતા કરવામાં આવે, પરંતુ બંનેના સઘન સહયોગ દ્વારા સમાજને આગળ વધારવાની શ્રદ્ધા વડે મહિલાઓને ઊંચા સ્તર ઉપર લાવવાની કોશિશ કરવામાં આવે જે પ્રાચીન રૂઢિવાદી પરંપરામાં જીવી રહી છે અથવા જીવવાને માટે મજબૂર છે.**

શિક્ષિત આધુનિક નારી પોતાની સ્થિતિ ઉપર વિચાર કરે. વિશુદ્ધ સમાનાધિકારની ભાવના અથવા કોઈના આશ્રિત ન રહેવાના દૃષ્ટિકોણથી પ્રેરાઈને ઘરેલું જવાબદારીઓને નિભાવવાનો ઇન્કાર કરી દેવો અનુચિત છે.

સમયની માંગને ઓળખીને પોતાનો અહંકાર ત્યાગીએ અને સુખસુવિધાઓ ઓછી કરતાં તેમાંથી બચેલી રાશિનો ઉપયોગ પછાત મહિલાઓના કલ્યાણ માટે સમર્પિત કરવાના ઉદ્દેશ્યથી આગળ આવીએ.

જાગૃત નારીએ જ બહાર નીકળીને નવયુગનો સંદેશો સંભળાવવા સ્વયં ચાલીને ગામડે-ગામડે, મોહલ્લે-મોહલ્લે, દરવાજે-દરવાજે જવું પડશે, ત્યારે જ લાંબા સમયથી સૂતેલી પ્રસુપ્ત નારીમાં ચેતનાનો સંચાર થવો સંભવ છે. સૌપ્રથમ તે સ્ત્રીશિક્ષણને પોતાના હાથમાં લે. ઘેરઘેર જઈને માતાપિતાને છોકરીઓને ભણાવવાને માટે પ્રેરિત કરવાં જોઈએ. પ્રૌઢ મહિલાઓને શિક્ષણ મળે એવા પ્રયત્ન કરવા જોઈએ. સામાન્ય ભારતીય નારીઓમાં સ્વચ્છતાનો અભાવ છે. તેમણે સ્વયં ઘરે-ઘરે જઈ સફાઈનું ક્રિયાત્મક મહત્ત્વ સમજાવવું જોઈએ. આ પ્રકારના કાર્યક્રમોને જો શિક્ષિત નારી યોજનાબદ્ધ રીતે અમલમાં મૂકી શકે તો તેણે સરકાર પાસેથી અપેક્ષા રાખવી જોઈએ કે તે મહિલા-ઉત્થાનને માટે એક મોટી રાશિનું પ્રતિવર્ષ ખર્ચ કરવાના હેતુસર આયોજન કરે. આના સિવાય અનેક સામાજિક અવગુણો, રૂઢિઓ, પરંપરાઓ વગેરે સામાન્ય ભારતીય નારીને ભયભીત રાખે છે. જરૂર પડતાં શિક્ષિત નારીએ આ અંગે પણ સંઘર્ષાત્મક પગલાં લેવાં જોઈએ. આ રીતે સાહિત્ય, સંગીત, કલા, ભાષણના માધ્યમથી સંપર્ક સ્થાપિત કરી શકાય છે. આમાં શિક્ષણની સાર્થકતા પણ છે અને સેવાનો આનંદ પણ છે. યશ અથવા સન્માન મળે કે ન મળે, પરંતુ જો આપણી ભાવિ પેઢીની સમર્થતાનો મૂળ આધાર માતૃત્વની પ્રતિષ્ઠા સાકાર થઈ શકતી હોય, તો એનાથી વધારે બીજી કોઈ સાર્થક આરાધના આજની શિક્ષિત નારીને માટે છે જ નહીં. તેમણે આ જવાબદારી અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવો અને તેનો સ્વીકાર કરવો જ રહ્યો.

• • •
• •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

स्वास्थ्य संवर्धन

# सस्तुं अने पौष्टिक भोजन

स्वस्थ अने शक्तिशाळी शरीरने माटे वैज्ञानिकोए जे पोषक तत्त्वोने जरूरी गण्यां छे, ते छे - प्रोटीन, खनिज, क्षारो कार्बोहाइड्रेट तथा विटामिन. चरबीने माटे बदाम, अखरोट, पिस्तां, काजु, घी, विटामिनने माटे फळ, दूध, दहीं वगेरे. जे खाद्यपदार्थोमां आ तत्त्वो पर्याप्त मात्रामां छे, तेनी यादी लांबी छे. केटलाक खाद्यपदार्थ घणा मोंघा होवाना कारणे सर्वसाधारणने माटे सुलभ पण थई शकता नथी, एटला माटे सामान्य जनताना दुर्बळ स्वास्थ्यमां अयोग्य पोषण पण एक घणी मोटी समस्या छे.

ज्यारे पण कोई पौष्टिक भोजननी वात नीकळे छे त्यारे सरासरी स्तरनी व्यक्ति आने मोंघी होवाना कारणे पोताना माटे दुर्लभ गणे छे, परंतु खरेखर एवुं होतुं नथी. सामान्य भोजन पण योग्य रीते रांधीने खावामां आवे तो तेमांथी पण योग्य मात्रामां पौष्टिक तत्त्व मळे ज छे. घउं, जुवार, बाजरी, मकाई जेवां अनाज; शक्करिया, बटाका, अळवी, मूळा जेवां शाक; दूध, दहीं, लींबु, गोळ वगेरेमां पण योग्य प्रमाणमां विटामिन होय छे अने ते एवा मोंघा खाद्यपदार्थोनी माफक ज शरीरने माटे पोषक तत्त्वोनी जरूरियात पूरी करे छे. वैज्ञानिक संशोधन उपरथी ध्यानमां आव्युं छे के शेरडी, मध अने खजूरमां पण एटलां ज विटामिन्स तथा लवण होय छे, जेटला के किसमीस तथा मोटी द्राक्ष जेवा सूका मेवामां होय छे.

घणुं करीने सामान्य खाद्य पदार्थोमांथी पण पर्याप्त मात्रामां विटामिन अने पोषक तत्त्वो मळतां होय छे, जेटलां मोंघा फळो तथा सूका मेवामांथी मळे छे. घउं, जुवार, बाजरी, मकाई जेवां अनाज तथा शाकभाजी पण पोषक तत्त्वोथी भरपूर छे. पछी कयुं कारण होई शके के आ पोषक आहारमां पर्याप्त मात्रामां विटामिन होवा छतां पण अधिकांश व्यक्तिओनुं भोजन पोषणरहित अथवा अपर्याप्त मात्रामां पोषण आपवावाळुं होय छे. कोई स्वास्थ्य वैज्ञानिके आनुं कारण जणावतां लख्युं छे के खास करीने लोको एटला माटे बीमार नथी पडता केम के तेमने जे पोषक आहार लेवानुं कहेवामां आवे छे ते मोंघा होवाथी नथी मळता अने जे बीमार रहे छे, अस्वस्थ रहे छे तेनुं कारण तेमनी खावापीवानी अयोग्य पद्धति छे.

सामान्य रीते लोकोने एवुं कहेता-सांभळता जोवामां आवे छे के दूध नथी मळतुं, घी मोंघुं होवाना कारणे खरीदी नथी शकातुं, शाकभाजीनां तो दर्शन दुर्लभ छे. मोंघवारीना कारणे वस्तुओ सरळताथी मळती नथी. ए एक कारण छे खरुं, कारण के एनी जरूरियात शरीरने पौष्टिकता प्रदान करवाने माटे पडे छे, ज्यारे दूध अने घी सिवाय पण अन्य पौष्टिक पदार्थो छे, जे सामान्य लोको नियमित आहारमां आवे छे, परंतु तेनो योग्य उपयोग न करवाना कारणे जोईतो लाभ मळी शकतो नथी. तोपण आहारमां पोषक तत्त्वोना महत्त्वने नकारी शकातुं नथी. आ सदीमां आहारसंबंधी जे शोधो थई तथा तेना परिणामस्वरूप जे निष्कर्ष मळ्या ते सामान्य मानवी सुधी पहोंचता नथी. आ ज कारण छे के वधारे लोको घी, दूध अने सूका मेवा, मोंघां फळोने ज स्वास्थ्यवर्धक पौष्टिक खोराक माने छे. लगभग एवुं कहेवामां आवे छे के आजकाल मोंघवारीना जमानामां फक्त अमीर लोको ज घी, दूध खाई-पीने स्वस्थ रही शके छे. गरीब अथवा मध्यम



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વર્ગની વ્યક્તિઓને માટે પોષક આહાર તો સ્વપ્ન જેવી વાત છે.

આ વાત અત્યારના વૈજ્ઞાનિક નિષ્કર્ષ અને અનુસંધાનના આધાર ઉપર ખોટી સાબિત થઈ રહી છે. એ સાચું છે કે દૂધ-ઘી પોષક તત્ત્વોથી પરિપૂર્ણ આહાર છે; સાથે સાથે એ પણ સાચું છે કે એ જ એકમાત્ર પૂર્ણ પોષક ખોરાક નથી. યોગ્ય પોષણ પ્રાપ્ત કરવાને માટે અન્ય ખાદ્યપદાર્થોની પણ આવશ્યકતા રહે છે. જો બુદ્ધિપૂર્વક ભોજનની પસંદગી કરવામાં આવે, તો આપણે ઘણી સસ્તી કિંમતે પરિવારને માટે સારું તથા પૌષ્ટિક ભોજન મેળવી શકીએ છીએ.

ઉદાહરણસ્વરૂપ દૂધને લઈએ. સારી જાતનું દૂધ પ્રતિ લિટર સામાન્ય રીતે રૂપિયા ૧૦ થી ૧૨ માં મળે છે. સામાન્ય માનવીનું સામર્થ્ય નથી કે પ્રતિદિન તે ત્રણ-ચાર લિટર દૂધનો ખર્ચ કરી શકે. ફળસ્વરૂપ બસ્સો અઢીસો ગ્રામ દૂધ લઈને ચાના રૂપમાં સવારે નાસ્તા સાથે ઉપયોગ કરવામાં આવે છે. વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગોથી એવું તારણ સામે આવ્યું છે કે ૫૦ ગ્રામ ફણગાવેલા ચણા ૨૫૦ ગ્રામ દૂધ જેટલા જ પૌષ્ટિક હોય છે. ફણગાવેલા ચણાને ખૂબ જ ચાવી-ચાવીને ખાવાથી તે એકરસ થાય છે. આ રીતે ફણગાવેલા ચણા ખાવાથી દૂધની માફક જ પૌષ્ટિક તત્ત્વો પ્રાપ્ત થાય છે. લીંબુનો રસ અને મીઠું નાખેલા ચણા ખાવાથી ભરપૂર માત્રામાં પ્રોટીન, વિટામિન અને ખનીજ લવણ પ્રાપ્ત થઈ શકે છે. કિંમતની દૃષ્ટિએ આ નાસ્તો મોંઘો નથી હોતો. ચામાં તો આના કરતાં ખર્ચ વધુ થાય છે.

પોષક તત્ત્વોની પૂરતી પ્રાપ્તિને માટે જ્યારે ફળોની વાત નીકળે છે, તો લોકોનું ધ્યાન દ્રાક્ષ, દાડમ અને સફરજન જેવાં ફળો પ્રત્યે જાય છે અને ત્યારે મોંઘવારીની મુશ્કેલી સામે આવે છે; પરંતુ એવું કાંઈ જરૂરી નથી કે મોંઘા ફળ જ ખાવાં જોઈએ. દરેક ક્ષેત્રોમાં થતાં મોસમી ફળ તો મળતાં હોય જ છે અને તે કિંમતમાં સસ્તાં પણ હોય છે, જેમકે – ચીભડું, કાકડી, જામફળ, જાંબુ, કેરી, ચીકુ, પપૈયું વગેરે. બપોરના સમયે લગભગ બધાં જ ઘરોમાં સામાન્ય રીતે ચા બનતી હોય છે અને નાસ્તામાં બીજું કાંઈ નહીં તો રોટલી તથા ભાતનો ઉપયોગ તો થતો જ હોય છે. તેને બંધ કરીને જો તાજાં અને મોસમી ફળ ખાવામાં આવે, તો પાછલા પહોરના નાસ્તામાંથી જરૂરી પૌષ્ટિક તત્ત્વો પ્રાપ્ત થઈ શકે છે. શિયાળાના દિવસોમાં સંતરાં સસ્તા દરે મળી જાય છે.

આટલો ખર્ચ પણ પોતાની શક્તિ બહારનો લાગે, તો એક કિલો ગાજર પૂરતાં છે. કાચાં ગાજરમાં જરૂરી માત્રામાં વિટામિન 'એ' તથા 'ખનિજ લવણ' હોય છે. ગાજર સિવાય આ દિવસોમાં કંદમૂળ, મૂળા, ટામેટાં વગેરે શાકભાજી ઘણાં જ સસ્તાં મળે છે અને જરૂરી પોષક તત્ત્વોથી પરિપૂર્ણ હોય છે.

આ જ રીતે આમળાં પણ પૂરતું પોષણ આપતું પૂર્ણ ફળ છે. આમાં વિટામિન પણ ઘણી વધુ માત્રામાં હોય છે, જે દાંત અને લોહીને માટે ઘણાં જ જરૂરી છે. જે દિવસોમાં આમળાં તાજાં મળતાં હોય, ત્યારે કાચાં આમળાં ખાવા જોઈએ. જો કાચાં ન ભાવે તો ગમે તે રીતે તેમનો ઉપયોગ જરૂરી છે. જ્યારે આમળાં મળતાં બંધ થવા લાગે ત્યારે સૂકવીને તેનો ઉપયોગ થઈ શકે છે. રાત્રે આમળાંને પલાળીને ખરલમાં પીસીને ચટણીરૂપે તેનો ઉપયોગ થઈ શકે છે. આમ ઘણી રીતે આમળાંનો ઉપયોગ થઈ શકે છે. વિટામિન 'સી' અને ખનીજ લવણ ઉપરાંત આમળાંમાં બીજાં પણ ઘણાં જ પોષક તત્ત્વો રહેલાં છે. આયુર્વેદમાં તો તેને વૃદ્ધ વ્યક્તિઓને પણ યૌવન પ્રદાન કરવાવાળાં ગણવામાં આવ્યાં છે.

દૂધની જરૂરિયાત લગભગ બધાં ઘરોમાં પડતી હોય છે અને ઘણું કરીને બધા લોકો થોડી ઘણી માત્રામાં દૂધ ખરીદતા હોય છે. જો કે દૂધ મોંઘું હોવાના કારણે જરૂરી માત્રામાં ખરીદી નથી શકાતું એ વાત જુદી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવી સ્થિતિમાં દૂધનો વિકલ્પ સેપરેટેડ દૂધ ખરીદી શકાય છે. સેપરેટેડ દૂધ શુદ્ધ દૂધની સરખામણીમાં સસ્તું હોય છે. શુદ્ધ દૂધમાં અને તેમાં જે તફાવત છે તે છે ઘી અથવા માખણ. શુદ્ધ દૂધમાંથી ઘી અથવા માખણ તારવીને સેપરેટેડ દૂધ તૈયાર કરવામાં આવે છે. તેમાં ઘી ભલે ન હોય, પરંતુ તેના સિવાયનાં દરેક પોષક તત્ત્વો (પ્રોટીન, કેલ્શિયમ, ખનિજ લવણ અને વિટામિન) એટલી જ માત્રામાં હોય છે, જેટલાં કે શુદ્ધ દૂધમાં હોય છે.

ઉપર જે ખાદ્યપદાર્થોની સમજણ આપવામાં આવી છે તે પણ સસ્તી છે અને સર્વસાધારણની ખર્ચશક્તિની સીમામાં આવે છે. આ સિવાય રસોઈ બનાવવાની વિધિમાં પણ થોડો સુધારો કરી લેવામાં આવે તો રસોઈ કરતી વખતે જે ઘણાં વિટામિન, પોષક તત્ત્વો નાશ પામતાં હોય છે, તેમને બચાવી શકાય છે. જેવી રીતે સામાન્ય ગૃહિણી લોટને ચાળીને થૂલું ફેંકી દે છે, જે શાકભાજીનાં છોડાં કડવાં નથી હોતાં, તેને પણ છોલી નાંખવામાં આવે છે. આવું કરવાથી કેટલાંય વિટામિનો નાશ પામે છે.

આહારમાં રહેલાં પોષક તત્ત્વોની રક્ષાને માટે શાકભાજીને લાંબા સમય સુધી રાંધવા ન જોઈએ અને તેમાં વધારે પ્રમાણમાં મસાલા નાંખીને તેની પૌષ્ટિકતાનો નાશ ન કરવો જોઈએ. આવી રીતે સાધારણ આવકવાળો પરિવાર પણ પોતાના માટે જરૂરી માત્રામાં પોષણયુક્ત આહાર પોતાની શક્તિમર્યાદાની અંદર રહીને પણ પ્રાપ્ત કરી શકે છે. જરૂરિયાત એ વાતની છે કે આહાર કયા પ્રકારનો લેવો છે અને કઈ રીતે રાંધવો છે તેમાં યોગ્ય સમજદારી અને સાવધાની રાખવી જરૂરી છે.

• • •

***આમ તો તેમનું જીવન શરૂઆતથી જ સાધનામય છે. સાધારણ વ્યક્તિ જેટલો સમય કમાણી માટે ખર્ચે છે, તેટલો તેઓ નિત્ય તેમની સાધનામાં આપતા રહ્યા છે. તેમણે સર્વસાધારણ માણસની સામે પોતાના જીવનને એક પ્રયોગના રૂપમાં રજૂ કર્યું, કે ગૃહસ્થ રહેવા છતાં, કમાણી કરતા જઈને, લોકસેવા કરતા જઈને કોઈ પણ માણસ આધ્યાત્મિક સાધના પણ કરી શકે છે અને એ માર્ગમાં આશાજનક પ્રગતિ પણ કરી શકે છે. મોટે ભાગે લોકો ગૃહસ્થજીવનને લોકસેવા અને પરમાર્થ સાધનામાં બાધક બને છે. તેમનું અનુમાન હોય છે કે, "બ્રહ્મચારી કે સંન્યાસી જ આધ્યાત્મિક પ્રગતિ કરવામાં સફળ થાય છે. ઘરજંજાળમાં ફસાયેલા લોકો માટે તો એ માર્ગ મુશ્કેલ છે." આવા લોકોની નિરાશાનું સમાધાન આમ તો શાસ્ત્રનાં પ્રમાણો, તર્કો અને ઉદાહરણોથી પણ થઈ શકે છે, પરંતુ પૂજ્ય આચાર્યે એને માટે પોતાનું ઉદાહરણ પૂરું પાડવાને જ સર્વોત્તમ ઉપાય ગણ્યો. ગૃહસ્થ રહ્યા અને એ પ્રમાણિત કર્યું કે આત્મોન્નતિ માટે ગૃહસ્થજીવન કોઈપણ રીતે બાધક નથી બની શકતું, પરંતુ એક સારી પરિસ્થિતિ ઉત્પન્ન કરી લેતાં તે સહાયક પણ બને છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસ્તિકતા સંવર્ધન

# પ્રાર્થના વડે યુગપરિવર્તન

મનુષ્ય કેટલો દીનહીન, સ્વલ્પ શક્તિવાળું, કમજોર પ્રાણી છે, એ રોજબરોજની જીવનચર્યા ઉપરથી ખબર પડે છે. તેને ડગલેને પગલે પરિસ્થિતિઓના આશ્રિત રહેવાનું હોય છે. ક્યારેક તો એવો સમય પણ આવે છે, જ્યારે અન્યનો સહયોગ ન મળે, તો તેનું મૃત્યુ સુધ્ધાં થાય છે. આ રીતના વિચાર કરવાથી તો મનુષ્યની લઘુતાનો જ આભાસ થાય છે, પરંતુ મનુષ્યની પાસે એક એવી પણ શક્તિ છે, જેના સહારે તે લોક-પરલોકની અનંત સિદ્ધિઓ, સામર્થ્યોનો સ્વામી થઈ શકે છે. આ છે પ્રાર્થનાની શક્તિ, પરમાત્માના પ્રત્યે અવિચલ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસની શક્તિ. મનુષ્ય પ્રાર્થના વડે પોતાને બદલે છે, શક્તિ પ્રાપ્ત કરે છે અને પોતાના ભાગ્યમાં પરિવર્તન લાવે છે. વિશ્વાસપૂર્વક કરવામાં આવતી પ્રાર્થનાથી તો ભગવાન પણ દોડતા આવે છે. ખરેખર, પ્રાર્થનામાં ઘણું બળ છે, અલૌકિક શક્તિ અને અનંત સામર્થ્ય છે.

પ્રાર્થના વિશ્વાસનો પડઘો છે. રથનાં પૈડાં જેટલાં વધુ ભારે તેટલાં જ ઊંડા નિશાન તે ધરતીની અંદર બનાવે છે. પ્રાર્થનાની રેખાઓ લક્ષ્ય સુધી દોડતી જાય છે અને મનોવાંછિત સફળતા મેળવી લાવે છે. વિશ્વાસ જેટલો ઉત્કૃષ્ટ હશે એટલું જ પરિણામ પણ સત્વર અને પ્રભાવશાળી હશે.

પ્રાર્થના આત્માની આધ્યાત્મિક ભૂખ છે. શરીરની ભૂખ અન્નથી મટે છે. આનાથી શરીરને શક્તિ મળે છે. એવી જ રીતે આત્માની આકુળતાને મિટાવવા અને તેમાં બળ ભરવાની સત્ સાધના, પરમાત્માનું ધ્યાન, આરાધના છે. આના લીધે પોતાના આત્મામાં પરમાત્માનું સૂક્ષ્મ દિવ્યત્વ ઝળકવા લાગે છે અને અપૂર્વ શક્તિનો સદુપયોગ આત્મબળસંપન્ન વ્યક્તિ કરી શકે છે. નિષ્ઠાપૂર્વક કરવામાં આવેલી પ્રાર્થના ક્યારેય અસફળ થઈ શકતી નથી.

આત્મશુદ્ધિનું આહ્વાન પણ પ્રાર્થના જ છે આના લીધે મનુષ્યના અંતઃકરણમાં દેવત્વનો વિકાસ થાય છે. વિનમ્રતા આવે છે અને સદ્‌ગુણોના પ્રકાશમાં વ્યાકુળ આત્માનો ભય દૂર થઈ સાહસ વધવા લાગે છે. એવું લાગે છે કે જાણે કોઈ અસાધારણ શક્તિ હંમેશાં આપણી સાથે રહેતી હોય. આપણે જ્યારે તેને આપણી રક્ષાની યાચના, દુઃખોથી રક્ષણ અને અભાવોની પૂર્તિને માટે વિનયપૂર્વક વિનંતી કરીએ છીએ ત્યારે તીવ્ર પ્રભાવ સ્પષ્ટ દેખાય છે અને આત્મસંતોષનો ભાવ ઉત્પન્ન થાય છે.

અસંતોષ અને દુઃખનો ભાવ જીવને ત્યાં સુધી પરેશાન કરે છે, જ્યાં સુધી તે ક્ષુદ્ર અને સંકુચિતતાથી ઘેરાયેલો છે. મતભેદોની નીતિ જ દરેક અનર્થોનું મૂળ છે. પ્રાર્થના આ પરેશાનીઓથી બચવાનો રામબાણ ઈલાજ છે. ભગવાનની પ્રાર્થનામાં બધા જ ભેદોને ભૂલી જવાનો અભ્યાસ થઈ જાય છે. સૃષ્ટિના બધા જ જીવો પ્રત્યે મમતા બંધાય છે, જેના લીધે પાપની ભાવનાનો લોપ થાય છે.

જ્યારે આપણે આપણી અસમર્થતા માની લઈને આપણા જીવનનો અધિકાર પરમાત્માને સોંપી દઈએ છીએ ત્યારે આ સમર્પણનો ભાવ પ્રાર્થના બની જાય છે. દુર્ગુણોનું ચિંતન અને પરમાત્મા દ્વારા થયેલ ઉપકારોનું સ્મરણ રાખવું એ જ મનુષ્યની સાચી પ્રાર્થના છે. મહાત્મા ગાંધી કહેતા હતા – **"હું કોઈ પણ કામ પ્રાર્થના વગર નથી કરતો. મારા આત્માને માટે પ્રાર્થના**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**એટલી જ અનિવાર્ય છે, જેટલું શરીરને માટે ભોજન."**

મનુષ્યજીવનમાં સારી અને ખરાબ બંને પ્રકારની પ્રવૃત્તિઓ રહે છે. આત્માના ગહન અંતરાલમાં તા સદ્ તત્ત્વ જોવામાં આવે છે. આ શુભ, શિવ અને પરમતત્ત્વ સાથે એકાકાર પ્રાર્થનાથી થાય છે, જેનાથી આસુરી વૃત્તિઓનો લોપ અને દૈવી ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રાર્થના દ્વારા જ અંતરાલમાં પ્રવેશ મળે છે અને બુદ્ધિની સૂક્ષ્મ ગ્રહણશીલતા ઊપજે છે. આ પરિવર્તનશીલ જગતનાં બધાં જ રહસ્યો ખૂલવા લાગે છે. મોક્ષની દુર્ભેદ્ય દિવાલ દૂર થઈને સત્ય પ્રકાશિત થવા લાગે છે.

હૃદયહીન વાચાળ પ્રાર્થના હોવી ન જોઈએ, જેમાં ફક્ત સ્વરનું મહત્ત્વ પ્રગટ થતું હોય, તે પ્રાર્થના નહીં પણ વિડંબના થઈ. પ્રાર્થના એવી હોય જે હૃદયમાંથી નીકળીને સમગ્ર ભૂમંડલને પ્રભાવિત કરે અને પરમાત્માના હૃદયમાં પણ ઉથલપાથલ મચાવી દે. આવી પ્રાર્થના તો નિષ્કામ, સાચી અને સજીવ જ હોઈ શકે છે. વર્ષાનું જળ જ્યારે પણ પડે છે ત્યારે સંપૂર્ણ ધરતીને ભીની કરી નાખે છે. પ્રાર્થનાના અભાવથી પરમાત્માનું અંતઃકરણ દ્રવિત થાય છે અને સાધકની ઉપાસનાથી અધિક પરિણામ પ્રાપ્ત થાય છે. સંત ટેનિસને લખ્યું છે – "જેટલું સંસાર સમજે છે, તેનાથી પ્રાર્થનામાં વધુ બળ હોય છે. એટલા માટે આપણી પ્રાર્થના એવી હોવી જોઈએ કે **હે પ્રભુ ! તારી શરણમાં આવ્યો છું, તારી પાસેથી એવો પ્રકાશ પ્રાપ્ત કરવા ઈચ્છું છું, જેના વડે અંધકારમાં ભટકતા મનુષ્યોનાં દુઃખ અને સંતાપ દૂર કરી શકું."**

અસહાય અવસ્થામાં જ્યારે મનુષ્યને ચારે તરફથી નિરાશા ઘેરી લે છે, શક્તિઓ સાથ નથી આપતી, ભાગ્યની કુટિલતા ડગલે ને પગલે હેરાન કરવા લાગે છે, પોતાનાં પારકાં બની જાય છે, ત્યારે પ્રાર્થના જ તેનો મિત્ર બને છે. પ્રાર્થના ખરાબ દિવસોમાં સહારો, અંધારિયાનું પાથેય અને દુઃખનો સાથી છે. જ્યારે કોઈ પણ રીતે મનુષ્યના પ્રયત્નો કામ નથી લાગતા, ત્યારે પ્રાર્થના દ્વારા જ તેને બળ મળે છે. સાચી કરુણાસભર પ્રાર્થનાનું ફળ તાત્કાલિક મળે છે.

દુષ્ટ દુર્ભાવનાઓને દૂર કરવામાં પ્રાર્થના એક અમોઘ સાધન છે. કામુકતા, ક્રોધ, મોહ અને અહંકારના મનોવિકાર પ્રાર્થનાની આગમાં બળીને ખાખ થઈ જાય છે. સ્વાર્થની ક્ષુદ્રતા ઘટતી જાય છે અને આંતરિક વિશાળતા વધવા લાગે છે. જીવન જીવવાની આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે. પ્રાર્થના એક અભૂતપૂર્વ શક્તિ છે. જેને કોઈ પણ પોતાની ભાવના દ્વારા ઉત્પન્ન કરી શકે છે. આગનો ગુણ છે કે તે જ્યાં પણ પ્રગટે છે ત્યાં ઉષ્ણતા પણ રહે છે. પ્રાર્થનાના તાપની પાસે પાપ રહી શકતું નથી.

પાપોનું પ્રાયશ્ચિત્ત કરવું પ્રાર્થનાનું જ એક કરુણ સ્વરૂપ છે. જ્યારે આપણે આપણાં પાપોનો સાચા હૃદયથી સ્વીકાર કરી લઈએ છીએ, ત્યારે તેનું કઠોર પરિણામ ભોગવવાની ક્ષમતા આવી જાય છે. આના લીધે આગલા જીવનનો પ્રકાશ આંખોની સામે દેખાવા લાગે છે, આશા જાગૃત થવા લાગે છે, જેના લીધે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આત્મસંતોષ અને અલૌકિક શાંતિ છવાયેલી રહે છે. એટલા માટે દરેક ધર્મમાં પ્રાર્થનાને મુખ્ય ગણવામાં આવે છે. આત્મ-વિકાસની પ્રક્રિયાઓમાં આનું સ્થાન સર્વપ્રથમ છે. બીજી યોજનાઓને માટે આના દ્વારા જ બળ મળે છે. એટલા માટે કોઈ પણ શુભકાર્ય કરતાં પહેલાં પ્રાર્થના અત્યંત ઉપયોગી સિદ્ધ થાય છે. આના લીધે એક પ્રકારનું બળ, વિશ્વાસ અને આશા જાગૃત થતી હોય છે, જે કોઈ પણ કાર્યની પૂર્ણતામાં સહાયક સિદ્ધ થાય છે.

આજે જે રીતે વિનાશક તત્ત્વો સંસારમાં ફેલાઈ રહ્યાં છે, તે રીતે તેનો નાશ કરવાને માટે વ્યાપક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રયત્નોની જરૂરિયાત છે. ધર્મપ્રિય લોકોની પાસે વિનાશક વૃત્તિના લોકો પાસે હોય તેવાં ભૌતિક સાધનોનો ભંડાર તો હોતો નથી, અને હોય તો પણ તેમાં તેમને વિશ્વાસ નથી, પરંતુ તેમની પાસે પ્રભુનું જે સ્મરણ અને પ્રાર્થનારૂપી અપરિમિત શક્તિ છે તે સંસારની બધી શક્તિઓ કરતાં ઘણી બધી વધારે છે. જો આજે સંસારના બધા સદાશયી મનુષ્યો એકલા અથવા એક સાથે પ્રભુની પ્રતિદિન પ્રાર્થના જ કરવા લાગે, તો સંસારનાં બધાં જ અનિષ્ટો દૂર થઈ જાય અને તેના સ્થાન પર સુખ અને શાંતિના પ્રવાહ વહેવા લાગે.

એ નિર્વિવાદ છે કે જો આજના ધનવાન, સત્તાધારી, વૈજ્ઞાનિક, રાજકારણી વગેરે પોતાનું કામ કરતા રહીને પણ નિત્ય, થોડોક સમય પ્રભુની પ્રાર્થનાનો કાર્યક્રમ પણ અપનાવી લે, તો આજનાં વિનાશનાં આ બધાં જ સાધનો સ્વતઃ નિર્માણનાં સાધનોમાં બદલાઈ જશે. તેમના જીવનનો પ્રવાહ અનાયાસે જ સ્વાર્થના બદલે પરમાર્થ તરફ વહેશે અને ત્યારે તે સ્વયં વિનાશક ઉપાદાન પ્રત્યે ઘૃણા કરવા લાગશે અને પોતાની ક્ષમતાઓને વિશ્વકલ્યાણની દિશામાં વાળી દેશે, પરંતુ તેનામાં આ પ્રકારનું પરિવર્તન લાવવાને માટે વધારે ને વધારે લોકોએ પ્રાર્થનાઓ કરવી જોઈએ. પોતાની પ્રાર્થનામાં લોકોને સદ્‌બુદ્ધિ મળે તેવો ભાવ પણ રાખવો જોઈએ.

લોકો પ્રાર્થનાઓના મહત્ત્વને સમજે તો છે અને તેમાં વિશ્વાસ પણ કરે છે, પરંતુ ખબર નહીં કેમ નિત્ય પ્રભુ પ્રાર્થના નથી કરતા, જેનાથી સંસારમાં આપત્તિઓ આવે જ નહીં. જ્યારે વિનાશ પોતાનું તાંડવ શરૂ કરી દેશે, ત્યારે મનુષ્યની બુદ્ધિ ગ્રસિત થઈ જશે. દરેકને પોતપોતાની ચિંતા થશે અને ત્યારે એવી અશાંત મનઃસ્થિતિમાં પ્રાર્થનાઓનો એ પ્રભાવ નહીં હોય જે શાંત મનઃસ્થિતિમાં હોય છે. એટલા માટે આજથી જ આપણે સૌએ વ્યક્તિગત અને સામૂહિક રૂપથી પ્રભુ-પ્રાર્થનાનો કાર્યક્રમ પોતાના તથા સંસારના કલ્યાણને માટે બનાવવો જોઈએ. મનુષ્ય જેટલો પરમાત્મા પ્રત્યે ઉન્મુખ રહે છે તેટલો તે વધુ શાંતિ પામે છે. સંસારમાં શાંતિ લાવવા માટે પોતાના હૃદયમાં જેટલો વધારે શાંતિપૂર્વક પ્રયત્ન કરવામાં આવશે તેટલો વધારે તે સફળ થશે. એવું કોણ છે જે આજે આ અશાંત વાતારવણથી ત્રસ્ત ન હોય. ? એક પણ એવી વ્યક્તિ જોવા નહીં મળે જે આનાથી મુક્તિ ઇચ્છતી ન હોય. આ બધાં જ દુઃખોમાંથી છૂટવાનો એક જ ઉપાય છે – 'પ્રાર્થના.'

જ્યારે એક વ્યક્તિ પણ પ્રાર્થના કરશે, ત્યારે તેનાથી વાતાવરણ ઉપર જે પ્રભાવ પડશે, તેનાથી અન્ય વ્યક્તિ પ્રભાવિત થઈને પ્રાર્થના કરવાને માટે ઉત્સુક થઈ ઊઠશે અને એમ એક પછી એકબીજાને પણ ઇચ્છા થશે. આ રીતે એક દિવસ આખા સંસારનું વાતાવરણ પ્રભાવિત થઈ ઊઠશે. આત્માને પરમાત્મા સાથે મેળવવાવાળી આ પુણ્ય પ્રક્રિયાને દૈનિક જીવનની એક આવશ્યક ક્રિયા ગણીને તેને નિત્ય નિષ્ઠાપૂર્વક કરતા રહેવામાં આવે.

• • •

*નારીઉત્થાનને માટે જો ખરેખર કંઈક કરવા ઇચ્છતા હો, તો ફક્ત એટલું કરો કે તેને દરેક ક્ષેત્રમાં વિકસિત થવાનો અવસર આપો, તેના માટે તેને ઉત્સાહિત કરો અને પૂરી તત્પરતા સાથે સહયોગ આપો. જો કોઈ ભૂલ થાય તો તેનો સ્વીકાર પણ તમે કરી લો, નારી પોતાનો પક્ષ સંભાળવા પૂરતી સક્ષમ છે.*

*– સ્વામી વિવેકાનંદ*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુરીતિ-ઉન્મૂલન

# જાહેરાતો અને પ્રચાર કે માતૃશક્તિ પર પ્રહાર

ચિત્રોનો પ્રભાવ મનુષ્ય મન ઉપર અનિવાર્ય રૂપથી પડતો હોય છે અને તે અસાધારણ પણ હોય છે. ધ્યાનથી જોશો તો પ્રભાવ ઘણો અંદર ઊતરેલો દેખાશે. સારાં પ્રેરણાદાયક ચિત્રો ધ્યાનપૂર્વક જોવાથી પોતાનો પ્રભાવ છોડવાનું ચૂકતાં નથી. પત્ર-પત્રિકાઓ અને સાર્વજનિક સ્થાનોમાં વિજ્ઞાપન ચિત્રો લગાડવામાં આવે છે. અધિકાંશ ચિત્રોમાં વિજ્ઞાપિત વસ્તુઓની સાથે છોકરીઓ-યુવતીઓનાં ચિત્રો પણ વિચિત્ર મુદ્રામાં છાપવામાં આવે છે. અશોભનીય અથવા અશ્લીલ રૂપમાં દર્શાવેલ સ્ત્રી-આકૃતિઓનો પ્રભાવ જોનારાના મન ઉપર કેવો પડતો હશે તે કહેવું મુશ્કેલ છે. આશ્ચર્યની વાત તો એ છે કે જે વિષય અંગે માતાપિતા પોતાનાં બાળકો સામે ચર્ચા કરવા માગતાં નથી હોતાં, જ્યારે આવાં ચિત્રોને પોતાનાં બાળકોની સાથે જોતાં હશે અને ત્યારે બાળકો આ ચિત્ર અંગે માતાપિતાને પૂછતાં હશે, તો ત્યારે માતાપિતા કેવા ઉત્તર આપતાં હશે ? અને શું ઉત્તર આપી શકતાં હશે ખરાં ?

યુવાન અને વૃદ્ધ વ્યક્તિઓ પર અશોભનીય ચિત્રોનો એટલો ખરાબ પ્રભાવ નથી પડતો, જ્યારે બાળકો પર કોઈ પણ વસ્તુનો પ્રભાવ તરત જ પડે છે, કારણ કે તેઓ સુકોમળ હોવાની સાથે સાથે જિજ્ઞાસુ અને અસાવધાન પણ હોય છે.

એવું નથી કે યુવાનો વૃદ્ધોમાં બાળસહજ જિજ્ઞાસા ન હોવાના કારણે તેમની ઉપર કોઈ પ્રભાવ નથી પડતો. ખરેખર તો મનુષ્યનું મન સ્વાભાવિક રીતે અધોગામી હોય છે, પરંતુ બાળકોના મનમસ્તિષ્ક સાથે એ વિશેષ પરિસ્થિતિઓ પણ જોડાયેલી હોય છે. ફળસ્વરૂપ તેમના સંસ્કાર, ચરિત્ર, દશા વિશેષ રૂપથી પ્રભાવિત થતાં હોય છે. જાહેરમાં સાર્વજનિક સ્થાનોની સાથેસાથે જ્યારે આવાં વિજ્ઞાપન કેલેન્ડર અને રંગીન ચિત્રોના રૂપમાં ઘરોમાં પણ પ્રવેશી જાય છે, ત્યારે ચોવીસે કલાક નજરમાં રહેતી છબી ઘરના સદસ્યોના ચારિત્રિક સંસ્કારો ઉપર પોતાનો પ્રભાવ ન પાડે તેવું બની શકે ખરું ?

આવાં વિજ્ઞાપિત ચિત્રોને વિષયાસક્તિનું નિઃશુલ્ક અને અનિવાર્ય શિક્ષણ ગણાવતાં સંત વિનોબાએ કહ્યું છે – "મેં શહેરોની દીવાલો ઉપર એવાં ગંદાં, ઘૃણિત અને બીભત્સ ચિત્રો જોયાં છે, જેનું માત્ર સ્મરણ કરતાં આંખમાં આંસુ આવી જાય છે. માતાપિતા આવાં ચિત્રોને સહન કેવી રીતે કરતાં હશે ? આ પોસ્ટરો જાહેર રસ્તા ઉપર હોય છે અને દરેકની આંખો ઉપર આક્રમણ કરે છે. શહેરોમાં નાગરિકોને, બહેનોને શરમાવું પડતું હશે, નજરને નીચી કરી લેવી પડતી હશે. જાહેર રસ્તા ઉપર ચાલનાર નાગરિકની આંખો ઉપર હુમલો કરવાનો કોઈને હક ખરો ?" વિનોબાજીનો આ પ્રશ્ન પોતે એક સચ્ચાઈ છે. અધિકાંશ લોકો આ પ્રશ્નની આવશ્યકતા અનુભવતા નથી અને આ બાબતે વિચારવાનું પણ જરૂરી સમજતા નથી.

શબ્દોની અપેક્ષાએ ચિત્ર મનુષ્યના ચિત્ત ઉપર જલદીથી અસર કરે છે. મનોરંજનમાં પણ સાહિત્ય અને કથાનકની અપેક્ષા સિનેમા અને નાટકની પસંદગી કરનારા સંખ્યા વધારે છે. જાહેરાતો અને અશોભનીય ચિત્રોના માધ્યમથી જે વાતો જનતાની વચ્ચે જેટલી વધારે વ્યાપક રૂપથી પહોંચે છે, તેનાથી ઘણી જ ઓછી સાહિત્ય દ્વારા પહોંચે છે, એટલે કે એક બાજુ ઉપયોગી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાહિત્ય મૂકવામાં આવે અને બીજી તરફ ચિત્ર, તો સાહિત્યની અપેક્ષાએ ચિત્ર વધુ પ્રભાવશાળી બની શકે છે. જ્યારે વિજ્ઞાપનચિત્રો દ્વારા વસ્તુઓને લોકપ્રિય બનાવવાની વ્યવસ્થા કર્યા બાદ જો અશોભનીય ચિત્રોનો પ્રયોગ કરવામાં આવે તો સુધારવાદ અને ચરિત્રનિર્માણપૂરક સાહિત્યના પ્રયત્નોના પ્રભાવની ક્ષમતા મોટી સીમામાં અવરોધાઈ જાય છે.

અશોભનીય અને અશ્લીલ ચિત્રો કોને કહેવાં ? ઈન્દોરમાં એકવાર જાગૃત મહિલાઓએ અશ્લીલ પોસ્ટરો સામે વિરોધ કર્યો તો પૂછવામાં આવ્યું કે અશોભનીય પોસ્ટર કોને કહો છો ? તો જવાબ હતો કે, જે પોસ્ટરોને માતાપિતા પોતાનાં બાળકો સાથે જોઈ નથી શકતાં.

આ કથન એક રીતે સાચું છે, સાથે સાથે વિકારોને ભડકાવતાં ચિત્રોને આ સ્તરનાં ગણવા એટલાં જ જરૂરી છે. અશ્લીલ પોસ્ટરોના સબંધમાં, વિજ્ઞાપન ચિત્રોના માધ્યમથી મળતી નીચ-ખરાબ પ્રેરણાઓ અને તેનાથી થતા નુકસાનના સંબંધમાં જણાવતાં સંત વિનોબાજીએ કહ્યું છે – "ભારતમાં સ્ત્રીઓને મહિલા કહેવામાં આવે છે. આટલો ઉન્નત શબ્દ સંસારની બીજી કોઈ ભાષામાં જોવા નથી મળતો, પરંતુ સ્ત્રીનું આટલું ગૌરવ હોવા છતાં પણ લોકો સ્ત્રીની તરફ કામભાવથી જુવે છે. અશોભનીય ચિત્રો, વિજ્ઞાપનોમાં સ્ત્રીઓની અભદ્ર મુદ્રાઓનો ઉપયોગ, ગંદાં ચલચિત્રો જેવા પ્રચારનાં સાધનો દ્વારા સ્વાર્થી તત્ત્વો માતૃશક્તિ ઉપર ખુલ્લેઆમ પ્રહાર કરે છે અને આપણે સૌ તેને સહન પણ કરીએ છીએ. હું નથી માનતો કે પ્રગતિનાં કોઈ દ્વાર ખૂલે. **ખરેખર તો જ્યારે શીલ ઊંચે ઊઠે છે ત્યારે જ દેશ આગળ વધે છે. એટલા માટે આપણે શીલ અને માતૃત્વ ઉપર થનારા આ આક્રમણને રોકવા માટે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ."**

અશ્લીલ પોસ્ટર અને ગંદાં ચિત્રો જ્યાં પણ દેખાય ત્યાંથી તેમને દૂર કરવાં અને ઘરમાં એવાં ચિત્રોને કોઈ સ્થાન ન આપવું તે માતૃશક્તિની પુનઃપ્રતિષ્ઠાની દિશામાં એક પ્રભાવશાળી અને પ્રશંસનીય પ્રયત્ન હોઈ શકે છે. આવાં ચિત્રોની જ્યારે ઉપેક્ષા કરવામાં આવશે, ત્યારે તેને પ્રસારિત કરનારા લોકો પણ આપોઆપ સ્વતઃ નિરુત્સાહિત થઈ જશે. અશ્લીલ ચિત્રો અને પોસ્ટરોને પોતાના અસ્તિત્વ ઉપર, પરિવાર પર અને સમાજ પર લાગેલું કલંક સમજીને તેને દૂર કરવા માટે દરેક પ્રકારનો ઉચિત પ્રયત્ન કરવો જ જોઈએ.

સૌંદર્ય ઉપાસનાની વસ્તુ છે, ઉપેક્ષા અને અવજ્ઞાની નહીં. એ જીવનનું ઈશ્વરીય તત્ત્વ છે, તેના પ્રત્યે પવિત્ર દૃષ્ટિની, શુદ્ધ આચરણની અપેક્ષા રહે છે, અનાદર અને અપમાનની નહીં. ભગવાનની મૂર્તિ સુસજ્જિત ઉપાસનાગૃહમાં પૂજિત અને પ્રતિષ્ઠિત રાખવામાં આવે છે. જો તેને જ્યાં-ત્યાં, સ્થાન વગર, ગલીએ ગલીએ ફેરવવામાં આવે તો, એનાથી એ મહાસત્તાની શાન કઈ રીતે જળવાશે ? આપણી શ્રદ્ધા અને વિશ્વાસનો સર્વનાશ જ થશે. તેના પ્રતિફળનો પ્રભાવ જીવનના પ્રત્યેક ક્ષેત્રને કલુષિત, કલંકિત અને કુરૂપ બનાવશે.

આજના સામાજિક જીવનમાં જે અવાંછનીયતાઓ, ચરિત્રહીનતા, શંકાની દૃષ્ટિ અને સદ્વ્યવહારનો અભાવ મનુષ્યજાતિને ખૂબ હેરાન કરી રહ્યાં છે, એનું એક મોટું કારણ સૌંદર્યભરી નારીના પ્રત્યે કુદૃષ્ટિ અને ઉપેક્ષાનું જ પરિણામ છે. જે નારીને ભારતીય સંસ્કૃતિની શક્તિ, સરસ્વતી અને લક્ષ્મી સમાન સમ્માનિત, સુપૂજિત રૂપમાં પ્રતિષ્ઠિત કરી, જેને મા અને ગૃહલક્ષ્મી કહીને સંબોધિત કરી, આજે તેને જ વસ્ત્રહીન કરી જાહેરમાં ફેરવવામાં આવી રહી છે. આનાથી વધારે શરમજનક વાત બીજી કઈ હોઈ શકે છે ? જેણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નવડાવી-ધોવડાવી, પોતાના સંવેદનશીલ સંસ્કારો વડે અભિસિંચિત કરી, પોતાનાં રસ, રક્ત અને પ્રાણથી પોષણ પ્રદાન કરી મનુષ્યને મનુષ્ય કહેવડાવવા યોગ્ય બનાવ્યો એ 'મા'ને પુરુષ નિર્વસ્ત્ર કરે, તો આ એ પુરુષ માટે ધિક્કારભરી બાબત કહેવાય.

સૌંદર્યને સ્તર વગરના આકર્ષણનો આધાર બનાવીને નારીને આજે જે રીતે જાહેરાતો ઘસેડવામાં આવે છે તે જોઈને માનવીય નિંદા સુધ્ધાં સંકોચાઈ રહી છે. જે અવયવો સૃષ્ટિના આધાર છે, જેનું પ્રકૃતિએ માનવીય સત્તાના પોષણને માટે નિર્માણ કર્યું છે, જેને માતૃસત્તા ઢાંકીને રાખતી આવી છે, તેને આવરણવિહીન કરનારા મનુષ્યના હાથને વિષધર જ કહેવા જોઈએ. જેઓ પોતાની જાતને સરસ્વતીપુત્ર-કલાકાર તરીકે ઓળખાવે છે તેઓ જ આવા પ્રકારનું હલકું કૃત્ય કરી રહ્યા છે. ધનલાલસામાં લજ્જાને વિજ્ઞાપિત કરવાની આ કલા કરતાં તો સારું થાત કે મનુષ્ય કલાહીન થઈ ગયો હોત. ખેડૂતની માફક જાડાં કપડાં પહેરવાં, જે મળે તે ખાઈ લેવું, સામાન્ય જિંદગી સંતોષપૂર્વક જીવવાની સરળતા અને સાદગી પ્રશંસનીય છે, પરંતુ પ્રગતિ અને કલાકૌશલ્યના નામ ઉપર દેવતત્ત્વને ભ્રષ્ટ કરવાની પ્રવૃત્તિ તો જેટલી ધિક્કારવામાં આવે એટલી ઓછી છે.

આધુનિકતાના નામ ઉપર શું નારી અને તેનું સૌંદર્ય જ વિજ્ઞાપનની વસ્તુ તરીકે બાકી રહ્યું છે ? જે સિનેમાની જાહેરાતોથી લઈને કેલેન્ડર, સાબુ, દંતમંજન અને બીડી, માચીસ સુધ્ધાંમાં નારીને જ ચિત્રિત કરવામાં આવે છે. લોટરીની જાહેરાતોથી લઈને શરાબની બોટલો સુધ્ધાંમાં તેની જ છબી પ્રદર્શિત કરવામાં આવે છે. બજારની દરેક વસ્તુને વેચવાનો ઈજારો જાણે નારીના સૌંદર્યએ જ લઈ લીધો હોય અથવા નારીનું સૌંદર્ય શું એટલું ખરાબ છે કે તેને સાર્વજનિક શૌચાલયોમાં ચોંટાડવામાં કોઈને કશી પણ મુશ્કેલી નડતી નથી ? સાર્વભૌમિક છબી ન લગાવીને કોઈ જાહેરાતમાં વ્યક્તિ વિશેષની સહધર્મિણીનું ચિત્ર લગાવી દેવામાં આવે ત્યારે, એને પૂછવામાં આવે કે તને કેવું લાગે છે ? તો સંભવ છે કે તે વ્યક્તિ શરમથી માથું ઊંચું કરી નહીં શકે, પરંતુ મનુષ્ય કેટલો અવિવેકી છે, કે એટલું પણ નથી વિચારતો કે સવાલ એ નથી કે છબી કઈ સ્ત્રીની છે. મુખ્ય વાત જોવાની દૃષ્ટિ અને દૃષ્ટિકોણમાં રહેલા દૂષણની છે. જો સાર્વજનિક જીવનમાં આ દૃષ્ટિકોણ આવે, તો તેના લીધે પત્ની, બહેન, બેટી કોઈપણ અપવિત્ર થયા વગર રહેતું નથી. લાગે છે કે મનુષ્ય આ અદૂરદર્શિતાની પાછળ આંખો બંધ રાખીને મચી પડ્યો છે, ત્યારે જ તો તે પોતાની નજરોથી નારીની આ ગંદી જાહેરાતો જોતો રહે છે, પરંતુ તેનામાં અસહયોગ કે વિદ્રોહની આગ સુધ્ધાં ભડકતી નથી. જો **આપણે સંઘર્ષ કરી ન શકીએ, જાહેરાતોમાં નારીને ચિત્રિત કરવા, તેની અંગચેષ્ટાઓ દર્શાવતા નિર્માતાઓને રોકી ન શકીએ, લડી ન શકીએ, તો આ કુકૃત્યના પ્રત્યે સાર્વજનિક આક્રોશ વ્યક્ત કરવા માટે તેમની હોળી તો પ્રગટાવી જ શકીએ છીએ. લોકોમાં દૂષિત દર્શન પ્રત્યે ઘૃણા તો ઉત્પન્ન કરી શકીએ છીએ. કદાચ આ પણ ન કરી શકો તો જે વસ્તુઓ માટે નારીનો જાહેરાતમાં ઉપયોગ થયો છે તે વસ્તુનો બહિષ્કાર તો કરી જ શકીએ છીએ. આ પણ એક પ્રકારનો સંઘર્ષ જ છે અને વધારે પ્રભાવશાળી પણ છે.** જો તે વસ્તુઓનો ઉપભોગ લોકો એવી નૈતિક ચેતનાના ફળસ્વરૂપ બંધ કરી દે કે નારીજાતિનું નગ્ન પ્રદર્શન સહન કરવામાં નહીં આવે,તો આવા ધનના લોભી પોતે જ એવા ખરાબ આચરણનો પરિત્યાગ કરી દેશે. આવા લોકોની સંખ્યા પ્રમાણમાં થોડી છે. જે સાબુ, પેયપદાર્થ, કેલેન્ડર, પુસ્તકો તથા અન્ય વસ્તુઓ પર જાહેરાતોમાં નારીનું પ્રદર્શન કરે છે, પરંતુ એવા લોકો જ સમાજ ઉપર એવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રીતે છવાયેલા છે, જાણે ઉપભોક્તા વર્ગ અલ્પ સંખ્યામાં હોય અને તેઓ બહુસંખ્યક. વાત ફક્ત સહયોગની છે. અસહયોગના લીધે બ્રિટીશશાસન જેવી સત્તાને બિસ્ત્રા પોટલાં બાંધવા પડતાં હોય, તો જો આ ગંદી જાહેરાતોવાળી વસ્તુઓનું ખરીદ-વેચાણ બંધ કરવાનો લોકો સંકલ્પ લઈ લે તો આ કહેવાતા પ્રગતિશીલ અને બુદ્ધિવાદીઓની ટૂંક સમયમાં જ આંખ ખોલી શકાય છે.

આપણી સામાજિક સમસ્યાઓમાં અનૈતિક આચરણનો વિસ્તાર એક અવગુણ છે, જેના લીધે આપણી સૃજનાત્મક શક્તિઓ નાશ પામી રહી છે. સામાજિક જીવનમાંથી અવિશ્વાસનું વધતું ઝેર હવે ઘર-ઘરમાં પહોંચી રહ્યું છે. તેનો અંત કેવો હશે ? આ દેશના પરિપ્રેક્ષ્યમાં તેની કલ્પના કરવી પણ શરમજનક છે, પરંતુ આ થઈને રહેશે. જો સમયની સાથે રહેતાં આપણે સાવધ નહીં થઈએ તથા માતૃસત્તા પ્રત્યે કલુષિત દૃષ્ટિકોણના નિવારણનો પ્રયત્ન નહીં કરીએ.

એકલી સ્ત્રી આ દિશામાં કશું કરી નથી શકતી. આ સામાજિક અવગુણે વ્યાપક રૂપ ધારણ કરી લીધું છે અને હવે સિનેમા, ચિત્રકલા જેવામાં પણ ખરાબ રીતે ફેલાઈ રહ્યું છે. જરૂરિયાત સમયની પહેલાં આગની જ્વાળાઓને રોકવાની છે, નહીંતર એની લપેટમાં સંપૂર્ણ સમાજ બળીને રાખ થઈ શકે છે.

• • •
• •

*વિચારશીલ લોકો વર્તમાન અધ્યાત્મ ચિંતનશૈલીને એટલા માટે પ્રતિગામી માને છે કે તે પ્રગતિના માર્ગને અવરોધે છે, મિથ્યા સંતોષ પેદા કરીને આશાની જ્યોતિ બુઝાવી દે છે. 'સ્વ'ને ખોઈને એક રીતે એવી વ્યક્તિ પરાવલંબી થઈ જાય છે. વાસ્તવમાં ઊલટું થવું જોઈતું હતું. અધ્યાત્મનો અર્થ જ આત્મનિર્ભરતા અને આત્મિકપૂર્ણતા છે. જ્યાં અપૂર્ણતાઓ સાથે સમાધાન કરી લેવામાં આવે, પ્રગતિને બિનજરૂરી માનવામાં આવે અને આત્મોત્કર્ષ માટે જરૂરી પુરુષાર્થને કોઈ બીજાની ભાવનાની કૃપા સાથે બાંધી દેવામાં આવે તો નિઃસંદેહ લક્ષ્યની દિશામાં આગળ વધવાનું અટકી જશે. સ્થિતિ આ જ છે, જેને કહેવાતા અધ્યાત્મવાદીઓના જીવનક્રમનું વિશ્લેષણ કરવાથી સરળતાથી જાણી શકાય છે. આ જ કારણે વર્તમાન આધ્યાત્મિકતાને વિચારશીલ વર્ગ નાપસંદ કરે છે, એને અનુપયોગી માને છે અને વ્યક્તિ તથા સમાજના વિકાસક્રમમાં અડચણ માને છે, જ્યારે વાસ્તવિકતા એવી નથી. અધ્યાત્મના મૂળ સિદ્ધાંત જેને આજે ભૂલાવી દેવામાં આવ્યા છે, વસ્તુતઃ એવા પ્રખર છે કે એનો આધાર લેવાથી પ્રગતિનો માર્ગ અવરોધાતો નથી, બલકે ખૂલે છે. જો એમ હોત તો પ્રાચીનકાળમાં ઘેરે-ઘેર મહામાનવ ઉત્પન્ન થાત ? પોતાના સમાજને શુદ્ધ કરતા જઈને સમગ્ર સંસારમાં દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરી શકવાનો આધાર કેવી રીતે બનતા ? ભારતીયતા સમગ્ર વિશ્વમાં ગૌરવાન્વિત કેવી રીતે થતી ? અને આધ્યાત્મિકતાને દેવ વિદ્યા, સંજીવની વિદ્યા, બ્રહ્મ વિદ્યાને નામે શા માટે બોલાવવામાં આવત અને શું એને પ્રાપ્ત કરવા માટે સર્વત્ર લાલસા આકાંક્ષા ઊભરાતી ?*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**પ્રજ્ઞાપુરાણ સ્કંધ**

# પ્રજ્ઞાપુરાણમાં શિશુનિર્માણનું શિક્ષણ

આજનું બાળક આવતીકાલના સમાજનો સંચાલક કે રાષ્ટ્રનેતા બની શકે છે. નાના છોડ વિશાળ વૃક્ષ બને છે. એટલા માટે કુશળ માળીની માફક ગૃહસ્થને જાગૃત રહેવાનું છે કે ક્યાંક શિશુના વિકાસના સમયમાં સુરક્ષામાં કશીક ઊણપ તો રહેતી નથી ને. કેવું વાતાવરણ હોય તો તે યોગ્ય નાગરિક બની શકે ? આ બાબતે ધ્યાન આપવાની આવશ્યકતા છે. ગઈકાલની ભૂલોમાંથી પાઠ ભણીને અને નુકસાનને ધ્યાનમાં રાખીને તેને સુધારવામાં જ સમાજની દરેક વ્યક્તિએ વધુ તત્પરતા દર્શાવવાની જરૂર છે. આજે ગૃહઉદ્યાનના સુરમ્ય છોડ એવા બાળકને યોગ્ય રીતે સમજીને તેના વ્યક્તિત્વ-નિર્માણમાં સાવધાની વર્તવાની જરૂરિયાત ઉદ્ભવી છે. બાળકનો અપરિપક્વ સ્થિતિમાંથી પરિપક્વ સ્થિતિમાં વિકાસ થતી વખતે જો કોઈ ત્રુટિ રહી જતી હોય તો તેનો બધો જ દોષ પરિવારની ધરીનાં બે મહત્ત્વપૂર્ણ અંગ એવાં માતા-પિતા ઉપર જ જાય છે. એટલા માટે જન્મથી જ અધિક જાગૃત થઈને તેમના વિકાસને વધુ મહત્ત્વ આપવું જરૂરી છે. સારા વાતાવરણમાં ઉછરેલ બાળક જ પોતાની પ્રતિભા દ્વારા આખા સમુદાયના ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. ઘણા બધા ઉપચારો, યોગ્ય પોષણ આપનારું વાતાવરણ હોય ત્યારે જ સુયોગ્ય નાગરિક બનાવી શકાય છે. વંશ સત્કર્મોથી ચાલે છે.

**કર્મભિઃ સદ્ભિરેવૈતત્કુલં સંશોભતે નૃણામ ।**
**સન્તતેઃ સંસ્કૃતાયા હિ હસ્તદત્તૈઃ પ્રિયૈરલમ્ ॥**
**પિણ્ડૈઃ પિતર આયાન્તિ સુખં સંતોષમેવ ચ ।**
**કૃપાત્રાણાં ધ્રુવં યાન્તિ નરકં પિતરઃ સદા ॥**

**— પ્ર. પુ. ૩/૪/૧૭-૧૮**

શિશુનિર્માણમાં પારિવારિક વાતાવરણની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. જે રીતે કુંભાર ચાકડાની સમીપ બેસીને માટીને ઇચ્છે તેવું જ રૂપ આપી દે છે, બસ તેવી જ રીતે યોગ્ય માતાપિતા પોતાના આવનારા સંતાનને ગુણ, કર્મ તથા સ્વભાવ આપવામાં સમર્થ હોય છે. માતાપિતાનું શારીરિક સ્વાસ્થ્ય, માનસિક વિકાસ, આર્થિક સ્થિતિ જેવાં હોય છે, તેવું જ સંતાન પણ હોય છે. 'પ્રજ્ઞાપુરાણ'માં પૂજ્ય ગુરુદેવના આ વિષય અંગેના વિચાર જાણીએ —

**કિલન્નમૃત્સ્નેવ બાલાસ્તુ ભયન્ત્યેવ ચ તાન્ સમાન ।**
**પરિષ્કૃતાન્ કુટુંબસ્ય વૃતૌ કર્તુમિહેષ્યતે ॥**

**— પ્ર. પુ. ૩/૪/૨૧**

'પ્રજ્ઞાપુરાણ'માં પૂજ્ય ગુરુદેવ દ્વારા વીર સપૂતોની અમર કથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. વીર શિવાજી, રાણાપ્રતાપ, ભરત, અબ્રાહમ લિંકન, કેનેડી, સિકંદર, રાષ્ટ્રપતિ આઈજન હોવર જેવા અનેક મહાપુરુષોને બનાવવામાં તેમના વ્યક્તિત્વ અને સફળતાઓનું શ્રેય તેમની માતાઓને જ આપવામાં આવ્યું છે. **શંકુતલાનું શિશુનિર્માણ, માતાઓ દ્વારા પ્રેરણા અને પ્રશિક્ષણ, વિલક્ષણ મેધાવી બાળક એડીસન મહામાનવ કેવી રીતે બન્યા, હું ખોટો નથી, યોગ્ય ન લાગે તો છોડી દો, અહંકારનું દમન, સ્વાભિમાની માતા** જેવી અનેક ઐતિહાસિક કથાઓ દ્વારા પૂજ્ય ગુરુદેવે એવી ઘોષણા કરી છે કે, આદર્શ માતાઓ જ વીર, સંત, ભક્ત, સમાજસુધારક તથા મહાપુરુષોની જન્મદાતા છે. બાળપણમાં જ ત્યાગ અને બલિદાન જેવા સંસ્કારોને પોતાની મમતાની સાથે પિવડાવનારી માતા જ હોય છે.

શિશુનિર્માણના મહત્ત્વપૂર્ણ સૂત્રનું રહસ્ય દર્શાવતાં પૂજ્ય ગુરુદેવ લખે છે કે વ્યક્તિ અને સમાજ વચ્ચેની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કડી પરિવાર છે. આ એવી ખાણ છે જેમાંથી મહાપુરુષરૂપી હીરામોતી નીકળે છે. આજે એ પરિવાર-વ્યવસ્થા લથડી ગઈ છે. આજે પરિવાર કામકૌતુક, ભોગવિલાસનું કેન્દ્ર બની ગયો છે. આજે મનુષ્ય બાહ્ય રૂપે ઈન્સાન છે, પરંતુ તેની અંદર એ માનવ ગરિમા, સભ્યતા તથા વિવેકનો અભાવ છે કે જેનાથી તે બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકે. ઇતિહાસ સાક્ષી છે કે પ્રાચીન સમયમાં શતરૂપા તથા મનુએ કઠોર તપસ્યા કરી હતી ત્યારે તેમને રામ જેવા પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. રાજર્ષિ જનકને મહાયજ્ઞ દ્વારા જ સીતા જેવી પુત્રી પ્રાપ્ત થઈ હતી. આજે ક્યાં છે કૌશલ્યા તથા રાજા દશરથ જેવાં માતાપિતા, રાજા જનક જેવા યોગી, ક્યાં છે રાણી સીતા તથા માતા શકુંતલા, જેમણે પતિ દ્વારા તરછોડાવા છતાં પણ લવ-કુશ તથા ભરત જેવા સુપુત્રોનું નિર્માણ કર્યું, જેમને માટે આજે પણ ભારતવર્ષને ગર્વ છે. સ્વયં તપસ્વી તથા સંયમી હોવાથી જ સુસંસ્કારી સંતાન ઉત્પન્ન થઈ શકે છે. પૂજ્ય ગુરુદેવે વેદ તથા શાસ્ત્રોમાંથી અનેક ઉદાહરણ આપીને એ સમજાવવાનો પ્રયાસ કર્યો છે કે સૃષ્ટા તથા વૈદિક ૠષિઓએ લગ્નવ્યવસ્થા ઇન્દ્રિય-લાલસાની પૂર્તિને માટે અને ભોગવિલાસને માટે નહીં, શ્રેષ્ઠ નાગરિકને જન્મ આપવાને માટે કરી છે.

**કશરીભૂતો યે તુ મનોરોંગગાભિબાધિતાઃ**
**દુઃસ્વભાવા દુરાચારા વર્ધ્યયેયુર્ન સન્તતિમ્.**
**— પ્ર. પુ. ૩/૪/૧૪**

વર્તમાન યુગમાં શિક્ષકનું સ્વરૂપ જ બદલાઈ ગયું છે. આજે વિદ્યાર્થીઓને વિવિધ જ્ઞાનવિજ્ઞાન, ભાષા, ઇતિહાસ, ભૂગોળ વગેરેનું શિક્ષણ તો આપવામાં આવે છે, પરંતુ સુયોગ્ય નાગરિક બનવાની પ્રેરણા ન તો શાળામાં મળે છે, ન ઘરમાં. પ્રાચીન સમયમાં ગુરુકુળમાં જઈને રાજકુમાર પણ સામાન્ય વ્યક્તિની જેમ જ કઠોર જીવનચર્યા કરતા હતા. ત્યાં તેમને સંસ્કાર આપવામાં આવતા હતા, પરંતુ વર્તમાન સમયમાં આર્થિક દૃષ્ટિએ સંપન્ન વ્યક્તિ, સભ્ય કહેવાતી સોસાયટીમાં રહીને સ્વયં જુગાર, શરાબ આદિ દુર્વ્યસનો અપનાવે છે તથા તેમનાં બાળકો પણ તેમનું અનુકરણ કરી તેવાં જ બને છે. પબ્લીક સ્કૂલમાં પાણીની માફક પૈસા વેડફીને અંગ્રેજી બોલવું, ટાઈ બાંધવી, સાહેબ થઈને બીજાને હુકમ આપવાનું તો શીખી જાય છે, પરંતુ સંસ્કારહીન રહી જાય છે. 'પ્રજ્ઞાપુરાણ'માં આ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે માતાપિતા સ્વયં સંયમી તેમજ સંસ્કારી બને તથા બાળકોને પણ મહાપુરુષોની કથાઓ સંભળાવીને તેમને મહાન સદાચારી બનવાની પ્રેરણા પ્રદાન કરે. પ્રજ્ઞાપુરાણની — **માતા-પિતાને અનુરૂપ સંતાન, જેવું ઇચ્છ્યું તેવું બનાવ્યું, વ્યાસજી અને શુકદેવજી** વગેરે કથાઓ શિશુનિર્માણની દિશાનું જ્ઞાન કરાવે છે.

જનસામાન્યમાં એક રૂઢિવાદી માન્યતા છે કે પુત્ર દ્વારા શ્રાદ્ધતર્પણ કર્યા વગર મુક્તિ નથી મળતી. 'પ્રજ્ઞાપુરાણ'માં આ ભ્રમનું નિવારણ કરતાં પૂજ્ય ગુરુદેવ લખે છે કે સદ્‌ગતિ સત્કાર્યોથી મળે છે, પુત્ર દ્વારા થતા શ્રાદ્ધતર્પણથી નહીં. સંતાન જો ગુણ, કર્મ, સ્વભાવથી નિકૃષ્ટ હોય, તો વંશપરંપરાને ડુબાડે છે તથા માતાપિતાની દુર્ગતિનું કારણ બને છે. મહર્ષિ દયાનંદ, સંત વિનોબા, મધર ટેરેસા જેવા મહાન આત્માઓએ વગર સંતાને નિર્વાણ પ્રાપ્ત કર્યું છે, જ્યારે રાવણ જેવા દુષ્ટ અત્યાચારીઓ વંશના વિનાશનું કારણ બને છે. **'એક લાખ પૂત સવા લાખ નાતી, રાવણકે ઘર ન દિયા ન બાતી'** જેવી કથાઓ આ તથ્યની સત્યતાને પ્રમાણિત કરે છે.

ભારતીય રૂઢિગત પરંપરાઓમાં એક દુર્ભાવના એ પણ છે કે પુત્રજન્મ ઉપર આનંદ મનાવવામાં આવે છે. પુત્રીનો જન્મ થતાં શોક મનાવવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવ 'મનુસ્મૃતિ' તથા શાસ્ત્રોમાં પ્રતિપાદિત સિદ્ધાંતો દ્વારા એ જણાવે છે કે કન્યાનું શિક્ષણ પુત્રવત્ જ હોવું જોઈએ, કેમ કે સુપુત્ર તો એક કુળને જ ઉગારે છે, જ્યારે શીલવાન સુપુત્રી પિતા તથા પતિ બંને કુળનું કલ્યાણ કરે છે. તેમણે આપ્તવચન **"દશ પુત્ર સમા**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**કન્યા, યસ્ય શીલવતી સૂતા''**નું દૃષ્ટાંત આપીને એ સિદ્ધ કર્યું છે કે ગુણવતી કન્યા દસ પુત્રો સમાન છે. ભારતીય દેવીઓ જો ધર્મ, કર્મથી અજાણ હશે, તો બાળકને શું શીખવશે ? તેમણે **પુત્રવત્ કન્યા, કન્યાની શ્રેષ્ઠતા, છોકરી નહીં ફરિસ્તો, સીતાના લવકુશ** વગેરે અનેક દૃષ્ટાંતો દ્વારા પુત્રીને મહત્ત્વ આપીને તેના પાલન-પોષણ ઉપર વધુ ધ્યાન આપવાની પ્રેરણા આપી છે.

પુરુષપ્રધાન સમાજ હોવાના કારણે ભારતમાં એક ભૂલભરેલી માન્યતા એ પણ છે કે પુરુષ એક કરતાં વધુ લગ્ન કરી શકે છે. આ કુરિવાજનો વિરોધ કરતાં પૂજ્ય ગુરુદેવ પ્રજ્ઞાપુરાણમાં લખે છે કે આનો દુષ્પ્રભાવ શિશુના જીવન ઉપર પડે છે. કારણ એ છે કે પતિ-પત્નીમાં મિત્રતાનો અભાવ, પારસ્પરિક વિશ્વાસ ન હોવાના કારણે દાંપત્યજીવનની ગાડી યોગ્ય રીતે ચાલી નથી શકતી તથા બાળકો શારીરિક, માનસિક, પારિવારિક, સામાજિક તથા વંશપરંપરાગત વિકાસથી વંચિત રહી જાય છે. પૂજ્ય ગુરુદેવે સ્પષ્ટ શબ્દોમાં આ સમજાવ્યું છે કે એક ચંદ્રમા અંધકારને દૂર કરી દે છે, જ્યારે કરોડો તારા પણ તે કરી નથી શકતા. **બાંસ કા વંશ ડૂબા, સંખ્યા નહીં સ્તર** જેવાં ઉદાહરણો દ્વારા પૂજ્ય ગુરુદેવ સુસંસ્કારી તથા સીમિત પરિવાર રાખવાનો આદેશ આપે છે.

શિશુનિર્માણમાં પ્રેમ, સ્નેહની સાથે સાથે અનુશાસનનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. **'એક આંખ દુલારકી, એક આંખ સુધારકી'**ના સિદ્ધાંતનું પાલન અનિવાર્ય છે. વધારે પડતા લાડકોડથી બાળક બગડી જાય છે. તેમના ભવિષ્યની યોજનાને ધ્યાનમાં રાખીને તેમની સારસંભાળ થવી જોઈએ. બાહ્ય સૌંદર્યની અપેક્ષા આંતરિક સૌંદર્ય ઉપર ધ્યાન આપવું જોઈએ. **સાહસ હી નહીં, શીલ ભી, બુદ્ધિમાન કૌન હૈ, બાહ્ય વ આંતરિક સૌંદર્ય** જેવી પ્રેરક વાર્તાઓ બાળનિર્માણના સિદ્ધાંતો ઉપર પ્રકાશ પાડે છે.

નિશ્ચિત રૂપથી કહી શકાય છે કે પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રજ્ઞાપુરાણમાં ત્રણ મહત્ત્વપૂર્ણ સૂત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેના દ્વારા બાળકને સુયોગ્ય નાગરિક તથા મહાન વ્યક્તિત્વનો સ્વામી બનાવી શકાય છે.

૧. સૌ પ્રથમ એક આંખ દુલારકી તથા એક આંખ સુધારકી એટલે કે પ્રેમની સાથે સાથે અનુશાસન ઉપર પણ ધ્યાન રાખવું જોઈએ.

૨. પાઠ્યક્રમની સાથે સાથે વ્યાવહારિક શિક્ષણ આપવું જોઈએ તથા તેને સ્વાવલંબનનું ભણતર ભણાવવું જોઈએ.

૩. કુસંગથી બચીને સત્સંગ પર ધ્યાન આપવું જોઈએ. આને માટે યોગ્ય વાતાવરણ બનાવવાની જરૂરિયાત છે. માતાપિતાએ સ્વયં સંયમી જીવન વ્યતીત કરવું જોઈએ, ત્યારે જ તે બાળકોને સારા સંસ્કાર આપી શકશે.

વાર્તાઓ સંભળાવીને બાળકોની ઘણી બધી ખરાબીઓ દૂર કરી શકાય છે. પ્રજ્ઞાપુરાણ જેવા સદ્ગ્રંથોનું અધ્યયન કરી તેમને અનેક પ્રકારની વાર્તાઓ સંભળાવીને સન્માર્ગ ઉપર લાવી શકાય છે.

વાસ્તવમાં પ્રજ્ઞાપુરાણની રચના આવા ઉદ્દેશ્યને લઈને જ કરવામાં આવી છે. આ પ્રસંગમાં પૂજ્ય ગુરુદેવ લખે છે : શાળાનો પાઠ્યક્રમ વ્યાવહારિકતાથી દૂર હોય છે. આ પરિસ્થિતિમાં કથાવાર્તાથી શિક્ષણ આપવું બાળવિકાસને માટે નવનિર્માણમાં હિતકારી હોય છે. બાળવિકાસને માટે બાળકોને વાર્તાઓ સંભળાવવી તે એક ઉપયુક્ત અને પ્રભાવશાળી પદ્ધતિ છે. વાર્તાઓ બાળવિકાસનાં બે પ્રયોજનો પૂરાં કરે છે – એક તો તેમને મનોરંજન કરાવે છે, બીજું નિર્માણનું શિક્ષણ આપે છે. **'કહાનિયોં કે માધ્યમસે હી બાલક ઇતિહાસ પુરુષ બને, બાલ્યકાલકે સાકાર, નકલ ઉચિત નહીં, સહી ચુનાવ, સંગતિકા પ્રભાવ'** વગેરે અનેક જ્ઞાનસભર વાર્તાઓથી પ્રજ્ઞાપુરાણ ભર્યું છે. બાળકોને સુયોગ્ય બનાવવાને માટે જો પ્રજ્ઞાપુરાણ જ તેમને વાંચવાને માટે આપવામાં આવે તો કોઈપણ શિશુને મહામાનવ બનાવી શકાય છે.

● ● ●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સર્વનો માલિક એક

ધર્મ ઉત્કૃષ્ટ સિદ્ધાંતો પર સ્થિર છે. આ દૃષ્ટિથી જોવામાં આવે તો બધા જ ધર્મોનું લક્ષ્ય એક જ છે. વિભિન્ન સામાજિક પરિવેશ અને જુદી જુદી પરિસ્થિતિઓના કારણે તેમના સિદ્ધાંતોની રજૂઆતમાં થોડો ફરક હોઈ શકે છે, પરંતુ આ બધા જ ધર્મોના લક્ષ્યમાં કોઈ ફરક પડતો નથી.

ઈશ્વર પ્રત્યે દૃઢ આસ્થા બધા જ ધર્મોનો મૂળ આધાર છે. વિભિન્ન ધર્મોમાં ઈશ્વરને જુદા જુદા નામોથી સંબોધન કરવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ બધા જ એ વાત પર સહમત છે કે ઈશ્વર એક છે અને તે સર્વનો પાલનહાર છે. વૈદિક ઋચાઓમાં ઉલ્લેખ છે **"एकं सद्‌विप्रा बहुधा वदन्ति"** અર્થાત્ એક જ ઈશ્વરને વિદ્વાનો અનેક નામોથી સંબોધે છે. **"एकोऽहं बहुस्यामि"**ની ઈશ્વરીય ઘોષણા એ વાતની સાક્ષી છે કે આ સમગ્ર જગત તે પરમાત્માની પ્રતિકૃતિ છે.

ઈશ્વરની સર્વવ્યાપકતાની દૃષ્ટિથી કુરાને શરીફ (૫૭/૧૩) કહે છે કે તે આદિ છે, અનંત છે, બહાર છે, અંદર છે તથા સર્વજ્ઞ છે. તે ફરીથી આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે કે **"फाएतमा तबल्लु फमसा हिल्ला"** એટલે કે જ્યાં જ્યાં તમે દૃષ્ટિ કરશો ત્યાં ત્યાં ઈશ્વરનું સ્વરૂપ દેખાશે. સૂફી મત પણ એ વાતનો સ્વીકાર કરે છે કે ઈશ્વર એક છે, તેમજ પરમ સત્ય છે અને આ સંસાર તેનું વાસ્તવિક સ્વરૂપ છે. ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં કહેવામાં આવ્યું છે કે "પરમેશ્વર એક છે, જે નિરંજન, નિરાકાર અને જ્યોતિ સ્વરૂપ છે" યહૂદી મત અનુસાર "ઈશ્વર એક જ નિરાકાર તથા સંપૂર્ણ બ્રહ્માંડના સર્જનહાર સૃષ્ટિના પિતા છે. પારસી ધર્મે પણ "ઈશ્વરને એક અને સર્વશક્તિમાન બતાવ્યો છે."

ઈશ્વર નિરાકાર છે તેથી તેને બોધગમ્ય બનાવવા માટે દરેક ધર્મસંપ્રદાયે આત્મજ્ઞાન તરફ આગળ વધવા માટે વ્યક્તિને પ્રેરિત કરી છે. 'બૃહદારણ્યકઉપનિષદ'માં મૈત્રેયી-વિશ્વામિત્ર સંવાદનો ઉલ્લેખ મળે છે. મૈત્રેયીના પ્રશ્નના જવાબમાં મહર્ષિ કહે છે – હે મૈત્રેયી ! આત્મા જ જાણવા યોગ્ય, સાંભળવા યોગ્ય, મનન કરવા યોગ્ય અને અનુભવ કરવા યોગ્ય છે. પોતાની જાતને, આત્માને જાણી લેવો તે બધું જ જાણી લીધા બરાબર છે. તે કણકણમાં ભગવાનનાં દર્શન કરવા માંડે છે. આ જગત જ તેની દૃષ્ટિમાં ઈશ્વર બની જાય છે. ખ્રિસ્તી ગ્રંથમાં પણ કહેવામાં આવ્યું છે કે ઈશ્વરનું રાજ્ય આંખો દ્વારા દેખાતા રૂપમાં સમાવિષ્ટ નથી થતું, પરંતુ ઈશ્વરનું રાજ્ય તો તમારા હૃદયમાં પવિત્ર આત્માસ્વરૂપે બિરાજમાન છે. સૂફી પણ પોતાના આત્માને આધ્યાત્મિક કાવા માને છે તથા તેના પાલનથી સિદ્ધિઓનો માર્ગ મોકળો બને છે. આત્માની અમરતા સંબંધી દૃષ્ટિકોણમાં પણ કોઈ ફરક જણાતો નથી. સામાન્ય દૃષ્ટિએ બધા જ ધર્મોએ આ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે કે આત્માનો નાશ નથી થતો, પરંતુ તેનું માત્ર રૂપાંતર થાય છે. તેનાથી જીવનમાં કર્મફળ મળવા પ્રત્યે વિશ્વાસુ થઈ વ્યક્તિ દુષ્કર્મોથી બચી, સત્કર્મો તરફ પ્રવૃત્ત થાય છે. ભારતીય ધર્મદર્શન તો પ્રાણીઓ તેમનાં કર્મ અનુસાર ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરવાની વાત કરે છે. તે અનુસાર સર્વશ્રેષ્ઠ યોનિ મનુષ્યની છે, પરંતુ ઉત્કૃષ્ટ કર્મથી વિમુખ થવાથી તેની અવનતિ થવી પણ શક્ય છે. મહાન સૂફી સંત મહાત્મા રુમીએ પોતાના ગ્રંથ "અજ્ઞનવી"માં લખ્યું છે કે મેં અનેક જન્મ લીધા અને સાતસો સિત્તેર શરીર ધારણ કર્યાં. 'કુરાને શરીફ'માં પણ આવો જ ઉલ્લેખ મળે છે.

**વકીહા નોઈ હુકુમ તમિનહા નુખરૂજકુમ એલાત ।**
**યારતી ન પ્રખહ મિલહા ખલકનાકુમ્ ॥**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સર્વધર્મ સમન્વય કેવી રીતે સંભવ

પોતાને ધાર્મિક કહેવડાવતી વ્યક્તિઓને અમે ત્રણ શ્રેણીઓમાં વિભાજિત કરી શકીએ છીએ – (૧) અન્વયી, (૨) પ્રત્યયી, (૩) સમન્વયી. અન્વયનો અર્થ (અનુ + અય) પાછળ જવું, પ્રત્યયનો અર્થ (પ્રતિ + અય) વિરુદ્ધ જવું અને સમન્વયનો અર્થ (સમ + અનુ + અય) યોગ્ય રીતે પાછળ જવું થાય છે. અન્વયી એ વ્યક્તિને કહીએ છીએ, જે બુદ્ધિને વેચીને કોઈ વાતનું આંધળું અનુકરણ કરે. અમુક વાત પ્રચલિત છે. બસ ! એટલો તર્ક તેમના માટે પૂરતો છે. કોઈ મોટી વ્યક્તિ અથવા તો વિખ્યાત પુસ્તકે તેનું સમર્થન કર્યું. બસ ! એટલી વાત સંતોષને માટે પૂરતી છે. જે વસ્તુ જેવી તેમની સામે છે, તેને તે સર્વશ્રેષ્ઠ માની લે છે. આટલું કષ્ટ કોણ સહન કરે, જે એવું વિચારે કે આ વાત સમય અને સ્થળને અનુરૂપ છે કે નહીં, એનાથી આપણને લાભ થશે કે નુકસાન. અજ્ઞાની ઘેટાનો સ્વભાવ એવો છે કે એ ઘેટું જે બાજુ પણ જુવે અને જે પણ બાજુ ચાલે તેની પાછળ જ ટોળાનાં અન્ય ઘેટાંઓ પણ ચાલવા લાગે છે. તેમને એવું વિચારવાની જરૂર જણાતી નથી કે આપણે ક્યાં જઈ રહ્યા છે અને શું પરિણામ ભોગવીશું. અધિકાંશ ધાર્મિક, એવા જ અન્વયી હોય છે. તેઓ નિકટવર્તી પરંપરા સાથે જોડાઈ જાય છે અને આત્મિક નિર્બળતાના કારણે પોતાની આસપાસના લોકોના વિચારભારથી એટલા દબાઈ જાય છે કે સ્વતંત્ર રૂપથી તેના લાભ-નુકસાન ઉપર વિચાર કરતાં તેમને ડર અને કષ્ટ પ્રતીત થાય છે. અનેક મનુષ્યો આવા સંકુચિત દાયરામાં જ બંધાયેલા હોય છે. કષ્ટકારક પ્રથાઓના અનુયાયી વધુ ભણેલાગણેલા લોકો પણ હોઈ શકે છે, જે દરેક રીતે ત્યાજ્ય અને સમાજની વર્તમાન અવસ્થાને બિલકુલ પ્રતિકૂળ છે. આવા અંધ અનુયાયીઓને અન્વયી કહી શકાય.

કોઈપણ ધર્મ ભલે ગમે તેટલો ખરાબ હોય, પરંતુ તેના મૂળભૂત સિદ્ધાંત બીજાની સાથે ટકરાતા નથી; પરંતુ અજ્ઞાન અને આંધળું અનુકરણ જેવી વસ્તુઓ મળે છે; ત્યારે પ્રત્યય ઉત્પન્ન થાય છે. "હું અન્યની વાત માનીશ નહીં." આવો દૃઢ નિશ્ચય પ્રત્યયીનો હોય છે. હું સાચું બોલું છું અને બીજા ખોટા છે, આવી માન્યતા પ્રત્યયી જ કરી શકે છે. એકવાર બે મનુષ્યોમાં લડાઈ થઈ રહી હતી, એક કહેતો હતો કે બિલકુલ ખોટું છે. એવું થઈ જ ન શકે, પહાડ પોતાની જગ્યા ઉપરથી જરા પણ હલવામાં અસમર્થ છે. બંને ખીજાઈને એકબીજાને મારવા તૈયાર થઈ ગયા. ગાળાગાળી થઈ રહી હતી અને મારામારીની તૈયારી હતી. એટલામાં એક વિચારવાન સજ્જન ત્યાં થઈને નીકળ્યા અને લડાઈનું કારણ પૂછ્યું, જ્યારે બંનેની વાત સાંભળી ચૂક્યા, ત્યારે મનમાં જ તેઓ હસ્યા અને ઝઘડાનું કારણ સમજી ગયા. એ સજ્જને પહાડને ખસેડવાની વાતનો આગ્રહ કરનારને પૂછ્યું કે ભાઈ ! જ્યારે તેં પહાડને ખસતા જોયો હતો, ત્યારે તું રેલગાડીમાં તો ન તો બેઠોને ? પેલાએ ઉત્તરમાં હા કહ્યું. રેલગાડીમાં યાત્રા કરતી વખતે જ પર્વતોની હિલચાલ મને દેખાઈ. ત્યારે તે સજ્જને તેને કહ્યું કે મિત્ર ! રેલના દોડવાથી પર્વત ખસવાનો ભ્રમ થાય છે. બીજાને તેમણે કહ્યું કે તમારે કોઈ પણ વાતનું ખંડન કરતાં પહેલાં તે વાતના સ્થૂળરૂપને ખોટું સાબિત કરી દેવું ન જોઈએ, પરંતુ કહેનારાના દૃષ્ટિકોણ, તેની માનસિક યોગ્યતા અને ઘટનાના વાસ્તવિક કારણની તપાસ કરવી જોઈએ.

રોજબરોજ સાંપ્રદાયિક ઝઘડા અને વિરોધી વિચારવાળાને શત્રુ સમજી લેવાનું કારણ આ પ્રત્યય જ છે. હું જે કહું છું, તે જ સાચું છે, ફક્ત હું જ સાચું કહું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છું, એવું માનવું પ્રત્યય છે. પ્રત્યયનું નિશ્ચિત પરિણામ કંકાસ છે. અન્યથા ધર્મ જુદાજુદા હોવા છતાં પણ અંદરોઅંદર અથડાતા કૂટાતા નથી. વિચાર, મતભેદ સ્વાભાવિક નથી, પરંતુ જરૂરી છે. પછી લડવા-ઝઘડવાનું શું કારણ ? જેઓ ધર્મના નામ ઉપર બીજાનું લોહી પીએ છે સમજી લો કે તેઓ પ્રત્યયી છે.

આ બંને તામસી-રાજસી અવસ્થાઓથી ઉપર સત્ છે. સતોગુણની સાથે જ્યારે તત્ત્વનું સંમિશ્રણ થાય છે, ત્યારે મનુષ્ય સમન્વયી બની જાય છે. યોગ્ય રીતે પાછળ ચાલનારો એ છે જે કોઈ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જુવે છે, તેના ગુણ-દોષને ઓળખે છે અને ઉપયોગી પદાર્થને ગ્રહણ કરે છે. રાજહંસ ન તો પાણી સાથે દ્વેષ રાખે છે અને ન દૂધ સાથે રાગ. તેમને ભલે દૂધમાં પાણી મેળવીને આપો અથવા તો પાણીમાં દૂધ, તેઓ ન તો ચીડાય છે અને ન કોઈનો દોષ જુવે છે, પરંતુ પોતાના કામને યોગ્ય સારપૂર્ણવસ્તુ કાઢી લે છે. અમુક ધર્મ સારો છે અને અમુક ખરાબ એ ઝઘડામાં રાજહંસ વૃત્તિવાળા વિચારવાન સજ્જનો નહીં પડે. તેઓ પોતાના કામની યોગ્ય વસ્તુઓ ગ્રહણ કરી લે છે અને અનુપયોગી વસ્તુની ઉપેક્ષા કરી નાંખે છે. દરેક ધર્મ આપણને સત્યની તરફ અગ્રેસર કરે છે, પરંતુ મનુષ્યકૃત હોવાના કારણે તે સૌ અપૂર્ણ છે. જો કોઈ પોતાનું શરીર નાના કપડામાં ચુસ્ત રાખવાનો પ્રયત્ન કરશે, તો તેને ચારે બાજુથી પોતાનું શરીર સંકોચવું પડશે અને પોતાની વધતી ઉંમરને રોકવી પડશે. વસ્ત્રના મોહને માટે શરીર વૃદ્ધિનું બલિદાન આપવું પડશે. ધર્મશાસ્ત્ર તમને નિવેદન કરે છે કે એવું ન કરો. તમે શરીરને વધવા દો અને જે કપડાં ટૂંકા અથવા ચુસ્ત લાગતાં હોય તેમને બદલી નાંખો. દરેક ધર્મમાં કોઈને કોઈ ગુણ તો છે જ અને સાથે સાથે દોષ પણ છે. એટલા માટે નિષ્પક્ષ થઈને તેવા સિદ્ધાંતોને અપનાવો જે તમને આત્મકલ્યાણની તરફ આગળ વધારે છે, તમે તેવી પ્રાર્થનાઓને અપનાવો, જે આત્મસંતોષ પ્રદાન કરે. તમારી આધ્યાત્મિક ચેતનામાં જો કોઈ સાંપ્રદાયિક માન્યતા વિરોધ ઉત્પન્ન કરે, જો તમારો આત્મા પોકાર કરે કે મારે માટે આ રિવાજ ખોટો છે, તો તમે એ પ્રથાને માનવાનો ઇન્કાર કરી દો. માર્ગ આત્માને ઉન્નતિના લક્ષ ઉપર પહોંચાડવાને માટે છે, માર્ગ ઉપર ચાલવાને માટે જ આત્માનું અસ્તિત્વ નથી. તમે માનસિક દાસત્વની સામે વિદ્રોહનો ઝંડો ઊંચો કરી દો. બીજા લોકો એવું કરે છે કે કહે છે, એ કોઈ કારણ નથી, જે તમને પણ એવું જ કરવાને માટે બંધનકર્તા હોય. દરેક વ્યક્તિ પોતાની રીતે પોતાનો વિકાસ કરી રહી છે. તમારો વિકાસક્રમ પણ અલગ છે. દરેક વ્યક્તિનો ધર્મ બીજા કરતાં સાવ જુદો છે, તમારો ધર્મ પણ અન્ય કરતાં બિલકુલ સ્વતંત્ર છે. તમે તમારા આત્મામાં ઊઠતા ઈશ્વરીય સંદેશને સાંભળો અને તેને અનુરૂપ માનસિક ભોજન જે ખેતરમાંથી મળે તે ગ્રહણ કરો. દરેક ધર્મનો સાર ગ્રહણ કરો. સમન્વયી બનો, ધર્મ દ્વારા બળ પ્રાપ્ત કરો, પરંતુ તેને ભૂલી જઈને પણ આત્માનો વધ કરનાર થવા ન દેશો.

*પોતાની કપાયેલી આંગળી બતાવો નહીં. પોતાનું દુઃખ બીજા પાસે વ્યક્ત ન કરો, કેમ કે દુષ્ટ મનુષ્યો તમને વધારે હેરાન કરશે. તે આવા સમયની શોધમાં રહેતા હોય છે. જખમ ઉપર આઘાત લગભગ લાગતો જ હોય છે.*

●

*સૌંદર્યના લીધે સ્ત્રી અભિમાની બને અને સદ્ગુણોથી તેની પ્રશંસા થાય, પરંતુ લજ્જાથી તે દેવી બની જાય છે.*

*— શેક્સપિયર*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શું કહે છે આ ધર્મો ?

આ દશ્યમાન જગતમાં રહેલી તમામ વસ્તુઓના પોતાના ગુણધર્મો હોય છે અને આ ગુણધર્મોના આધારે જ તે વસ્તુની ઉપયોગિતા આંકી શકાય છે. ઉત્પાદકતા પૃથ્વીનો ધર્મ છે અને જળનો ધર્મ શીતળતા છે. અગ્નિમાં પ્રખરતા તથા વાયુમાં વ્યાપકતા જોવા મળે છે. નદી પોતાના જળને સ્વચ્છ તથા ઉપયોગી રાખવા માટે સતત ગતિશીલ રહે છે. વાદળોની રચના તથા પર્જન્યવર્ષા માટે સમુદ્ર પોતાના જળને સતત સમર્પિત કરતા રહેવાને પોતાનો ધર્મ માને છે. વૃક્ષો વાદળોને વરસવા મજબૂર કરીને પર્યાવરણ ચક્રને સંતુલિત રાખવાની જવાબદારી હંમેશાં નિભાવતાં રહે છે. પ્રાણીવર્ગમાં દરેક પોતાનો વિશેષ ગુણધર્મ સાચવી રાખે છે. આ ધર્મચક્રમાં ક્યાંય સહેજ પણ અવરોધ પેદા થાય તો સામૂહિક વિનાશની સ્થિતિ પેદા થઈ શકે છે. તેથી એમ કહેવું ખોટું નથી કે આ જગત ધર્મના સિદ્ધાંતોના પાલન પર જ અવલંબિત છે.

મનુષ્યને આ જગતનું સર્વશ્રેષ્ઠ પ્રાણી માનવામાં આવ્યું છે, પરંતુ સર્જનહારે તેની અંદરની ઇચ્છાશક્તિને પ્રબળ બનાવી તેના માટે બે માર્ગો બનાવ્યા છે. તેને એ વાતની સ્વતંત્રતા આપી છે કે તે ઇચ્છે તો અધોગામી પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો રહી પશુ જેવું જીવન વિતાવે અથવા ઉત્કૃષ્ટ જીવનક્રમ અપનાવી દેવોપમ તથા સર્વશ્રેષ્ઠ જીવનનું વરણ કરે. તેથી વિવેકશીલતા જ મનુષ્યનો પરમધર્મ છે. તેના આધારે જ તે ખરાખોટા વચ્ચેનો ભેદ પારખી શ્રેષ્ઠતા તથા મહાનતાના રસ્તે આગળ વધી શકે છે. મનુષ્ય પોતાના વિવેકના આધારે જ જીવનનાં રહસ્યોને સમજી શકે છે. શરીરનો પણ સ્વીકાર કરે છે. શરીર ઉપયોગ માટે મળ્યું છે, પરંતુ આત્મા તો આદર્શોને જ પસંદ કરે છે. ઉપયોગ અને આદર્શ બંને વચ્ચે સમતોલન સાધવું તે ધર્મનું લક્ષ્ય અને વિવેકનું પરિણામ છે. બીજા શબ્દોમાં સદાચરણ અને આદર્શવાદી વ્યક્તિત્વ જ ધર્મનો પર્યાય છે.

માનવજીવનને દેવોપમ બનાવવા માટે ધર્મવિશેષજ્ઞો અને વિદ્વાનોએ કેટલાક સિદ્ધાંતો, દર્શનો બનાવ્યાં છે. તેમણે એવો માર્ગ બતાવ્યો છે, જેનાથી વ્યક્તિ ખૂબ ઝડપથી શ્રેષ્ઠ માર્ગે આગળ વધી શકે છે. દરેક સમાજ અને રાષ્ટ્રમાં આવી વ્યક્તિઓ પેદા થતી રહી છે. આ તમામે લગભગ એક જ પ્રકારના સિદ્ધાંતો આખા વિશ્વસમુદાય માટે રજૂ કર્યા છે. આંશિક ફેરફાર માત્ર કર્મકાંડપરક છે. જે જુદી જુદી પરિસ્થિતિઓ અને સામાજિક રચનાના આધારે કરવામાં આવ્યા છે. તમામનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ છે.

આજે વિશ્વમાં મુખ્ય અગિયાર ધર્મ અથવા ધર્મ-મત છે, જેમાં જાપાનનો શિન્તો મત, ચીનનો તાઓ મત, ચીનનો જ કન્ફ્યૂશિયસ મત, હિંદુસ્તાનનો વૈદિક મત, બૌદ્ધમત, જૈનમત, શીખમત, પારસી મત, યહુદી મત, ખ્રિસ્તી મત તથા ઇસ્લામ મત. આ બધા હકીકતમાં એક જ ધર્મસંદેશને જુદા જુદા રૂપમાં સમજાવવાનો પ્રયત્ન છે. આ બધા મત છે, ધર્મ નથી. ધર્મ તો મૂળે વ્યક્તિના મનુષ્યત્વમાં, તેની વિવેક-શીલતામાં સમાયેલો છે. ધર્મનો ખરો અર્થ છે કર્તવ્યનિષ્ઠા, ઉત્કૃષ્ટ ચિંતન, આદર્શ કર્તવ્ય. જુદી જુદી રીતે આ સિદ્ધાંતોની પુષ્ટિ જુદા જુદા મતોના માધ્યમથી કરવામાં આવે છે.

જાપાનનો શિન્તો મત પવિત્રતાને ધર્મનો મુખ્ય ગુણ માને છે. તદ્અનુસાર નિચ્છલતા પવિત્રતાનું મુખ્ય અંગ છે તથા ઈશ્વરપ્રાપ્તિનો રાજમાર્ગ પણ છે. આ મતાનુસાર નિયમિત દૈનિક પ્રાર્થનાનો ભાવ આ મુજબ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે – "અમારી આંખો ભલે અપવિત્ર વસ્તુ જુએ, પણ હે ભગવાન ! હૃદયમાં અપવિત્ર વાતો ક્યારેય પેદા ન થાય. અમારા કાન ભલે અપવિત્ર વાત સાંભળે, પરંતુ અમારા મનમાં અપવિત્ર વાતો કદી ન આવે." પોતાની પૂજાપદ્ધતિમાં પણ શિન્તો સંપ્રદાયે મનોનિગ્રહ માટે ધ્યાન તથા પવિત્રતા માટે મંત્રોચ્ચારને માધ્યમ બનાવ્યું છે.

તાઓ મતાનુસાર ઈશ્વરપ્રાપ્તિ માટે પવિત્રતા, વિનય, સંતોષ, કરુણા, પ્રાણીમાત્ર પ્રત્યે દયા, સાચું જ્ઞાન અને આત્મસંયમ મુખ્ય માધ્યમ છે, જેની પ્રાપ્તિ માટે ધ્યાન અને પ્રાણાયામ ઉપયોગી પ્રક્રિયાઓ છે. તાઓ મતમાં લોકો માટે સંદેશમાં આ પ્રમાણે કહેવાયું છે "મારી પાસે ત્રણ વસ્તુઓ છે, જેને હું દૃઢતાપૂર્વક સાચવી રાખું છું. તે છે સૌમ્યતા, કરકસર અને નમ્રતા.

કન્ફ્યૂશિયસ ચીનના વિખ્યાત ધર્મપ્રચારક અને સિદ્ધપુરુષ થઈ ગયા. તેમણે પોતાના દર્શનમાં મુખ્યત્વે માનવજીવનને ઉત્કૃષ્ટતમ બનાવવાની વાત કરી છે. તેઓ હંમેશાં કહેતા કે "જ્યાં સુધી તમને એ ખબર નથી કે મનુષ્યસેવા કેવી રીતે થાય ત્યાં સુધી દેવસેવા વિશે તમે કેવી રીતે પૂછી શકો ?" તેમનો માનવમાત્ર માટે એક માત્ર સંદેશ એ હતો કે વ્યક્તિગત ઉન્નતિ જીવનનું લક્ષ્ય નથી. તે તો સામાજિક ઉન્નતિનું ફળ છે. તેઓ માનતા કે પૂર્ણ ધર્મ તે જ છે કે જ્યારે તમે બહાર નીકળો અને દરેકને એમ સમજીને મળો કે તે તમારો મહત્ત્વપૂર્ણ અતિથિ છે. તેમનું ઉપદેશામૃત એ હતું કે સદાચાર પ્રત્યે નિષ્ઠા તથા સૌન્દર્ય પ્રત્યે ખરા હૃદયથી અનુરાગ થવો જોઈએ. મનુષ્યહૃદય દર્પણ જેવું હોવું જોઈએ કે જેમાં દરેક વસ્તુનું પ્રતિબિંબ પડે છે, તો પણ તે મેલું થતું નથી.

વેદાન્તદર્શનનો મત છે કે આ આખું જગત એક છે. જેને આ પરમાર્થનું જ્ઞાન થઈ જાય છે તેની નજરમાં સ્વાર્થ કે પરમાર્થમાં ભેદ રહેતો નથી. આ દિવ્યદૃષ્ટિ આવતાં બધાં પોતાનામાં તથા પોતે બધામાં દેખાય છે. તેના હૃદયમાં "આત્મવત્ સર્વભૂતેષુ" તથા "વસુધૈવ કુટુંબકમ્"નો આંતરનાદ ગુંજે છે. તે વ્યષ્ટિમાંથી સમષ્ટિ તરફ આગળ વધે છે અને બધાના કલ્યાણમાં પોતાનું કલ્યાણ જુએ છે. ત્યારે જ તો વેદકાલિન, ઋષિઓએ એ ઘોષણા કરી હતી કે

**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ દુખમાપ્નુયાત્ ॥**

જે વ્યક્તિ આટલી પરમાર્થપરાયણ હશે તે અવશ્ય પવિત્ર હશે. તેનું જીવન જરૂર આદર્શવાદી જ હશે.

અથર્વવેદ (૩/૩૦/૧)ની ઉક્તિ અહીં ઉલ્લેખનીય છે.

**સહૃદયં સાંમનસ્યમ વિદ્વેષં કૃણોમિવઃ ।**
**અન્યો અન્યમભિ હર્યતં વત્સં જાભિવાધ્ન્યા ॥**

અર્થાત્ હે મનુષ્યો, મેં તમને સહૃદયી, બુદ્ધિમાન તથા દોષવિહીન બનાવ્યા છે. તમો એકબીજા સાથે એવી રીતે વર્તો કે જેવી રીતે ગાય પોતાના નવજાત વાછરડા સાથે વર્તે છે.

ભગવાન બુદ્ધે પોતાના જીવનને ઉદાહરણરૂપ બનાવી લોકોને પવિત્ર તથા શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રેરણા આપી હતી. તેમના કથનાનુસાર આર્યસત્ય ચાર છે. દુઃખ, દુઃખનો હેતુ, દુઃખ દૂર કરવાનો ઉપાય તથા દુઃખનો નિરોધ. દુઃખ આવે જ નહિ તે માટે તેઓ તૃષ્ણાનો ત્યાગ કરવાનો સંદેશ આપતા હતા. તેઓ કહેતા કે રાગ સમાન આગ નહીં, દ્વેષ સમાન ગ્રહ નહિ, મોહ સમાન જાળ નહીં અને તૃષ્ણા જેવી કોઈ અગમ નદી નહિ. તેથી ભગવાન બુદ્ધ સદાચરણને જ મહત્ત્વ આપતા હતા. તેમણે કહ્યું પણ હતું કે "ધર્મગ્રંથાનું ગમે તેટલું વાંચન (પાઠ) કરો, પરંતુ જો પ્રમાદવશ મનુષ્ય ધર્મગ્રંથો અનુસાર આચરણ ન કરે તો બીજાની ગાયો ગણવાવાળા ગોવાળિયાની જેમ તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રમણત્વ(બ્રાહ્મણત્વ)ને પ્રાપ્ત કરી શકતો નથી.

જૈન મતનો મુખ્ય સિદ્ધાંત એ છે કે કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્તિ માટે ત્રણ વાતો આવશ્યક છે– શ્રદ્ધા, જ્ઞાન અને ક્રિયા. જૈન શાસ્ત્રોમાં તેને સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચરિત્રનાં રૂપમાં આલેખવામાં આવ્યું છે.

ગુરુનાનક દેવે શીખ ધર્મરૂપી ઋષિપરંપરાનો શુભારંભ કર્યો હતો તથા ગુરુ ગોવિંદસિંહજીએ તેને પ્રગતિના માર્ગે આગળ વધાર્યો હતો. તે વખતની રાષ્ટ્રીય સમસ્યાઓને ધ્યાનમાં રાખી ગુરુ ગોવિંદ-સિંહજીએ દરેક અનુયાયીને રાષ્ટ્ર તથા માનવતા માટે પોતાની આહુતિ અને બલિદાન માટે તૈયાર રહેવાનું કહ્યું હતું. આ પરંપરાને ચાલુ રાખવા તેમણે પ્રત્યેક શીખને શાસ્ત્રાદપિ શરાદપિની જેમ માળા અને ભાલો સાથે રાખવાની એટલે કે અનીતિ સાથે અવિરત સંઘર્ષનો સંદેશ આપ્યો હતો.

જરથુષ્ટ્ર પારસી ધર્મના સ્થાપક હતા. તેમણે જણાવેલ ધર્મનીતિનું મુખ્ય પગલું છે – હુમત અર્થાત્ ઉત્તમ વિચાર, હુખ્ત અર્થાત્ ઉત્તમ વચન અને હુશ્વર્ત અર્થાત્ ઉત્તમ કાર્ય. ઈશ્વરની હાજરી અને પ્રેરક રૂપ અર્થે તેમણે અગ્નિને સ્વીકાર્યો અને અગ્નિની જેમ પ્રખર, પ્રકાશવાન, ઊર્ધ્વગામી અને પરોપકારી બનવાની પ્રેરણા આપી.

યહુદી મતનું દર્શન ઈશ્વરના એકત્વમાં, ઈશ્વરની પવિત્રતા તથા તેની નિરાકારતામાં સમાયેલું છે. સંસારના બે મુખ્ય ધર્મ ખ્રિસ્તી અને ઇસ્લામ આમાંથી જ પ્રગટ થયા છે.

ખ્રિસ્તી મત અનુસાર પ્રેમ જ પરમેશ્વર છે. પ્રેમ જ પૂજા-આરાધના છે. પોતાની પ્રાર્થનામાં દરેક ખ્રિસ્તી કહે છે કે "પરમાત્મા મને મારો રસ્તો બતાવો. મારા સંબધમાં જ્ઞાન કરાવો અને મને સત્યના રસ્તે ચલાવો. મારી મુક્તિનો ઈશ્વર તું જ છે. મારાં જ્ઞાનચક્ષુઓ ખોલો, જેથી હું તમારી પ્રેમપૂર્ણ આશ્ચર્યજનક રચનાઓને સમજી શકું." ખ્રિસ્તી ધર્મનો મૂળ આધાર તો ઈસુખ્રિસ્ત છે, જેમણે માનવતા અને આદર્શો માટે પોતાની જાતનું બલિદાન આપી દીધું.

ઇસ્લામના સ્થાપક હજરત મહંમદે જીવનભર દરેક મુસલમાનને સદાચારી તથા કર્તવ્યપરાયણ બનવાનો ઉપદેશ આપ્યો. "વસુધૈવ કુટુંબકમ્"ની જેમ તેમની જાહેરાત હતી કે પ્રત્યેક ઇન્સાન અલ્લાહનું સંતાન છે. ત્યારે જ તો તેઓ ફરીવાર એમ કહે છે કે આવો, તમે અને અમે સાથે મળીને તેવી વસ્તુઓ સાથે મેળ કરી લઈએ, જે આપણા બંનેમાં એક જેવી છે.

આ તથ્યોના આધારે ધર્મના મૂળભૂત દર્શનમાં ક્યાંય કોઈપણ પ્રકારની ભિન્નતા જણાતી નથી. આજે ધાર્મિક માન્યતાઓના નામે થતા ઝઘડા અને ખેંચતાણને અજ્ઞાનતાજનક કાર્ય જ કહેવું જોઈએ. ખૂબ અફસોસની વાત એ છે કે લોકો પોતાના મત અને ધર્મપ્રવર્તકોની વાત તો કહે છે, પરંતુ તેમનાં દર્શન અને આદર્શોને પોતાના જીવનમાં ઉતારી શકતા નથી. જો ચિંતનમાં ઉત્કૃષ્ટતા, ચરિત્રમાં આદર્શવાદિતા અને વ્યવહારમાં શાલીનતાનો સમન્વય કરી લેવામાં આવે તો ધર્મનું એવું સ્વરૂપ પ્રગટશે, જેનાથી ભેદ નહિ, એકતા સ્થપાશે. સંઘર્ષ નહિ, પરંતુ સર્વત્ર પ્રેમ, સહકાર, ઉદાહરતા અને સમર્પણનું સામ્રાજ્ય હશે.

• • •

**નશો નાશનું મૂળ છે ભાઈ !**
**તેણે તો બધે આગ લગાડી છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વ્યાવહારિક ધર્મ જ યુગધર્મ

તળાવનું ગંદું પાણી ખરાબ થાય છે, પરંતુ સતત વહેતી નદીઓનું પાણી ક્યારેય દૂષિત થતું નથી. સમુદ્ર એટલો વિશાળ છે કે તેમાં હજારો નદીઓ પોતાનું સમર્પણ કરી દે છે, તેમ છતાં તેનું પાણી પીવાલાયક રહેતું નથી. મકાન ભલે ગમે તેટલું આલિશાન અને મજબૂત હોય, પણ જો તેની નિયમિત સફાઈ કરવામાં નહીં આવે તો તે ચામાચીડિયાનું રહેઠાણ બની જાય છે. પ્રકૃતિનો નિયમ છે — ગતિ, સ્થિરતા નહીં. દરેક વસ્તુ નવજીવન માગે છે. સમય અનુસાર દરેક વસ્તુ થોડું પરિવર્તન માગે છે.

ધર્મશ્રદ્ધા પણ પ્રકૃતિના આ નિયમમાં અપવાદ નથી. ધર્મ પણ સમય અનુસાર સ્વયં પરિવર્તન માગે છે. જે રીતે બંધ રૂમની હવા દૂષિત થઈ જાય છે અને વળી જો તેમાં સગડી સળગતી હોય તો જીવ પણ સંકટમાં આવી જાય છે. તેથી હંમેશાં રૂમની બારીઓ ખુલ્લી રાખવામાં આવે છે. ખુલ્લી બારીઓમાંથી તાજી હવા અને સૂર્યનો તાપ નવા જીવનરૂપે રૂમમાં પ્રવેશ કરે છે. ધર્મશ્રદ્ધારૂપી રૂમની બારીઓ અને દરવાજા પણ આ રીતે ખુલ્લા રાખવા જોઈએ, જેથી સતત પરિવર્તનશીલ આ સંસારમાં તે પણ પોતાની રીતે નવજીવન ધારણ કરી શકે.

આજે ઘણા લોકો ધર્મથી વિમુખ થતા જાય છે, નાસ્તિક બનતા જાય છે, તેમાં તેમની ભૂલ મુખ્ય કારણ નથી, પરંતુ મુખ્ય કારણ એ છે કે સમયની સાથે ધર્મનું સ્વરૂપ બદલવાનું કાર્ય કોઈએ કર્યું નથી. અથવા ધર્મશ્રદ્ધાને નવું જીવન આપી શક્યા નથી સમયની સાથે તેને વ્યાવહારિક બનાવી શક્યા નથી.

ધર્મના શાશ્વત સિદ્ધાંતો સત્ય, પ્રેમ, નૈતિકતા, સેવા, પરોપકાર, ત્યાગ અને વ્યક્તિની સાથે સાથે સમાજ અને વિશ્વની પ્રગતિ, સ્વાર્થ અને પરમાર્થનો સમન્વય છે, પરંતુ તેનું વ્યાવહારિક સ્વરૂપ સદાને માટે એક ન રહી શકે. સમયની સાથે તેમાં પરિવર્તન અનિવાર્ય છે.

ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ધર્મના વ્યાવહારિક સ્વરૂપને સમય સમય પર બદલવામાં આવ્યું છે. આજે જેમને આપણે ધર્મના સ્થાપકો માનીએ છીએ તેઓ ખરેખર તે ધર્મના સ્થાપક ક્યારેય નહોતા ન તેમણે કોઈ નવો ધર્મ સ્થાપિત કર્યો છે. તેમણે તો તે જ ધર્મને ફેલાવ્યો છે, જેનું કોઈ નામ આપી શકાય તો તે છે માનવધર્મ. પરંતુ ભૂલથી તેમના અનુયાયી તેમના દ્વારા કરવામાં આવેલ કેટલાક સુધારાને જ ધર્મ માનીને તેની જુદી ગણના કરવા લાગ્યા.

થોડો વિચાર કરવામાં આવે તો કોઈ મહાત્મા, ઋષિ, પયગંબર અથવા દેવદૂતે કોઈ પણ નવો ધર્મ સ્થાપ્યો નથી તે વાત સ્પષ્ટ થઈ ગઈ છે. આ જ સંસારમા પ્રખ્યાત બે મોટા ધર્મો ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પણ આસ્થામાં સામયિક સુધાર માત્ર હતા. અરબસ્તાનમાં પ્રચલિત દેવવાદ અને અન્ય સામાજિક કુરિવાજોને નષ્ટ કરવા માટે મહંમદ સાહેબે જે કહ્યું, લખ્યું અને કર્યું તે તે સમય અને તે સ્થાન માટે યોગ્ય હતું, સંપૂર્ણ રીતે અનુકરણીય હતું, પરંતુ આજે તે જ વાતો આ વૈજ્ઞાનિક યુગમાં અન્ય દેશોમાં રહેતા ઈસ્લામના અનુયાયીઓ માટે પથ્થરની લકીર ન બની શકે.

મહાત્મા ઈસુએ પણ કોઈ નવો મત ચલાવ્યો હોય તેવું નથી. તેમણે પ્રેમ, ન્યાય, સત્ય અને નીતિમત્તાની એ જ વાતોનો પ્રચાર-પ્રસાર કર્યો હતો કે જે માનવધર્મનો મૂળ આધાર છે, પરંતુ તેમના દ્વારા બતાવવામાં આવેલ માર્ગ જ સર્વસ્વ છે, તેની બહાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કાંઈ જ માન્ય અને અનુકરણીય હોઈ જ ન શકે. આવો દુરાગ્રહ જો કોઈ રાખે તો તે આપણા માનવ પરિવારને વિઘટિત અને વિભાજિત કરવા બરાબર છે.

આપણા જ દેશમાં આજે કેટલાય મત-સંપ્રદાય પ્રચલિત છે, જેમના અનુયાયીઓ હિંદુ ધર્મના સ્વરૂપને સમય અનુસાર બનાવવા માટે કરવામાં આવેલાં સંશોધનોને જ જુદો ધર્મ માની બેસવાની ભૂલ કરી રહ્યા છે. શરૂઆતમાં એક જ વેદસંમત ધર્મ પ્રચલિત હતો. કાળાંતરે તેમાં જડતા આવવાની શરૂઆત થઈ. થોડાક લોકોએ ધર્મ અને ધર્માચરણને પોતાની જાગીર માનીને કર્મકાંડને જ ધર્મનો સાર બનાવી દીધો. તેઓ તેના ઠેકેદાર બની ગયા. ત્યારે મહાત્મા બુદ્ધ અને મહાવીર સ્વામીએ ધર્મને રૂઢ થતો બચાવ્યો. તેને થોડા લોકોના અધિકારમાંથી છોડાવીને વ્યાપકતા બક્ષી.

બૌદ્ધ ધર્મ પણ શરૂઆતમાં ખૂબ ફૂલ્યોફાલ્યો. એટલે સુધી કે ભારતની બહાર અડધી દુનિયાનો ધર્મ બન્યો, પરંતુ તે પોતે પૂર્ણ નહોતો. ઈશ્વરની કલ્પનાથી સાવ શૂન્ય ફક્ત આચારો પર આધારિત ધર્મ ખરેખર એક સામયિક શુભારંભ હતો. તેથી સમયના પરિવર્તનની સાથે તેની ઉપયોગિતા ઓછી થતી ગઈ અને તે ઉપેક્ષિત થતો ગયો. વિશ્વમાં સૌથી પ્રાચીનતમ, સૌથી ઉદાર અને સમય સાથે થતા પરિવર્તનનો સ્વીકાર કરનાર ધર્મને હિંદુ ધર્મ કહી શકાય. સમય સમય પર સુધારકો, મહાપુરુષો તેમાં નવો પ્રાણ ભરી તેને યુગાનુરૂપ બનાવતા આવ્યા છે. તેને ધર્મ નહીં, પણ ધર્મસંસ્કૃતિ કહી શકાય છે. એવું નથી કે તેમાં પણ જડતા નથી આવી. તે પણ રૂઢ થયો છે. તેના પ્રવાહમાં પણ સમય સમય પર શેવાળ જામી ગઈ છે, પણ તેને દૂર પણ કરવામાં આવી છે. તે પણ યુગાનુરૂપ પોતાનામાં ફેરફાર ઇચ્છે છે. વિભિન્ન સંસ્થાઓ અને મહાપુરુષો દ્વારા જે કાર્યો કરવામાં આવી રહ્યાં છે, તેમાનું એક કાર્ય એ પણ છે કે સમય સમય પર ધર્મમાં આવતી વિકૃતિઓ દૂર થતી રહે અને ધર્મનું એક શુદ્ધ સ્વરૂપ સંસાર સામે આવે.

એ કહેવું જરૂરી નથી કે કોઈ પણ સંપ્રદાય હોય અથવા કોઈ પણ ધર્મ હોય, તે માનવ ધર્મનું એક અંગ, એક માર્ગમાત્ર છે. એને એકબીજાના વિરોધી નહીં, પરંતુ પૂરક માનવા જોઈએ. જુદી જુદી પરિસ્થિતિઓ અને જુદા જુદા ભૌગોલિક વાતાવરણમાં ઉત્પન્ન થવાના કારણે તેમનામાં વ્યાવહારિક દૃષ્ટિએ અંતર હોઈ શકે છે, પરંતુ તેમનામાં સમાયેલ તથ્ય, સત્ય અને માનવીય કર્તવ્ય બધું એક જ છે. તેથી તેમને જુદા માનવામાં કોઈ લાભ નથી.

આજે વૈજ્ઞાનિક અને ભૌતિક પરિસ્થિતિના કારણે વિશ્વ એક થઈ રહ્યું છે. આગામી સમયમાં એ પણ શક્ય છે કે આ એકતા દેશ સુધી જ નહીં, પણ સમસ્ત પૃથ્વી સુધી વિસ્તાર પામી શકે. સમય અને અંતર પર મનુષ્ય વિજયી બની ગયો છે. પારસ્પારિક નિર્ભરતા એટલી વધી ગઈ છે કે દેશો વચ્ચે હવે અંતર પણ રહ્યું નથી. આજે અમેરિકામાં પેદા થતા ઘઉં જાપાન અને ભારત પણ મંગાવે છે. ત્યાંના ખેડૂતો અનાજ પેદા કરી જાપાન અને ભારતવાસીઓની જરૂરિયાત પૂર્ણ કરે છે. આ જ રીતે અન્ય વસ્તુઓ, શિક્ષણ અને તાંત્રિક (ટેક્નિકલ) જાણકારી માટે એક દેશ બીજા દેશની મદદ લે છે.

આ પ્રગતિથી સ્પષ્ટ છે કે આ સમય અલગતાનો નહીં, પણ એકત્વનો છે. સમયની સાથે ધર્મની આ માંગને પણ પૂરી કરવી જરૂરી છે. જો ધર્મ આ માંગને પૂરી નહિ કરી શકે, જો ધાર્મિક લોકો પોતાના ધર્મશ્રદ્ધારૂપી ભવનની બારીઓને ખુલ્લી રાખી યુગની હવાને અંદર નહિ આવવા દે, તો તેમણે સમજી લેવું જોઈએ કે તે ધર્મ લોકોપયોગી તત્ત્વનો નાશ કરવાની ભૂલ કરી રહ્યો છે.

•


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

### (જૂન ૧૯૭૧માં વિદાયની પૂર્વસંધ્યાએ ગાયત્રી તપોભૂમિ, મથુરામાં આપેલ પ્રવચન)

અમારી સાથે ગાયત્રીમંત્ર બોલો – "ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્."

દેવીઓ ! સજ્જનો !!

નબળા માણસો સગવડભર્યું જીવન જીવતા હોય છે. તેમને દેશ કે સમાજની કોઈ ચિંતા હોતી નથી. અમે તેમને અગાઉ જણાવ્યું છે કે, જો માણસની બુદ્ધિ અને વિચાર કરવાની દિશા સુધારી શકાય તો કલ્યાણ થઈ જાય. અમે તમને કહ્યું હતું કે સમાજસેવા કરવાનું, લોકકલ્યાણ કરવાનું એક જ માધ્યમ છે – અધ્યાત્મવાદી જીવન જીવવું તે. આજના વધી ગયેલા ચોરી અને અપરાધોને કઈ રીતે રોકી શકાય એમ છે ? આજે મોટાભાગના માણસોની દાનત ખરાબ થઈ ગઈ છે. દરેક માણસ પાછળ એક એક પોલીસ રાખવામાં આવે તો પણ અપરાધો રોકી શકાય તેમ નથી. કાયદાઓ બનાવીને કે પોલીસની સંખ્યા વધારીને હકીકતમાં અપરાધો નાથી શકાય ખરા ? મિત્રો ! આપણે ગમે તેટલી મિલિટરી કે પોલીસ લગાડીએ તો પણ એ ઘટાડી નહીં શકાય. વકીલ અને પોલીસ વધતા જશે તો સાથેસાથે અપરાધો પણ સતત વધતા જ જશે.

મિત્રો ! ભલે એક હજાર વર્ષ પછી આમાં ફેરફાર થાય, પણ એ જ્યારે માણસોને તેમના કર્મ પ્રમાણે ફળ મળશે એવું બતાવી દેવામાં આવશે ત્યારે જ શક્ય બનશે. ભગવાન સર્વવ્યાપી છે અને તે બધા માણસોનાં કર્મોને જુએ છે અને એને અનુરૂપ ન્યાય કરે છે. અમે તમને આ શિબિરમાં અગાઉ જે જણાવ્યું હતું એ આપણું ભારતીય અધ્યાત્મ છે કે, માણસના વ્યક્તિગત વિકાસની સાથે સાથે સમાજનું ઘડતર પણ થવું જોઈએ અને તેના વિકાસ માટે પણ પ્રયત્નો કરવા જોઈએ. માણસના જીવનમાં સુખશાંતિ ત્યારે જ આવી શકે છે.

અધ્યાત્મ એ કોઈ ચમત્કાર નથી. ચમત્કાર તો જાદુ કે ચાલાકી હોય તેને કહેવાય. અધ્યાત્મ એ કાંઈ આવો ખેલતમાશો નથી. નાના બાળકોને ફોસલાવવાનું નામ અધ્યાત્મ નથી. તમે ચમત્કાર વિષે વિચારવાનું જ છોડી દો અને અધ્યાત્મને તેના સાચા અર્થમાં સમજવાની કોશિશ કરો. અધ્યાત્મનો અર્થ છે – આપણા ગુણ, કર્મ અને સ્વભાવમાં સુધારામૂલક પરિવર્તન. તમે જો એમ કરી શકો, તો તમે પણ ચમત્કારી માણસ બની શકો. અમે તો એટલે સુધી કહીએ છીએ કે, પૂજાપાઠ ભલે બંધ કરી દો, પણ તમારા વ્યક્તિત્વમાં સુધારો કરી બતાવો તો તમને, જે ચમત્કારની પાછળ તમે દોડતા હતા તે તમારી પાછળ આવતા જણાશે.

મિત્રો ! ગાંધીજી રોજ માત્ર અડધો કલાક જ પૂજાપાઠ કરતા હતા પરંતુ તેમણે જીવનભર ચમત્કારો સર્જે રાખ્યા હતા. તેમના આશીર્વાદથી લોકો સમ્રાટોના સમ્રાટ બની ગયા. અમારા આશીર્વાદથી પણ એવું જ બન્યું છે. ગાંધીજીના આશીર્વાદથી બે બદામના માણસો પણ નેતા બની ગયા. પં. જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલ ધન્ય બની ગયા. ગાંધીજીએ અંગ્રેજોને પણ સાફ સંભળાવી દીધું હતું – 'ભારત છોડો' – અને તેમને ભારતમાંથી તેમના બિસ્તરા-પોટલાં સમેટી લેવા પડ્યા હતા. તેમની તોપો અને બંદૂકો અહીંની અહીં પડી રહી. ગાંધીજી કોણ હતા ? રોજ અડધો કલાક પૂજાપાઠ કરવાવાળા માણસ. તેમને સમાધિ લાગતી હતી ? ના, તેઓ સમાધિ બિલકુલ જાણતા ન હોતા. તેમણે ધ્યાન પણ નહોતું કર્યું અને પ્રાણાયામ પણ નહોતા કર્યા. તેમણે એક પણ ચક્ર ભેદ્યું નહોતું કે નહોતી કુંડલિની જાગૃત કરી. તેમ છતાંય તેમના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનમાં ચમત્કાર થયે રાખતા હતા. એનું કારણ તેમણે જીવનમાં વ્યક્તિત્વનો સુધારો કર્યો – એટલું જ હતું. રોજના માત્ર અડધા કલાકના પૂજાપાઠ અને પોતાના ગુણ, કર્મ અને સ્વભાવમાં કરેલા સુધારાને કારણે તેઓ માલામાલ થઈ ગયા. આ આખી શિબિર દરમ્યાન અમે તમને વિવિધ માધ્યમો દ્વારા અધ્યાત્મ શું છે ? અને તેને તમારા જીવનમાં કઈ રીતે ઉતારી શકાય ? એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. રખે ! જો તમે અધ્યાત્મને બરાબર સમજીને સાચા અધ્યાત્મવાદી બની જાવ તો ખૂબ આનંદ આવે.

મિત્રો ! હવે ખૂબ ભવ્ય સમય આવવાનો છે. દુનિયામાંથી અનીતિ, કુરિવાજો અને સામંતશાહી વિચારસરણીનો અંત આવવાનો છે. તમે વિશ્વાસ કરો કે ના કરો, પરંતુ અમે એક નવું વાતાવરણ ઊભું થતું નજરોનજર જોઈ રહ્યા છીએ. અમે જોઈ શકીએ છીએ કે, દુનિયાનું નવનિર્માણ થઈ રહ્યું છે. ખૂબ ભવ્ય સમય આવી રહ્યો છે. આવનારા એ નવા યુગમાં અધ્યાત્મની જૂની વ્યાખ્યા બદલાઈ જશે અને નવી પરિભાષા સ્થાપિત થશે. હાલના સંતોષીમાતાની હવા વિખરાતી જાય છે. મિત્રો ! હવે માણસને સંતોષ માનવાનું શીખવાડે એવી સંતોષીમાતાનું આગમન થવાનું છે. એવો માણસ પોતાની ધનસંપત્તિ અને બુદ્ધિપ્રતિભાને લોકકલ્યાણનાં કાર્યો પાછળ ખર્ચી નાખશે અને તે અધ્યાત્મવાદી બની જશે. તમામ સુખો એવા અધ્યાત્મવાદી પાછળ પડછાયાની જેમ ભાગતાં ફરશે જેને તે પોતાના હિત કે સ્વાર્થ પાછળ ખર્ચ નહીં કરે. એવા માણસોનું જીવન ધન્ય બની જાય છે. તેની નિરંતર પ્રગતિ થતી જાય છે.

અધ્યાત્મવાદી એ કોઈ ભિખારીનું નામ નથી. એ તો 'કાંઈક આપનારાનું નામ છે. એ ભગવાનની કૃપા કે મહેરબાની યાચનારો માણસ નથી. પરંતુ પરમાત્મા તેની પાછળ પાછળ ચાલવા માંડે છે અને તેનું જીવન ધન્ય બની જાય છે. એ લોકો પોતાની જાતે પોતાને મદદ કરવા તત્પર હોય છે, પરમાત્મા તેમને જ સહાય કરે છે. પોતાની અંદર સુષુપ્તાવસ્થામાં રહેલાં મહત્ત્વનાં સત્યોને જાગૃત કરવાં એનું નામ અધ્યાત્મ. આત્માની શક્તિનો વિકાસ કરવો એનું નામ અધ્યાત્મ. મેં તમને આ શિબિર દરમ્યાન આ બધું જ જણાવેલ છે. એટલે હું તમને આગ્રહપૂર્વક નિવેદન કરું છું કે તમે અમારી વાતોને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી બહાર કાઢી ના નાખશો. અમે વૈખરી વાણીનો પણ ઉપયોગ કર્યો છે. ભગવાન એટલે કે બ્રહ્માજી ચાર મુખેથી બોલે છે. માણસ પણ ચાર મુખથી ચાર વાણી બોલે છે. એક છે 'વૈખરી વાણી' જે અમે એક કલાકથી બોલી રહ્યા છીએ. એ માણસના કાનમાં જઈને તેના મગજ ઉપર સીધી અસર કરે છે. અમે તમને અધ્યાત્મના સિદ્ધાંતો આ ભાષામાં જણાવ્યા અને સમજાવ્યા છે.

બીજી 'મધ્યમા વાણી' હોય છે. તે લાગણી કે સંવેદના ઢંઢોળવાનું, જાગૃત કરવાનું કાર્ય કરે છે. તે અંતઃકરણને પ્રભાવિત કરે છે. તેના પ્રભાવથી સિંહ અને ગાય એક ઘાટ ઉપર પાણી પીતા થઈ જાય છે. ત્રીજી છે 'પરા વાણી'. વિચારોની ભાષાને પરાવાણી કહેવાય છે. ચોથી છે 'પશ્યન્તી વાણી'. પશ્યન્તી વાણી આત્માની ભાષા છે. તે સીધી આત્મામાં પ્રવેશી જાય છે. નારદજીએ વાલ્મીકિને એક જ વાત કહી હતી. તે તેમના હૃદય સોંસરવી ઉતરી ગઈ અને તે તેનાથી પ્રભાવિત થઈ ગયા. બુદ્ધે પોતાના હજારો શિષ્યોને આ જ રીતે પ્રભાવિત કર્યા હતા. તમે પણ જ્યારે સૂતા હો છો ત્યારે હું તમારી પાસે આવું છું. કોઈકના પગ પાસે બેસી જાઉં છું તો કોઈકના માથા પાસે બેસી તેની ઉપર હાથ પસારું છું. તમને ખબર છે કે નહીં તે હું ના કહી શકું. જેમ જેમ તમારી શ્રદ્ધા વધતી જશે તેમ તેમ તમને તેનો અનુભવ થવા લાગશે. જ્યારે અમારા ગુરુદેવ અમારા ઓરડામાં આવ્યા અને પશ્યન્તી વાણીમાં કોણ જાણે શું કહી ગયા કે અમે ધન્ય થઈ ગયા. કેવાં કેવાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વરદાનો આપ્યાં, એ તો હું ના કહી શકું, પરંતુ આ દુનિયામાંથી અમારી વિદાય થયા બાદ, અમારી જિંદગીનું બંધ કવર જ્યારે ખોલવામાં આવશે ત્યારે અમે કોણ હતા અને અમે આ દુનિયા માટે, સંસાર માટે, સંસ્કૃતિ માટે શું-શું કર્યું હતું ? તેની ખબર પડશે. તમે જ્યારે અહીંથી અમારો પ્રસાદ લઈને જશો ત્યારે એ પ્રસાદ તમને જીવનમાં ઘણો ઉપયોગી નીવડશે અને તમે ધન્ય થઈ જશો, એવો અમને પૂરેપૂરો વિશ્વાસ છે.

તમે અધ્યાત્મના સિદ્ધાંતો અપનાવો કે, ના અપનાવો, પરંતુ આ દુનિયાના બીજા લોકો સાથે મીઠો પ્રેમભર્યો વ્યવહાર તો જરૂર કરજો. તમારા દુશ્મનને પણ મિત્ર બનાવવાના પ્રયત્ન કરજો. ઈમર્સન કહેતા હતા કે, મને નરકમાં મોકલી દો, હું ત્યાં પણ સ્વર્ગ બનાવી દઈશ. માણસ આપણા વ્યવહારને કારણે જ આપણો દુશ્મન બનતો હોય છે. તમે તમારો વ્યવહાર સુધારવાનો પ્રયત્ન કરશો તો ધરતીને સ્વર્ગ બનાવી શકશો. જો તમે તમારા વિચારોને, ભાવનાઓને સુધારશો તો બહુ આનંદ આવશે. જો તમારી વાણીમાં મીઠાશ હશે તો, દરેક માણસ તમારો મિત્ર બની જશે.

અમે તમને એક બીજી વાત પણ કહી હતી કે, તમારે મહેનત કરવાની છે, તકલીફ લેવાની છે. પૃથ્વીના પેટાળમાં જેમ લોખંડ કે તાંબા જેવી ધાતુઓ સમાયેલી છે તે રીતે આપણી અંદર પણ ઘણો ખજાનો રહેલો છે. જમીનમાં ખેડ કર્યા વિના, બી રોપ્યા વિના મોલ શી રીતે ઉગવાનો છે ? મહેનત કર્યા વિના કોઈ વસ્તુ કઈ રીતે મળે ? મહેનત-મજૂરી કર્યા પછી જ કોઈ પણ વસ્તુ મેળવી શકાય છે. તમારે જાત પ્રત્યે કઠોર અને બીજા પ્રત્યે મુલાયમ બનવું પડશે. આ સિદ્ધાંત સંયમનો સિદ્ધાંત છે.

ચોથી વાત અમે તમને કહી હતી કે આ જમાનો ભડકે બળી રહ્યો છે. દરેક માણસ ધૂંધવાયા કરે છે. તમારે આ સળગતા સમાજ ઉપર પાણી છાંટવાની જરૂર છે. આ છે ઉચ્ચ વિચારોના છંટકાવની જરૂરિયાત. મિત્રો ! હું પૂછું છું કે બકરો ખાધા પછી કોઈ બકરાની ઓલાદ ગણાય કે નહીં ? જરા મને જવાબ તો આપો. હું પૂછું છુ કે એમાં જે અવગુણો હોય તે ખાનારમાં ઉતરી આવે કે નહીં ? આજે દરેક માણસ સામાજિક માન્યતાઓ વિષે, ખાનપાન વિષે, પાડોશી વિષે, દરેક બાબતે અવળી અક્કલ ચલાવતો થઈ ગયો છે. એનાથી તમારો શું ભલીવાર વળશે ? તમારે એમાં સુધારો કરવાનો છે. તમારે સમાજના લોકોના વિચારો સુધારવા પડશે. તેમની ભાવનાઓ બદલવી જોઈશે.

મિત્રો ! એટલું ઓછું હોય તેમ પૈસા વાપરવા બાબતે અને જાતને મહાન બનાવવા વિષે પણ લોકો અવળો ખ્યાલ ધરાવે છે. જો તમામ માણસો આવા ને આવા જ હશે તો કામ કઈ રીતે ચાલશે ? આવી અવળી ગતિવાળા લોકોનું નવનિર્માણ, પુનર્ઘડતર કરવું પડશે. તેમના વિચારો સુધારવા પડશે. તેમને સાચી દિશા ચીંધવી પડશે. અમે તમને આ ઊલટા જમાનાને સીધો કરવા માટે વરદાનો આપ્યાં છે. હવે તમારે આ કાર્યમાં સહકાર આપવાનો છે. તમે અમારી સાથે ખભેખભો મિલાવીને કામ કરવાનો પ્રયત્ન કરશો, તો આ શિબિર ધન્ય થઈ જશે. અમે ધન્ય થઈ જઈશું. તમારું જીવન ધન્ય થઈ જશે. આવનારી પેઢીઓ તમને હંમેશાં યાદ રાખશે.

મિત્રો ! અમે હરણફાળ ભરતાં ભરતાં ઉચ્ચ ધ્યેય તરફ આગળ વધી રહ્યા છીએ. તમે પણ એ દિશામાં પગલાં ભરીને અમને સહકાર આપજો. ગામડાઓમાં કોઈ મરી જાય ત્યારે અથવા બીજા કોઈ પણ કામે ગયા હોઈએ ત્યારે કોઈ પણ માણસ ત્યાં જાય છે ત્યારે તેમની સાથે પાંચ ડગલાં ચાલે તેવો રિવાજ છે. તે પાંચ ડગલાં ચાલ્યા પછી જ પાછો આવે છે. મિત્રો ! તમે અમારી સાથે ઓછામાં ઓછા પાંચ ડગલાં ચાલવાનો પ્રયત્ન તો જરૂર કરજો. જમાનો અમારી સાથે બદલાઈ રહ્યો છે. અમારી સાથે ચાલી રહ્યો છે. એ રીતે તમે પણ અમારી સાથે ચાલજો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યાંક એવુ ના બને કે તમે ચાલતા હો ભલે, અમારી સાથે; પણ ધ્યાન બીજે ક્યાંય હોય એવું કદી ના કરશો- અમારા કદમ સાથે કદમ મિલાવીને ચાલજો. ભલે પાંચ ડગલાં ચાલો, કે પછી ભલે એકાદ કલાક જ અમારી સાથે ચાલો. પણ અમારી સાથે તાલ મિલાવીને ચાલજો.

અમે તમને એક બીજી વાત પણ કહી હતી કે તમારી આવકનો વધુ નહીં તો દસમો ભાગ તો જરૂર સમાજની નવરચનાનાં કાર્યો પાછળ ખર્ચશો. એમાં સક્રિયતા દાખવજો. આજે પચીસ પૈસામાં એક અડધી ચા મળે છે અને અમે સમાજ, સંસ્કૃતિ અને દેશ ખાતર તમારી પાસેથી અડધા પ્યાલા ચાની માંગણી કરે છે, તે તો તમે જરૂર આપજો. જો તમે સમાજ માટે એટલું કરી શકશો તો અમે; તમે અમારી સાથે એક ડગલું ચાલવાનો પ્રયત્ન તો કર્યો છે, એટલું જરૂર માનીશું.

મિત્રો ! તમે જ્યારે સૂતેલા હો છો. ત્યારે અમે તમારી પાસે બેસી બે ચાર વાતો કહેતા હોઈએ છીએ; જેનાથી તમે અધ્યાત્મિકતાના માર્ગે આગળ વધી શકો. અમે આજે તમને અહીંથી વિદાય કરીએ છીએ. તમે તમારે ઘેર જશો, અને અમે અહીં ઘરમાં બેઠા રહીશું. અમને અને તમને એકબીજાની યાદ આવ્યા કરશે. બે બળદોની જોડી હોય છે. એક બીમાર પડે કે ક્યાંક બીજે ગયો હોય ત્યારે બીજો બળદ કામ કરતો નથી. તે આખો દિવસ ધમાચકડી કરે રાખે છે. તે ઘાસચારો નથી ખાતો કે પાણી નથી પીતો. તેની આંખમાં વિરહનાં આંસુ હોય છે. મિત્રો ! આપણે બળદ કરતાં કાંઈક વિશેષ છીએ, ઉતરતા નથી, એટલું ધ્યાન રાખજો.

મિત્રો ! અમે તમારા સગાંસંબંધી છીએ. જેની સાથે લોહીની સગાઈ હોય એને જ સગાં કહેવાય, એવું નથી. પરંતુ જેના વિચારો અને ગુણોમાં સામ્યતા હોય, જેઓ એક જ માર્ગે ચાલતા હોય એ જ સાચા સગાંસંબંધી કહેવાય. તમે અને અમે એકસરખા ગુણોવાળા માણસો છીએ. એક વિચારવાળા, એક દિશાવાળા અને પ્રેમાળ માણસો છીએ. તમારી અને અમારી વચ્ચે પ્રેમનો, લાગણીનો એક કદી ના તૂટે એવો સેતુ છે. તમે વિદાય થાવ છો ત્યારે અમારો જીવ દુભાય છે. અમે તમને તમારા જન્મદાતા માબાપ કરતાં પણ વધુ પ્રેમ કરીએ છીએ, એવો દાવો તો અમે નહીં કરી શકીએ; પરંતુ કોઈ દિલોજાન દોસ્ત જેટલો પ્રેમ તો કરીએ જ છીએ. મિત્રને મિત્ર મળવા આવે છે, ત્યારે આનંદ થાય છે પણ જ્યારે તે વિદાય લે છે, ત્યારે આંખમાં આંસુ આવી જાય છે. આ અમારી અને તમારી નબળાઈ છે. તમે વિદાય લઈ રહ્યા છો ત્યારે મારું હૃદય પણ ભરાઈ આવે છે. વિદાયની વસમી વેળાએ ભલભલા સંત-મહાત્માઓની પણ આ જ હાલત થાય છે. કબીરજી જ્યારે મરણપથારીએ હતા ત્યારે તેમણે એક માર્મિક વાત કહી હતી —

**રામ બુલાવા ભેજીયા, દિયા કબીરા રોય.**
**જો સુખ પ્રેમી સંગમેં, સો વૈકુંઠ ના હોય.**

હકીકતમાં પ્રેમ એ જ આ સંસારની સૌથી મોટી પ્રાપ્તિ છે.

મિત્રો ! જે માણસ પોતાનો હોય છે, અથવા જેને પોતાનો માનતા હોઈએ એની વિદાય ખૂબ દુઃખ આપનારી હોય છે. એને ચાહે માણસની નબળાઈ કહો કે કુદરતનો નિયમ. જે હોય તે, પરંતુ એ તમને પણ લાગુ પડે છે અને અમને પણ લાગુ પડે છે. અમારો જીવ દુભાય છે. તે રીતે તમને પણ દુઃખ થાય છે, તે હું સ્પષ્ટ અનુભવી રહ્યો છું. પરંતુ શું અમે તમને છોડી શકવાના છીએ ? એવું ક્યારેય બનવાનું નથી. ભૂત હોય છે ને ? તે જેને વળગે તેનો ક્યારેય પીછો છોડતું નથી. અમે પણ તમારી પાછળને પાછળ લાગ્યા રહીશું. અમે તમને છોડી નહીં શકીએ. તમને પણ આચાર્યજીનાં પ્રવચનો તો પૂરાં થઈ ગયાં, તેમ છતાંય તેના પડઘા હજી પણ તમારા કાનમાં ગૂંજતા હોય તેવો અનુભવ થશે. અમે ઉપરથી નાળિયેર જેવા સખત છીએ, કઠોર છીએ, પણ અંદર તો દૂધ ભરેલું છે અને ખૂબ નરમ છીએ. ભગવાને કોણ જાણે કેમ અમને પુરુષ બનાવ્યા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને મૂછો ઉગાડી દીધી. બાકી જો મૂછોને બાદ કરી નાખીએ તો અમારું હૃદય માતા જેવું છે. માતાનું હૃદય કેટલું કોમળ હોય છે ? તે તમે બધા જાણો છો. અમારું હૃદય પણ કોમળ છે. તમે ચાલ્યા જશો, પછી પણ અમે તમને છોડવાના નથી. અમે તમને સુખી-સંપન્ન અને મહાન બનાવવા માગીએ છીએ. તમને મહાન બનાવીને જ્યાં અમારા ગુરુદેવે અમને પહોંચાડ્યા છે ત્યાં સુધી પહોંચાડવા માગીએ છીએ.

મથુરામાં વિદાય-સમારંભની સાથે જ અમારા પ્રેમની પરિપક્વતાનાં મંડાણ થયાં છે. આજથી અમારી મિત્રતાની શરૂઆત થાય છે. આ સમગ્ર જીવન મૈત્રીપૂર્ણ જ રહેવાનું છે. અમને તમારા જેવા હજારો લોકોનો પ્રેમભાવ મળ્યો છે. અમે હંમેશાં તમારા સ્નેહસાગરમાં ડૂબેલા જ રહીએ છીએ અમે આવો, પ્રેમની આપ-લેનો ક્રમ હંમેશાં ચાલતો રહે એવું ઇચ્છીએ છીએ. અમે તમારા લોકોનો સ્નેહ પામીને ખૂબ સુખી છીએ. ક્યારેક તો અમને વિચાર આવે છે કે, તમારા આટલા બધા પ્રેમનો બદલો અમે કઈ રીતે ચૂકવીશું ? તમે ધોમધખતા તાપમાં તમારું ઘર છોડીને અહીં આવ્યા હતા. અહીં ઉતારા વગેરેની એટલી સારી સગવડ ક્યાં હતી ? પાણીની પૂરતી વ્યવસ્થા પણ ક્યાં હતી ? તમારા જમવાની વ્યવસ્થા પણ અમે બરાબર ગોઠવી શક્યા ન હતા. પરંતુ અમારી પાસે જે એક વસ્તુ છે, તે અમે તમને આપવાનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે એ છે- નિસ્વાર્થ પ્રેમ. અમારી પાસે એનો જ ભંડાર છે, જે અમે તમને આપ્યો છે અને હંમેશાં આપતા રહીશું. તમને અમારા પ્રેમ વિષે, આ માણસ કોઈ સ્વાર્થ કે મતલબ કે પૈસા કે બીજી કોઈ વસ્તુ ખાતર તમને ચાહતો હોય; એવું ક્યારેય નહીં લાગે. મિત્રો ! અમને અમારા સ્નેહ ઉપર પૂરો વિશ્વાસ છે. જાણે અમે અને તમે જન્મોજન્મના સાથી-સંગાથી ના હોઈએ ! એવું લાગે છે. જ્યાં સુધી નવા યુગની સ્થાપના ના કરી લઈએ ત્યાં સુધી આપણે છૂટા પડવાના નથી. હજી આપણે ભારતીય સંસ્કૃતિરૂપી અપહૃત સીતાને પાછી લાવવાની છે. રાવણનો નાશ કરવાનો છે. સમુદ્રમાં સેતુબંધ કરવાનો છે. તમે લોકો ત્યાં સુધી અમારી સાથે જ રહેવાના છો. અત્યારે તો અમે કે તમે — કોઈ એકબીજાને છોડી શકવાના નથી. તમે સુખરૂપ વિદાય લો, સુખી બનો, ઉન્નત બનો અને પ્રગતિ કરો.

**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા.**
**સર્વ ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્.**

**શરીરને વિના કારણે તકલીફ આપવી એ કાંઈ તપ નથી. કોઈને પણ તકલીફ આપવી એ ખોટું છે. તો પછી શરીરને કષ્ટ આપવાથી, ત્રાસ આપવાથી શું કલ્યાણ થઈ શકે ? જેમાં સત્યનિષ્ઠ જીવનશૈલી અપનાવવાને કારણે ઓછી આવકમાં ગુજરાન ચલાવવા માટે જે કરકસર દાખવવી પડે — એ જ સાચી તપસ્યા છે.**

●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# વિચાર ક્રાંતિ માટે આ કાર્યક્રમ ચલાવો

પતનનું નિરાકરણ જ સર્વ શ્રેષ્ઠસેવા છે. સેવા સાધનાથી પતનનું નિરાકરણ ત્યારે જ સંભવે, જ્યારે વ્યક્તિમાં આવેલ વિકૃતિઓ અને અવાંછનીયતાઓ દૂર થઈ જાય. સેવાનો ઉમંગ અને સૌથી ઉચ્ચ સેવા કરવા માટે લગન છે તો આ સ્તરના સેવાકાર્ય આરંભ કરવા અને ચલાવવા જોઈએ.

પ્રશ્ન એ ઉઠે છે કે આ સ્તરની સેવા સાધના કેવી રીતે દૂર કરવામાં આવે ? મનુષ્યના સ્તરમાં આવેલ પતનને કેવી રીતે દૂર કરવામાં આવે અને તેને ઉત્થાન તરફ આગળ કરવામાં આવે. સ્પષ્ટ છે કે આ કાર્ય વિચારો અને ભાવનાઓના સુધાર દ્વારા જ કરી શકાય છે. એના માટે વિચાર સુધારની પ્રક્રિયા ચલાવવી જોઈએ તથા ઉચ્ચ અને પ્રગતિશીલ સદ્‌વિચારોને જન-જન સુધી પહોંચાડવા જોઈએ. એ સત્ય છે કે સમાજમાં જે કંઈ પણ અશુભ અને અવાંછનીય દેખાય છે, તેનું કારણ લોકોના વ્યક્તિગત દોષ જ છે. એ દોષોની ઉત્પત્તિ વ્યક્તિની દૂષિત વિચારણાઓ તથા વિકૃત દષ્ટિકોણથી થાય છે. ભોગ પ્રધાન આકાંક્ષાઓ રાખવાથી મનુષ્યની અતૃપ્તિ વધતી જાય છે અને તે અધિક સુખ સામગ્રીની માંગ કરે છે. સ્વાર્થને કારણે ઝપટવું અને ચાલાકી, બેઈમાની વધે છે. શ્રમથી બચવા અને મોજ કરવાની ઈચ્છાઓ જ્યારે તીવ્ર થઈ જાય છે, તો ઉચિત-અનુચિતનો વિચાર છોડી લોકો કુમાર્ગ પર ચાલવા લાગે છે, જેનું પરિણામ તેના પોતાના માટે જ નહીં પૂરા સમાજ માટે પણ ઘાતક બને છે આ અદૂરદર્શિતાપૂર્ણ પ્રક્રિયાને અપનાવવાથી જ સંસારમાં સર્વત્ર દુઃખ-દારિદ્રનો વિસ્તાર થયો છે.

પતનનું નિવારણ કરવા માટે માનવીય દષ્ટિકોણમાં પરિવર્તન કરવું જરૂરી છે અને આ પરિવર્તન માટે મનુષ્યનું જીવન-દર્શન ઘણું ઊંચું બનાવવું જોઈએ. પતિત ભાવનાવાળી વ્યક્તિ માટે લાંછન તથા આત્મ-ગ્લાનિની વ્યથા કષ્ટદાયક નથી હોતી, તે નિર્લજ્જ બની કુકર્મ કરતા રહે છે. લોક નિંદા અને પરલોકનો પણ તેને ભય નથી હોતો આવા લોકોથી તે શ્રેષ્ઠ કર્મોની આશા નથી કરી શકાતી, જે વિશ્વશાંતિ માટે જરૂરી છે. ગંદી પ્રકૃતિના મનુષ્ય ગંદા મહોલ્લામાં, ગંદા ઘરોમાં, દુર્ગંધપૂર્ણ જળવાયુમાં રહી શકે છે, પણ જેને સ્વચ્છતા પ્રિય છે, તે ગરીબ હોવા છતાં પણ ગંદકી નહીં સ્વીકારે. એ રીતે જેનો દષ્ટિકોણ નીચો છે, તેમને ન લોક લજ્જાની પરવાહ હોય છે અને ન આત્મગ્લાનિની. તે દુષ્ટતાપૂર્વક દુષ્કર્મ કરતા રહે છે. અને એમાં પોતાની મોટાઈ માને છે. આ સ્થિતિનું પરિવર્તન કરી ધર્મ, આત્મ-ગૌરવ અને પુણ્ય પરમાર્થની મહત્તાનો અનુભવ કરવાની મનોભૂમિ બનાવવી જોઈએ. જ્યારે લોકમાનસનું સ્તર ભાવનાત્મક દષ્ટિથી ઊંચું ઉઠશે ત્યારે જ જીવનમાં શ્રેષ્ઠતા આવશે અને તેના આધાર પર વિશ્વશાંતિની મંગલમય પરિસ્થિતિઓ ઉત્પન્ન થશે.

આજનો મનુષ્ય સભ્યતાના ક્ષેત્રમાં વિકાસ કરવાની સાથે-સાથે એટલો વિચારશીલ પણ છે કે જો તેને તથ્ય સમજાવવામાં આવે તો તે તેને સમજવા અને માનવા તૈયાર થઈ જાય છે. લોકસેવીઓએ આ પ્રયોજન માટે જ ઘેર-ઘેર જવું જોઈએ અને લોકોની આસ્થાઓ, માન્યતાઓ તથા વિચારણાઓ સુધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

પ્રત્યેક વ્યક્તિ એટલો બુધ્ધિમાન અને પ્રતિભાશાળી નથી હોતો કે તે તથ્યોને સાચી રીતે સમજી માર્ગદર્શન કરી શકે. સ્વયં પોતે જ તથ્યો સમજવામાં તથા તેના અનુસાર કોઈ તારણ કાઢવાનું સામર્થ્ય બધા વ્યક્તિઓમાં નથી હોતું તો પછી બીજાને કેવી રીતે સમજાવવા કે માર્ગદર્શન આપી શકાય. તેથી વિચારક્રાંતિનું વ્યાવહારિક સ્વરૂપ જ્ઞાનદર્શનના રૂપમાં અપનાવવું પડે છે. પ્રેરક વિચારો અને સૃજનશીલ પ્રેરણાઓને જન-જન સુધી પહોંચાડવામાં આવે, સર્વ સાધારણને આ રીતે પ્રશિક્ષિત કરવામાં આવે કે જન માનસમાં શુભ સંભાવનાઓ ઉત્પન્ન કરી શકાય. એના માટે ઉકેલયુક્ત વિચારધારાનું સાહિત્ય લઈ નીકળવું જોઈએ તથા લોકોને તે વાંચવા તથા વિચાર કરવાની પ્રેરણા આપવી જોઈએ, તેની સાથે અશિક્ષિત વ્યક્તિઓ માટે વાંચીને સંભળાવવાનું અથવા વિચાર વિમર્શ દ્વારા પ્રેરણા આપવાની પ્રક્રિયા ચલાવવી જોઈએ. આરંભમાં સર્વે લોકોની રુચિ આ તરફ નથી હોતી. તેથી જે લોક જ્ઞાનયજ્ઞની આવશ્યકતા સમજે છે તેમણે એવા વિચાર સાહિત્ય લોકો સુધી પોતે જાતે લઈ પહોંચવું જોઈએ. એ ઠીક છે કે કુવો તરસ્યા પાસે નથી જતો, તરસ્યાએ કુવા પાસે જઈ પાણી પીવું પડે છે. ગરમીમાં જ્યારે વ્યાપક જળ સંકટ ઉત્પન્ન થાય છે, તો વાદળોએ જ અલગ-અલગ જગ્યાએ જઈ વરસવું પડે છે. લોક સેવીઓએ પણ સદ્‌વિચાર અને સદ્પ્રેરણાઓની શીતલ સુખદ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જળવૃષ્ટિ માટે જન-જન સુધી પહોંચવું જોઈએ. તેના માટે તે વ્યક્તિઓમાં પહેલા સદ્‌વિચારો પ્રત્યે ભૂખ જગાડવી જરૂરી છે. ભૂખ ઉત્પન્ન કરવાનું આ કાર્ય સંપર્ક દ્વારા સંભવી શકે. ત્યારબાદ સદ્‌વિચારો અને સત્પ્રેરણાઓને ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. આ જરૂરિયાત સાહિત્ય અને સામાન્ય પ્રચાર કાર્યો દ્વારા પૂરી કરી શકાય છે.

### ગાયત્રી પરિવારનું દરેક ઘર જ્ઞાનમંદિર બને

ગાયત્રી પરિવારથી જોડાયેલ દરેક પરિજને પોતાના ઘરને ગાયત્રી જ્ઞાન મંદિર બનાવવું જોઈએ. પ્રત્યેક ગાયત્રી જ્ઞાન મંદિર પર સાહિત્ય વાંચવા તથા ખરીદવાની સુવિધા રહેવી જોઈએ. સારા સાહિત્ય પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષિત ન થવાનું એક કારણ તે સુગમતાથી ન મેળવી શકવાનું છે. આ જરૂરિયાત પુસ્તકાલયો દ્વારા પૂરી થઈ શકે છે. પુસ્તકો હોવા છતાં ઘણાં લોકો પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે ખરીદી નથી શકતા. જો પુસ્તકાલયોના રૂપમાં સામૂહિક વ્યવસ્થા કરવામાં આવે જેથી લોકો પોતાની સ્વાધ્યાયની આવશ્યકતા પૂરી કરતા રહે, તો જ્ઞાનયજ્ઞ અભિયાનને વધુ અગ્રગામી બનાવી શકાય છે.

પરમાત્મા જ્ઞાન સ્વરૂપ છે વિચાર અને જ્ઞાનના રૂપમાં જ તે માનવીય અંતઃકરણમાં પ્રકાશ અને પ્રેરણા ઉત્પન્ન કરે છે. તેથી જ્યાં જ્ઞાનનું ઝરણું પુસ્તકોનું નિવાસ સ્થાન હોય તેને દેવમંદિર કે પરમાત્માના જ્ઞાન સ્વરૂપની પ્રતિષ્ઠાનું શુભ સ્થાન જ સમજવું જોઈએ. એ સ્થાનને મંદિરથી ઓછું શું કહી શકાય, જ્યાં પુસ્તકોના રૂપમાં જ્ઞાનના ચેતનાયુક્ત દેવતા નિવાસ કરે છે.

પત્થરની મૂર્તિવાળા દેવમંદિરમાં બુરાઈઓ પણ ઉછરી શકે છે, અંધવિશ્વાસ અને ઠગના કારોબાર પણ જોવા મળે છે. મંદિર તૂટી-ફૂટી પણ જાય છે, તો તેનું મહત્વ સમાપ્ત થઈ જાય છે, પણ પુસ્તકાલય નષ્ટ થઈ જાય તો પણ તેના આત્મા રૂપી પુસ્તકોનું અસ્તિત્વ નષ્ટ નથી થતું. એકવાર સ્થાપિત થઈ ગયા પછી તે ઘણા દિવસો સુધી લોકોને સદ્‌જ્ઞાન વહેંચતું રહે છે. પુસ્તકાલયોમાં જવાથી લોકોની ભાવનાઓમાં સ્થાનગત ઉચ્ચતા આવે છે અને વિચાર ઊર્ધ્વગામી (ઊંચા) બને છે. તેને જ્ઞાનનું સિધ્ધ પીઠ માનવું જોઈએ, જ્યાં પહોંચી લોકો તેના એક-એક કિરણથી પ્રભાવિત થઈ પાછા વળે છે.

કોઈ વ્યક્તિની ધર્મ કર્મની ઈચ્છા થાય છે તો તે મંદિર બનાવડાવે છે. કેટલાક લોકોધર્મશાળા, કુવા કે વાવ બનાવડાવે છે. સદાવ્રત ચલાવવાના પણ વિધિ વિધાન છે જેના સંબંધમાં લોકોનો વિશ્વાસ છે કે એનાથી પુણ્ય થાય છે. આ ક્રિયાઓ કરવાથી લોકોને આત્મશાંતિ અને આત્મ સંતોષ મળતો પણ હશે, પરંતુ યુગની જરૂરિયાતને જોતાં પુસ્તકાલયની સ્થાપનાને જ સૌથી વધુ પુણ્ય ફળદાયી કર્મ માનવું પડશે. તેથી જેની પાસે સાધન છે અને જે ધર્મ કાર્ય કરવા માંગે છે, તેમણે પુસ્તકાલય ખોલવા માટે ધન આપવું જોઈએ. જમીન, પુસ્તકો, ફર્નીચર, મકાન અથવા રૂમો વગેરે સાધન પ્રાપ્ત કરાવવા જોઈએ. દેવ મંદિરોની સ્થાપના જે લગનથી કરો છો તેવો જ પુસ્તકાલય માટે તે રીતે લગનપૂર્વક પ્રયાસ કરવો જોઈએ. કેમકે વિચાર સેવા સૌથી સારી સેવા છે, તેથી સમાજ સેવી તથા લોક સેવાના ઈચ્છુકોને પુણ્ય અને પરમાર્થની દૃષ્ટિથી પુસ્તકાલય ખોલાવવા જોઈએ. પુસ્તકાલય માટે દાન આપવું જોઈએ, પુસ્તકો આપવા જોઈએ, અનુદાન આપવું જોઈએ. તે બ્રહ્મદાન જ મનાશે અને તેનું પુણ્યફળ પણ ભોજન, વસ્ત્ર આપવાની અપેક્ષાએ અધિક હશે. તેથી જ્યાં પણ લોકો દાન, પુણ્ય કરે પુસ્તકાલય માટે કરે.

### ટેપ રેકોર્ડર બોલતું પુસ્તકાલય

પુસ્તકાલય, ચલ પુસ્તકાલય તથા ઝોલા પુસ્તકાલય દ્વારા શિક્ષિત વ્યક્તિઓ સુધી જ નવયુગનો સંદેશ, સદ્‌વિચારોની પ્રેરણાઓ પહોંચાડી શકાય છે અશિક્ષિત કે ઓછા ભણેલા-ગણેલા વ્યક્તિઓને તેનાંથી અલગ ન રાખવા જોઈએ, તેથી વિચારક્રાંતિ અથવા વ્યાપક ક્ષેત્રમાં વિસ્તાર કરવા માટે આવા વિકલ્પ પણ અપનાવવા જોઈએ, જે શિક્ષિત અને અશિક્ષિત બધા સ્તરના વ્યકિતઓ માટે સમાન રૂપથી ઉપયોગી હોય, એ રીતના સાધનોમાંથી એક છે-ટેપરેકોર્ડર.

વિચારક્રાંતિ માટે તેનો મહત્વપૂર્ણ ઉપયોગ પણ છે તેનાથી બોલતા પુસ્તકાલયનું કામ લઈ શકાય છે. ટેપરેકોર્ડર વિચારશીલ વ્યક્તિઓના ન કેવળ વિચાર પરંતુ તેમની વાણીને અંકિત કરી શકે છે.

પરમ પૂજ્ય ગુરૂદેવ તથા વંદનીયા માતાજીના અવાજમાં તેમના પ્રવચનોની કેસેટ તૈયાર મળે છે. પૂજ્ય ગુરૂદેવના સાહિત્યમાંથી પસંદના પુસ્તકોની મેટર કોઈ સારા અને સ્પષ્ટ અવાજવાળા પરિજનના અવાજમાં ભરાવડાવી તૈયાર કરી શકાય છે. જેમ કે ''હારીએ ન હિંમત'' તથા ''સુનસાન કે સહચર'' પુસ્તકોની કેસેટ તૈયાર કરવામાં આવેલ છે. આ રીતે અન્ય કેસેટ પણ તૈયાર કરાવવાનું કાર્ય પરિજન કરી શકે છે. આ કેસેટને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે તમારા જ્ઞાનમંદિરમાં નિયમિત રૂપથી સંભળાવી શકો છો. જ્ઞાનમંદિરથી જોડાયેલ પરિજનોને સાંજે અથવા સવારે જ્ઞાનમંદિરમાં બોલાવી જમીન પર પાથરણું પાથરી પંક્તિમાં બેસાડો, ગાયત્રી મંત્રથી કાર્યક્રમ આરંભ કરી અને પછી ટેપરેકોર્ડર અથવા ડેક દ્વારા પૂજ્ય ગુરૂદેવના વિચારોને સંભળાવો. અંતમાં શાંતિપાઠ કરી કાર્યક્રમ સમાપ્ત કરો. બહેનો આ કાર્યક્રમ દિવસે ૨થી ૫ માં રાખે. અશિક્ષિત ભાઈ-બહેન પણ આ કાર્યક્રમનો લાભ ઉઠાવી શકે છે. આ કાર્યક્રમમાં બાજોઠ પર ગાયત્રી માતા, પૂજ્ય ગુરૂદેવ તથા વંદનીયા માતાજીના ચિત્ર લગાવી દીપક તથા અગરબત્તી પ્રગટાવવી. બધા ભાઈ-બહેન ટેપના સંદેશને યુગ ઋષિના સંદેશના રૂપમાં ગ્રહણ કરે. આ કાર્યક્રમ નિત્ય અથવા સાપ્તાહિક પણ થઈ શકે છે.

### સંગીત તથા કવિતા સંમેલન

જન જાગરણ માટે સંગીતનો ઉપયોગ પણ કરી શકાય છે. સંગીત સીધું હૃદયને સ્પર્શ કરે છે. લેખની અને વાણીની એટલી સીધી પહોંચ ભાવ કેન્દ્ર સુધી નથી, જેટલી સંગીતની છે. મસ્તિષ્કને પ્રભાવિત કરવા માટે તર્કો, તથ્યો અને વિશ્લેષણોનો સહારો લઈ શકાય છે, પણ સંગીતના માધ્યમથી ભાવનાઓને પણ આંદોલિત કરી શકાય છે. મધ્યકાળમાં સંત કવિઓએ આ માધ્યમનો સફળ ઉપયોગ કર્યો હતો. મીરા, સૂરદાસ, તુલસી, કબીર જેવા ભક્ત સંતોએ આ માધ્યમથી જનતાના અંતઃકરણને સ્પર્શ કર્યો અને જનમાનસમાં નવજીવનનો સંચાર કર્યો. ભાવનાત્મક નવનિર્માણની જ્યારે આ દિવસોમાં તીવ્ર જરૂરિયાત અનુભવી રહ્યા છીએ તો આ માધ્યમને ન છોડી દેવું જોઈએ.

સંગીત આજકાલ આમેય બહુ લોકપ્રિય છે. કરવાનું કેવળ એટલું છે કે ગાયનના વિષય ઊર્ધ્વગામી હોય. વાત્સલ્ય, કરુણા, નમ્રતા, આત્મીયતા, સ્નેહ, સૌજન્ય, સમાજ નિષ્ઠા, માનવીય આદર્શો પ્રત્યે આસ્થાઓ ને તરંગિત કરનારા ગીત બનાવવામાં આવે અને વાદ્યયંત્રની રસધ્વનિ તે ઉદ્બોધનને રસ પ્રદાન કરે. સમય-સમયે એવા સંગીત આયોજન કરતા રહેવું જોઈએ. તેમાં એવા ગીત પ્રસ્તુત કરાવવામાં આવે જે કેવળ પ્રસન્નતા જ નહીં પ્રેરણા પણ પ્રદાન કરે. એવા સંગીત સંમેલન, સ્વતંત્ર રૂપથી સમય માટે પણ રાખી શકાય. કવિતા સંમેલન એનાથી ભિન્ન સ્તરનું હોવું જોઈએ. આ પોતાના ઢંગની એકદમ સ્વતંત્ર અને નવી શૈલી છે. એનું બાહ્ય સ્વરૂપ કવિ સંમેલનો જેવું જ રાખી શકાય છે જેના સ્વર મીઠા અને તીખા છે તે કોઈની પણ લખેલ કવિતા પોતાના સ્વરમાં જમાવી અને સંમેલનમાં તેનો પાઠ કરે.

પ્રચલિત કવિ સંમેલનોથી આ સંમેલન કેટલાય ગણું મહત્વપૂર્ણ છે અને અનેક વિશેષતાઓથી યુક્ત પણ. એક તો બધા ગાયક મધુર સ્વરવાળા હશે, જ્યારે કે કવિ સંમેલનોમાં એવું નથી હોતું. બીજી રીતે કેવળ આદર્શવાદિતા અને ઉચ્ચતાની મર્યાદાઓમાં સીમિત રહેવાના કારણે સાંભળનારાઓને એક દિશા આપશે જ્યારે કે કવિ સંમેલન એવો પ્રભાવ ઉત્પન્ન નહીં કરી શકે. ત્રીજું બહારથી આવનાર કવિઓ માટે ઢગલો પૈસા ખર્ચો કરવો પડે છે. જ્યારે કે કવિતા સંમેલનમાં સમીપના લોકો જ ભેગા થઈ વગર ખર્ચે તે પ્રયોજન પૂરું કરી શકે છે. આ રીતે જન જાગરણની જરૂરિયાત પૂરી કરવા માટે કવિતા સંમેલન ખૂબ ઉપયોગી સિધ્ધ થઈ શકે છે.

### વિચારક્રાંતિ અંકના પ્રચારકો

જીવાભાઈ પટેલ ચલાલા-૧૦૦, ભરતભાઈ ત્રિવેદી વડોદરા-૧૦૦, શંકરભાઈ પંચાલ સેલવાસા-૧૦૦, વિમળાબેન પટેલ સંખેડા-૧૦૦, ગંગાબેન સુરેશચંદ્ર પટેલ, આંતલિયા-૧૦૦૦, ભીખુભાઈ પટેલ, ગામ તળાવ-૧૦૦, દોલતસિંહ શેઠ, કુંવારદા-૨૦૦, હર્ષિદાબેન ત્રિવેદી, વિદ્યાનગર-૧૦૦૦, કિશોરચંદ્ર ભટ્ટ, ભાવનગર-૧૦૦, એ.પી. બંસલ, અમદાવાદ-૨૦૦, કાંતિભાઈ મોરાવાલા, શાંતાક્રુઝ-૧૦૦૦, સન્મુખભાઈ પટેલ, બારડોલી-૧૦૧, ભાવનાબેન પટેલ, રાધનપુર-૧૦૦૦, રમણલાલ પટેલ, સુરત-૧૦૦.

સહગાન કીર્તનની પ્રક્રિયા ચલાવી સંગીતની ભાવ લહરીમાં જનતાને પણ સમ્મલિત કરી શકાય છે. મુખ્ય ગાયક અને સાંભળનાર લોકો કયા ગીતને કે તેની લયને ગાઈને દોહરાવે તો તેનો મોટો મનોવૈજ્ઞાનિક લાભ થઈ શકે છે. લોકો જ્યારે તે પદને અથવા તેની લયને દોહરાવે છે તો તેના ભાવોથી અનાયાસ જ જોડાઈ જાય છે. એટલું જ નહીં અંતઃકરણમાં તે ભાવો પ્રત્યે સ્વયં દ્વારા સમર્પિત થવાની અનુભૂતિ થાય છે વાતાવરણ જ કંઈક એવું બની જાય છે માનો એક વિશાળ જનસમૂહ આ માન્યતાઓનું ભાવનાઓનું સમર્થન કરી રહ્યા હોય. તેનાથી લોકોના મન પર કોઈ પ્રકારના ભાર વગર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દબાવ પડે આનદ, ઉત્સાહ અને નવી દિશાઓ મળે છે. જન માનસને દિશા વિશેષમાં વાળવા માટે સંગીત કલાનો ઉપયોગ કરવો જોઈએ.

કાર્યક્રમના આયોજન માટે પરિજન બે અથવા ત્રણની ટોળી બનાવી પીળા વસ્ત્ર પહેરી ઘર-ઘર જઈ કાર્યક્રમના સ્થાન, સમય વગેરેની સૂચના આપી પીળા ચોખા આપી ભાવભર્યું નિમંત્રણ આપશે. પ્રચાર પત્રક વિતરિત કરાવો. સમાચાર પત્રોમાં સૂચના છપાવો. આયોજન માટે પરિજનોને બેસવા માટે હોલ અથવા પંડાલની વ્યવસ્થા કરવી. લાઈટ તથા માઈકની વ્યવસ્થા કરવી. જલપાનની વ્યવસ્થા રાખવી. સંગીત સંમેલનમાં સંગીતના પરિજન મંચ પર પંક્તિમાં બેસે. પરિજન અદલાબદલી કરી પ્રેરણાપ્રદ ગીત ગાય. મંચ પર ગાયત્રી માતા, ગુરૂદેવ, માતાજીના ચિત્ર પણ લગાવવામાં આવે. દીપક પ્રગટાવવો કોઈ વિશિષ્ટ પ્રતિષ્ઠિત વ્યક્તિથી દીપ પ્રજ્જવલિત કરાવી કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવે. પ્રત્યેક પરિજન ગાયત્રી મંત્રથી પ્રારંભ કરી પોતાના ગીત સંભળાવે. આ રીતે બે કલાકનો કાર્યક્રમ રાખવો.

## વિચાર ગોષ્ઠી

પ્રસ્તુત સદ્જ્ઞાનના પ્રકાશમાં, ભાવનાઓના શિક્ષણનો ઉપયોગ કરતા હાલની સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરવામા આવે, એ ઉપાય શોધવા માટે વિચાર ગોષ્ઠીઓ કરવી જોઈએ. સિધ્ધાંતને ક્રિયાશીલ કેવી રીતે કરવામા આવે એ સ્થાનીય પરિસ્થિતિઓના અનુરૂપ જ નિશ્ચિત કરવું જોઈએ. વિચારશીલ વ્યક્તિ સ્થાનીય પરિસ્થિતિઓના સદર્ભમાં તેમની વ્યાવહારિક રૂપરેખા બનાવી શકે છે અને તે લોકોને વિચાર ગોષ્ઠીઓમાં સમજાવી શકે છે.

વિચાર ગોષ્ઠીથી વ્યક્તિગત સંપર્કનું પ્રયોજન એક સાથે વધુ લોકો સાથે પૂરૂં કરી શકાય છે. કોઈ વાત દરેક વ્યક્તિને સમજાવવાની હોય તો તેના માટે ઘણોં સમય અને શ્રમ પણ જોઈએ. વિચાર ગોષ્ઠીઓમાં કેટલાય લોકો ભેગા થઈ જાય છે અને તેમને વિશ્લેષણ, તથ્ય બતાવવામાં સમજાવવામાં આવે છે.

એક સ્થાનના પ્રબુધ્ધ, વિચારશીલ અને વિશેષ વિષયમા રૂચિ લેનાર કે જેનામાં રૂચિ ઉત્પન્ન કરી શકાય એવા વ્યક્તિઓને એકત્રિત કરી વિચાર ગોષ્ઠીઓનો ક્રમ ચલાવવો જોઈએ. ત્યાંનું ગંભીર વાતાવરણ વિષયની સૂક્ષ્મ વિવેચનાને જનમાનસમાં સારી રીતે ઉતારવાની સંભાવના બનાવી દે છે. આ લોકસેવી કાર્યકર્તા જનજાગરણના ઉદ્દેશ્યથી ગમે ત્યાં જઈ વિચાર ગોષ્ઠીના ક્રમ ચલાવી શકે છે.

## સ્વાધ્યાય ગોષ્ઠીઓ

સામૂહિક રૂપમાં એકઠા થઈ પ્રગતિશીલ પ્રેરણાદાયી પુસ્તકોની સ્વાધ્યાય પ્રક્રિયા પણ આરંભ કરી શકાય છે. બીજું જે ભણી-ગણી નથી શકતા. તેમને પણ લાભ પહોંચાડાય છે. એક વ્યક્તિ નક્કી કરેલ વિષયની પુસ્તક લઈ વાંચે અને બાકીના બધા સાભળે. એક પેરેગ્રાફ વાચી તે બાબત પર ચર્ચા કરવામાં આવે.

સાંભળવાની સાથે જ સમજવાનો ક્રમ પણ ચાલે છે. દરેક વ્યક્તિ સાંભળતા સમયે વિષય પર ચિંતન પણ કરવા લાગે છે. એ નિશ્ચિત છે કે દરેકની પોતાની ચિંતન શૈલી અલગ હોય છે. બધા લોકો એક એક કરી પોતાના નિષ્કર્ષો રાખે તો તે વિષય ઉપર વધુ પ્રકાશ પડે છે. કેમકે એક વાત કોઈ વ્યક્તિ પકડે તો એ જરૂરી નથી બીજી વ્યક્તિ પકડે કે બધા લોકોનું ધ્યાન ત્યા જાય. પોતાના તારણો સંભળાવવાથી તે વિષયથી સંબંધિત અનેક બાબતો પર પ્રકાશ પડે છે.

કેટલીય સામાજિક સંસ્થાઓ આ પ્રકારની સ્વાધ્યાય ગોષ્ઠીઓ ચલાવે છે અને તેમના સદસ્ય એક બીજાની પ્રતિભા, સૂઝ બૂઝ, વિષયની સૂક્ષ્મ પકડ તથા ચિંતનનો લાભ ઉઠાવે છે. થિયોસોફીકલ સોસાયટી તથા અરવિંદ સોસાયટીના સદસ્ય આ રીતે સ્ટડી સર્કલ ચલાવે છે, જેમા ઘણી વ્યક્તિ એક સાથે એકઠા થઈ સામૂહિક રૂપથી સ્વાધ્યાય કરે છે. જન જાગરણનો સંદેશ અભણ અશિક્ષિત વ્યક્તિઓ સુધી પહોંચાડવા માટે આ પધ્ધતિ બહુ ઉપયોગી સિધ્ધ થઈ શકે છે.

ભણેલ-ગણેલ વ્યક્તિ પોતાનું એક ક્ષેત્ર પસંદ કરી લે અને તે ક્ષેત્રના અભણ વ્યક્તિઓને એક સ્થાન પર એકઠા કરે. સત્સાહિત્ય વાંચવાનું શરૂ કરે. તેનું સ્વરૂપ ઘણું ખરું કથા વાર્તાઓ જેવું હોય છે, પરંતુ ભિન્નતા પણ ઓછી નથી હોતી કથા વાર્તાઓમાં કોઈ એક ધર્મગ્રંથ વાંચી જવાથી સાંભળનારામાં કોઈ રસ કે સંભળાવનારામાં કોઈ ઉત્સાહ નથી રહેતો જ્યારે કે આ પ્રક્રિયામાં વાંચીને સંભળાવનારા વ્યક્તિ જનજાગરણની સાધના નિષ્ઠાથી પ્રેરિત થવાને કારણે ઉત્સાહ ભરેલ રહે છે અને સાંભળનારને પોતાના ભલાની વાત કહેવાય રહી છે એ જાણી મનોયોગપૂર્વક સાભળવા બેસે છે.

-લીલાપત શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રવણકુમાર બની પરીક્ષાના માર્ગે સફળ થવા ભાવ ભર્યું આહ્વાન

નરેન્દ્ર નામક એક નવયુવક ઘરની આર્થિક પ્રતિકૂળ પરિસ્થિતિઓથી તંગ આવી નોકરીની શોધમાં ભટકતા ઠાકુર રામકૃષ્ણ પરમહંસ પાસે આશીર્વાદની યાચના લઈ પહોંચ્યા હતા, એ તે જ બાળક છે જેને આજે આખી દુનિયા સ્વામી વિવેકાનંદના નામથી જાણે છે, જેમણે વિશ્વધર્મ સંમેલન શિકાગોમાં (આજથી સો વર્ષ પૂર્વે) ભારતીય સંસ્કૃતિના દર્શનને વિશ્વ મંચ પર સર્વોચ્ચ ધર્મ-સંસ્કૃતિના રૂપમાં ફરી પ્રતિષ્ઠાપિત કર્યું હતું. આ અસાધારણ કાર્ય કેવી રીતે સંભવ બન્યું ? એનું રહસ્ય છે, પોતાના ગુરૂથી ભાગીદારી અને અનુદાન-પ્રતિદાનનું અનુશાસન-અનુબંધનું. રામકૃષ્ણ પરમહંસે કહ્યું હતું-''બેટા ! તું મારું કાર્ય કર. (ભારતીય સંસ્કૃતિની સેવા કર) હું તારું કાર્ય કરીશ. હું તારા બદલે જપ, યજ્ઞ કરી લઈશ. બસ તું મારા કાર્યમાં સમર્પિત થઈ જા.'' આ સમર્પણ જ હતું જેણે નરેન્દ્રને સ્વામી વિવેકાનંદ- યુગ પુરૂષ બનાવી દીધા.

સુગ્રીવે ભગવાન રામ સાથે મિત્રતા કરી હતી, ત્યારે વાલીનો વધ કરી ભગવાન રામે સુગ્રીવને રાજ્ય અને પત્ની બંને પાછા મેળવી આપ્યા. એ સંભવ ન હતું, સુગ્રીવ તથા હનુમાને ભગવાન રામને સીતા માતાની શોધમાં સહયોગ આપવાનું વચન આપ્યું હતું. આ ભાગીદારીનું અનુશાસન હતું. છત્રપતિ શિવાજી અને સમર્થ ગુરુ રામદાસ, ચંદ્રગુપ્ત અને ચાણક્યમાં આ આદર્શ રહેલો છે. સુદામા પાસેથી ભગવાન કૃષ્ણે ચોખાની પોટલી લીધી હતી તેના બદલામાં તેમને અપાર સંપદા ભગવાને પાછી આપી હતી. અનુદાન અને પ્રતિદાનનો ક્રમ ગુરુ અને શિષ્યની વચમાં સતત્ ચાલતો આવે છે. આ અનુશાસનને પાળવાથી ક્ષુદ્રથી મહાન બનવામાં, નરથી નારાયણ બનવાના પ્રગતિ પથ પર આગળ થવાની પ્રક્રિયા સંપન્ન થાય છે.

**પરમ પૂજ્ય ગુરૂદેવની પોતાના દરેક પરિજનોથી એ અપેક્ષા રહી છે કે દરેક શિષ્ય શ્રવણ કુમાર બની તેમને ઘરે-ઘર પહોંચાડે**

ઘર-ઘર પહોંચાડવાનું માધ્યમ યુગ શક્તિ ગાયત્રી માસિક પત્રિકા છે. પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારોને ઘર-ઘર પ્રતિષ્ઠિત કરવા માટે યુગ સંધિની આ પરિવર્તન વેળામાં બધાએ શ્રવણ કુમારનો આદર્શ પ્રસ્તુત કરવો પડશે. યુગ શક્તિ ગાયત્રી પત્રિકા અખંડ જ્યોતિ પત્રિકાના સહયોગથી વિગત ૨૯ વર્ષોથી પરિજનો પાસે પહોંચતી રહી છે તથા ઋષિ ચેતનાના પ્રકાશ વિતરણનો ભાગીરથી પુરુષાર્થ કરી રહી છે.

વ્યક્તિ, પરિવાર, સમાજ નિર્માણ સંબંધી ઉજ્જવળ ભવિષ્યની રૂપરેખા નિર્મિત કરનારી સરળ બોધગમ્ય શૈલીમાં ઉચ્ચસ્તરીય સામગ્રીથી લોકશિક્ષણની મહત્વપૂર્ણ જવાબદારી ''યુગ શક્તિ ગાયત્રી'' પત્રિકાએ સારી રીતે નિભાવી છે. પ્રારંભથી જ સંસ્થાની નીતિ-જાહેરાત ન આપવી ''ન હાનિ ન લાભ''ના સિધ્ધાંત પર જ્ઞાન ચેતનાનો વિસ્તાર કરી રહી છે. નારી જાગરણ, સ્વાસ્થ્ય સંવર્ધન, બાળ નિર્માણની સાથે સત્પ્રવૃત્તિ સંવર્ધન, કુરીતિઓ દૂર કરી રચનાત્મક-સાધનાત્મક માર્ગદર્શન આપનારી આ પત્રિકાનું મહત્વ ઓછું નથી.

એકવીસમી સદીના રૂપમાં ઉજ્જવળ ભવિષ્યની મહાન ક્રાંતિનું સૂત્ર સંચાલન પણ આ પત્રિકા પોતાની રીતે કરી રહી છે. એની સદસ્ય સંખ્યા વધારવાનો સીધો અર્થ છે-યુગ પરિવર્તનના પુણ્ય પ્રયોજનોમાં પોતાની એક અંજલિ ભર ભેટ ચઢાવ્યા સમાન છે.'' **આપણે પૂજ્યવરનું કાર્ય કરીશું તો તે આપણું કાર્ય કરશે.**

એ વિશ્વાસ સુદઢ બનાવો અને પત્રિકા વિસ્તારમાં લાગી જાવ. એવી આપ ભાઈ-બહેનોને અમારી ભાવભરી પ્રાર્થના છે.

આશા જ નહીં વિશ્વાસ છે કે આપ સર્વે ભાઈ-બહેન યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ઓછામાં ઓછા ચોવીસ નવા ગ્રાહક બનાવશો જ તથા જૂના પાઠકોનો ઉત્સાહ પણ યથાવત્ બનાવી રાખશો. આગામી વર્ષનું વાર્ષિક લવાજમ યથાવત રૂા. ૪૫-૦૦ તથા આજીવન રૂા. ૫૦૦-૦૦ જ રાખવામાં આવ્યું છે.

**-લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**કલ્યાણપુરા :** ગાયત્રી શક્તિપીઠના ઉપક્રમે નવરાત્રી દરમ્યાન સામૂહિક અનુષ્ઠાન સંપન્ન કરવામાં આવ્યું. આ દરમ્યાન નાના બાળકોએ પણ ઉત્સાહથી ચાલીસા પાઠ કર્યો. પૂર્ણાહુતિના દિવસે પૂ. ગુરુદેવના લક્ષ્યને પહોંચવા સામૂહિક સંકલ્પ કરવામાં આવ્યા. સ્થાનિક શક્તિપીઠમાં નવનિર્મિત યજ્ઞશાળામાં સાતસો વર્ષ જૂની અખંડ ધૂની ગાયત્રી તપોભૂમિની યજ્ઞશાળામાંથી લાવી સ્થાપિત કરેલ છે. આ કાર્ય માટે તુલસીભાઈ તેમજ નારણબાપુના પ્રયાસ પ્રશંસનીય છે.

**કલોલ :** ગાંધી જયંતી નિમિત્તે લાયન્સ પરિવાર તેમજ ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે કલોલમાં વ્યસન મુક્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીનું લાયન્સ રીઝીયનના ચેરમેન નવીન ભાઈ પટેલે ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. રેલીમાં સૌથી આગળ ક્રાંતિ ગીતોની ધૂન સાથે બેન્ડવાજા ત્યારબાદ પરિવારની ૫૦ બહેનો વ્યસન વિરોધી બેનર હાથમાં લઈ જયઘોષ સાથે આગે કૂચ કરતી રહી. આ રેલીના સમાપન પ્રસંગે વ્યસન વિરોધી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું.

**સાંગણપુર :** ગાયત્રી પરિવાર શાખાના સક્રિય પરિજનોના પ્રયાસથી વિચારક્રાંતિ અભિયાનનું કાર્ય ક્ષેત્રોમાં ખૂબ જ પ્રભાવી થઈ રહ્યું છે. શક્તિપીઠની વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત એસ. એસ. સી. પાસ તમામ બાળકોને-એમ. એ., બી. એ. પાસ યુવતીઓને ઈનામ વિતરણ કર્યું, શાળામાં ભણતા બાળકોને અડધી કિંમતે નોટ બુકોનું વિતરણ કર્યું. મિશનની દરેક પ્રવૃત્તિમાં ભાગ લેનાર શ્રદ્ધાળુઓને ૩૫૦ની કિંમતના સદ્‌જ્ઞાન ગ્રંથમાળા પુસ્તકો ભેટ રૂપે આપવામાં આવ્યા. આ ઉપરાંત સ્થાનિક પરિજનોના પ્રયાસથી યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના નવીન ગ્રાહકો પણ બનાવવામાં આવ્યા.

**સુરત :** યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર વરાછા રોડ દ્વારા વિગત દિવસોમાં સર્વ રોગ નિદાન કેમ્પનું વિના મૂલ્યે સફળ આયોજન કરવામાં આવ્યું. તેમજ સર્વજ્ઞાતિ સામુહિક આદર્શ લગ્ન સંસ્કાર સમારોહનું પણ સફળ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત પરિજનોને પરમ પૂ. ગુરુદેવનું યુગ સાહિત્ય પણ આપવામાં આવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પ્રાગજીભાઈ, મંગુભાઈ, શંભુદાદા, દેવસીદાદા, વિનુભાઈ, હસુભાઈ, ગોરધનભાઈ, દેવરાજભાઈ તેમજ નવીન ભાઈનો ખૂબ જ પરિશ્રમ પ્રશંસનીય છે.

**માંજલપુર :** વડોદરા - ગાયત્રી પરિવાર શાખાના કર્મઠ પરિજન કેશુભાઈ પ્રજાપતિની શ્રધ્ધાવાન સુપુત્રી ભાવના અચાનક દેવલોક પામી તેને શ્રધ્ધાંજલિ આપવા ગાયત્રી પરિજનોએ સામુહિક પ્રાર્થનાનું આયોજન કર્યું. ભાવનાની આત્માને શાંતિ મળે એ ભાવનાથી નાની પુસ્તિકાઓ સ્મૃતિ રૂપે વિતરણ કરી. આ કાર્ય માટે શ્રી મનુભાઈ, મગનભાઈ તેમજ સ્થાનિક પરિજનોનો પ્રયત્ન રહેલ છે.

**અમદાવાદ :** શાસ્ત્રીનગર ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત શાખા દ્વારા જનહિતાર્થ મિશનની રચનાત્મક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચાલી રહેલ છે. જેવી કે મહિલા જાગૃતિ, યુવા વિચાર ક્રાંતિ અભિયાન, માં ભગવતી આયુર્વેદિક નિદાન કેમ્પ, યજ્ઞોપેથી સંસ્કાર, શાસ્ત્રીનગર શાખાના ઉત્સાહિત કાર્યકરોના પ્રયાસથી વિગત દિવસોમાં સંગીત મહાવિદ્યાલયનું પણ ઉદ્‌ઘાટન થયું. સૌ પરિજનોનો પ્રયાસ પ્રશંસનીય છે.

**નાસિક :** ગાયત્રી પરિવાર પંચવટી શાખા દ્વારા નવરાત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ તેમજ વિવિધ સંસ્કારોનું આયોજન સંપન્ન થયું. જેમાં મોહનભાઈ શાસ્ત્રી અને ભરતભાઈ પરિવ્રાજક રૂપે પહોંચેલા ૧૫૦૦ પરિજનોએ લાભ લીધો.

**ડભોઈ :** પરમ પૂજ્ય ગુરુદેવ તથા માતાજીના સંરક્ષણ હેઠળ યુગ ઋષિના કાર્યને વેગવતુ બનાવવા મહિલા શાખા દ્વારા ડભોઈમાં ઘેર-ઘેર યજ્ઞ આયોજનમાં ૨૦ ઘરમાં યજ્ઞ તથા તુલસી સ્થાપન તેમજ ૨૫ ઘરમાં દેવસ્થાપન, ઝોલા પુસ્તકાલય, સંસ્કારો તેમજ યજ્ઞ અને સ્વાધ્યાય તથા બાળ સંસ્કાર કેન્દ્ર ચલાવી રહ્યા છે. આ ક્ષેત્રમાં ગુરુદેવથી બીલકુલ અજાણ વ્યક્તિઓ હતી તે ફકત ત્રણ મહિનામાં ઝોલા પુસ્તકાલયના માધ્યમથી ખૂબ જ પ્રભાવિત થઈ. ઝોલા પુસ્તકાલયથી પ્રત્યેક ઘરનો સંપર્ક કરીને ચોપડી આપવાથી ખૂબ જ પ્રચાર થઈ રહ્યો છે. સાહિત્ય વાંચીને લોકોમાં નવો આનંદ જોઈ શકીએ છીએ.

**સરભોણ :** તાપી નદીમાં અચાનક આવી પડેલ પૂરના કારણે ક્ષેત્રમાં અતિશય નુકશાન થયું. આ સ્થિતિમાં રાહત આપવા માટે સ્થાનિક પરિજનોના પ્રયાસથી ગાયત્રી પરિવાર તેમજ મોક્ષ માર્ગીય પરિવાર તેમજ યુવાનોએ મળીને અનાજ, ચોખા, દાળ, લોટ તેમજ કપડાં તથા નાના બાળકો માટે બિસ્કુટ વગેરેની રાહત સામગ્રી સ્વહસ્તે વિતરણ કરી. આ રાહત સામગ્રી પહોંચાડવા શ્રીરામલાલ ગુપ્તાએ પોતાની ટાટા ગાડી પાંચ દિવસ માટે નિઃશુલ્ક આપી. સમાજ સેવાના આવા ભગીરથ કાર્ય માટે સૌને અભિનંદન.

**વલસાડ :** ગાયત્રી શક્તિપીઠ મુકામે ૧૩૦ મી ગાંધી જયંતિનાં શુભ પ્રસંગે મહિલા ઉત્થાનનાં કાર્યક્રમનાં ભાગરુપે મહિલાઓ માટે નિઃશુલ્ક છ માસ માટેનો સિવણ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૧૦૦ જેટલી બહેનોને પ્રવેશ આપી બે બેચમાં વર્ગો શરુ કરવામાં આવ્યા છે. જે વર્ગો નહેરુ યુવા કેન્દ્રનાં સહયોગથી શરુ કરવામાં આવ્યા છે.

**અંબાજી :** સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં અશ્વિન નવરાત્રિમાં સામુહિક અનુષ્ઠાનનો કાર્યક્રમ સંપન્ન થયો. ગાયત્રી પરિવારના પરિજન શ્રી શંકરભાઈ પટેલ અને તેમનાં ધર્મપત્નિ ડાહીબેન, શ્રીચેલારામ જોષી, શ્રી પોપટલાલ પટેલ, શ્રી અંબાલાલ પટેલ, શ્રીમતી ગોમતીબેન પટેલ તથા શ્રી જયંતીલાલ અને જયંતીભાઈ પટેલે અંબાજીમાં નવદિવસ રહી ગાયત્રી અનુષ્ઠાન કર્યું. આ અનુષ્ઠાન એક અનોખું અનુષ્ઠાન હતું. અંબાજીમાં આજ સુધી ગાયત્રી પરિવારની શાખા ન હોવાના કારણે આ આખુ યાત્રાધામ કે જયાં ભારતભરના હજારો યાત્રાળુઓ રોજ દર્શનાર્થે ઉભરાય છે. તે પૂજ્ય શ્રીની વિચારધારા, સાહિત્ય અને સદ્‌વાક્યોથી અપરિચિત રહ્યું હતું.

આ બધાજ પરિજનોએ જપ ઉપરાંત શ્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રી ચંદ્રકાંત પટેલ તેમજ શ્રી ગૌતમભાઈ પેઈન્ટરની મદદ લઈ સો ફૂટ દૂરથી વાંચી શકાય તેટલા મોટા અક્ષરે ઓઈલ પેઈન્ટથી પીળા રંગમાં બનાવેલ બોર્ડ પર કેસરી રંગથી ૧૦૮ સદ્‌વાક્યો લખવામાં આવ્યાં. જેની પ્રશંસા અંબાજી ગ્રામજનો અને યાત્રાળુઓએ કરી. બાજુમાં આવેલા કોટેશ્વર મહાદેવના સ્થાનકમાં પણ સદ્‌વાક્યો લખવામાં આવ્યા.

**બાયડ :** ગાયત્રી શક્તિપીઠના સક્રિય કાર્યકર શ્રી મનહરભાઈ પાછલા દિવસોમાં ગાયત્રી તપોભૂમિ આવ્યા. અચાનક તેમને યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના આગામા વર્ષે ૨૪૦૦ ગ્રાહકો બનાવવા માટે પ્રેરણા થઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભજતા ગાયત્રી માત સુખનો સાગર છલકે છે.
સાગર છલકે છે ને સંકટ ટળે છે.
ભજતા ગાયત્રી માત....
અક્ષર છે ત્રણ એનો મહિમા અપાર છે.
કલ્પ વૃક્ષ છાયા સમાન સુખનો સાગર છલકે છે.
ભજતા ગાયત્રી માત....
હંસ ઉપર માની શોભે સવારી.
કમલાસન પર માત સુખનો સાગર છલકે છે.
ભજતા ગાયત્રી માત....
પ્રગટ્યાં પુરણ પ્રેમ શાંતિકુંજ ધામમાં.
મથુરામાં પણ તુ માત સુખનો સાગર છલકે છે.
ભજતા ગાયત્રી માત....
જપ તપની જ્યોતી અહીં પ્રગટી પ્રમાણે.
અખંડ જ્યોતી પ્રસરાય સુખનો સાગર છલકે છે.
ભજતા ગાયત્રી માત....
ઋષિ સત્તાએ અહીં યજ્ઞો છે આધ્ર્યા.
નવરાત્રિ નવલી ઉજવાય સુખનો સાગર છલકે છે.
ભજતા ગાયત્રી માત....
ધન્ય ગુરુ ધન્ય ભગવતી માવડી.
ધન્ય ગુરુના ધામ સુખનો સાગર છલકે છે
ભજતા ગાયત્રી માત....

## • આહુતિ

બનાવી દે સુદર્શન ચક્ર મને....ને,
કરી લે દુષ્ટતાનો નાશ.
પાપીનો નહિ
પણ પાપનો જ નાશ થાય,
તેવી નીતિના
તારા મહાયજ્ઞમાં
એક આહુતિ થવાનું સદ્‌ભાગ્ય માંગુ
ક્ષમતા તો નથી મુજમાં
કે કરી લાવું સત્યની શોધ
એ સત્ય તો છે અસત્યની
શોકવાટિકામાં ક્યાંક કેદ !
પણ હું બનું
એક નાની ખિસકોલી
અનીતિના કિલ્લાને તોડવા
મહાપ્રયાણનો પંથ કંડારવા
મહાવીરોની પ્રચન્ડ શિલાઓ વચ્ચે
ખંખેરું મુજ પુરુષાર્થની,
ઝીણી ઝીણી રજ.
આશા ઉરે એટલી જ
કદીક તો થશે પ્રયત્ન સફળ આપણાં
ને જગ આનંદશે સ્નેહના અમીચાનથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.